પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક®

સાંધ્ય દૈનિક

શહેર આવૃત્તિ પાના:૧૪
તા. ૩-૧૦-૨૦૨૬, શનિવાર
વર્ષ: ૧૫, અંક: ૧૮૦

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

Price Rs.:4 ABATAK-RAJKOT 0281- 2461234, 2460999 94266 72303 abataknews@gmail.com @abtakmedia

ન્યુ રીનોવેટેડ A/C. લગ્નહોલ
A/C. હોલ તેમજ જમણ સાથે
હોટેલ ભાભા
આર્લેક સામે, રાજકોટ. ફોન : ૨૨૨૦૮૬૧ થી ૬૬

શું તમે કોઈ આવી તકલીફ થી પીડાવ છો ?
હરસ-મસા, ભગંદર, ફિશર ની સારવાર
ડૉ. મિલેશ નિમાવત
વેદાંત મલ્ટી સ્પેશ્યાલિટી હોસ્પિટલ
રોગ ની ગંભીરતા અનુસાર ઓપરેશન દ્વારા સચોટ નિદાન અને સારવાર
મોટી ટાંકી ચોક, રાજકોટ. આયુષ્માન કાર્ડ માં ઉપલબ્ધ

### સમયે પલટો લીધો, સમાજ બદલાશે?

# લિવ ઈનની નોંધણી ફરજિયાતઃ લિવ ઈનને લગ્ન જેટલો જ "દરજ્જો"!

## ૧ મહિનાથી વધુ સમય નોંધણી વગર લિવ ઈનમાં રહ્યા તો ૩ મહિનાની સજા થશેઃ ૨૧ વર્ષથી નીચેના લોકોના સંબંધોની વાલીઓને ફરજિયાત જાણ કરાશે

**અબતક, રાજકોટ**

એક સમય હતો જ્યારે ભારતીય સમાજમાં લગ્ન એ માત્ર બે વ્યક્તિઓનું મિલન નહીં, પરંતુ બે પરંપરાગત પરિવારો વચ્ચેનો અફર અને પવિત્ર સામાજિક કરાર ગણાતો. સ્વર્ગમાં નક્કી થતા ગણાતા લગ્નોમાં વડીલોની મંજૂરી, સામાજિક પ્રતિષ્ઠા અને આજીવન સંબંધ નિભાવવાની નૈતિક અને ધાર્મિક જવાબદારી મુખ્ય રહેતી. પરંતુ છેલ્લા કેટલાક દાયકાઓમાં સમયનો પલટો એવો આવ્યો છે કે ભારતીય સમાજનું આ મૂળભૂત માળખું જ ધીમે ધીમે બદલાઈ રહ્યું છે. આજે આપણો પરંપરાગત સમાજ એક એવા મોડ પર આવીને ઊભો છે જ્યાં લગ્ન સંસ્થા પ્રત્યે આજના યુવાનોનો મોહભંગ થઈ રહ્યો છે અને 'લિવ-ઈન રિલેશનશિપ' જેવી પશ્ચિમી સંસ્કૃતિની વિભાવના ભારતીય શહેરોમાં ઝડપથી પગપેસારો કરી રહી છે.

આજના યુવાનો લગ્નના મંડપ સુધી પહોંચતા પહેલાં સો વાર વિચાર કરતા થઈ ગયા છે. આ બદલાવ પાછળ કોઈ એક જ કારણ નથી, પરંતુ ઊંડા સામાજિક અને વૈયક્તિક પરિબળો ભાગ ભજવી રહ્યા છે. સમાજમાં કૌટુંબિક ઝઘડા, છૂટાછેડાના વધતા જતા કિસ્સાઓ અને વર્ષો સુધી અદાલતોમાં ચાલતી જટિલ કાનૂની પ્રક્રિયાઓએ યુવા મનમાં એક પ્રકારનો ડર પેદા કર્યો છે. આ ઉપરાંત, આજના યુગમાં સ્ત્રી અને પુરુષ બંને માટે આર્થિક આત્મનિર્ભરતા અને કરિયરની સફળતા પહેલી પ્રાથમિકતા બની ગયા છે. લગ્ન સાથે આવતી વિશાળ સામાજિક, પારિવારિક અને નાણાકીય જવાબદારીઓ પોતાના કરિયર અને વૈયક્તિક લક્ષ્યોમાં અડચણરૂપ ન બને તેવો ભય પણ યુવાનોને લગ્નના બંધનથી દૂર ધકેલી રહ્યો છે. સાથે જ, જૂના જમાનાની સરખામણીએ આજની પેઢી પોતાની પ્રાઈવસી અને વ્યક્તિગત મોકળાશ સાથે કોઈ પણ ભોગે સમાધાન કરવા તૈયાર નથી.

લગ્ન પ્રત્યેના આ ડર અને અચકાટની વચ્ચે 'લિવ-ઈન રિલેશનશિપ' યુવાનો માટે એક પ્રકારના 'ટ્રાયલ પિરિયડ' અથવા વિકલ્પ તરીકે ઉભરી આવ્યો છે. કાનૂની કે સામાજિક ગૂંચવણો વગર એકબીજા સાથે અનુકૂળતા છે કે નહીં તે ચકાસવા માટે અને સ્વતંત્ર રીતે સાથે રહેવા માટે યુગલો લિવ-ઈનનો માર્ગ પસંદ કરી રહ્યા છે. શિક્ષણ કે નોકરી અર્થે પોતાના ઘરથી દૂર રહેતા યુવાનો માટે મહાનગરોમાં મોંઘવારી વચ્ચે આર્થિક ખર્ચ વહેંચવો અને લાગણીશીલ આશરો મેળવવો એ પણ લિવ-ઈન તરફ આકર્ષાવાનું એક વ્યવહારુ કારણ બની ગયું છે. આ પરિસ્થિતિને કારણે ભારતીય સમાજમાં લગ્ન વિના સાથે રહેવાનો ક્રેઝ અભૂતપૂર્વ રીતે વધી રહ્યો છે.



જોકે, અત્યાર સુધી સામાજિક સ્વીકૃતિ વગર ચાલી રહેલા આ લિવ-ઈન સંબંધોમાં સૌથી મોટી ગંભીર સમસ્યા એ હતી કે તેમાં જોડાનાર ભાગીદારો, ખાસ કરીને મહિલાઓને કોઈ કાનૂની રક્ષણ મળતું નહોતું. પરંતુ ગુજરાતમાં અમલમાં આવી રહેલા યુનિફોર્મ સિવિલ કોડએ આ સામાજિક વાસ્તવિકતાને સ્વીકારીને એક મોટો કાયદાકીય નિર્ણય લીધો છે. ગુજરાતમાં રાષ્ટ્રપતિની મંજૂરી બાદ લાગુ થનારા નવા કાયદા હેઠળ હવે લિવ-ઈન રિલેશનશિપમાં રહેતા યુગલો માટે સરકારી નોંધણી (રજિસ્ટ્રેશન) કરાવવી ફરજિયાત બનાવવામાં આવી છે. એટલું જ નહીં, જો યુગલ ભવિષ્યમાં આ સંબંધનો અંત લાવવા માંગતું હોય તો તેની પણ સરકારી તંત્રને ઔપચારિક જાણ કરવી પડશે. આ જોગવાઈના કારણે અત્યાર સુધી બિનસત્તાવાર ગણાતા લિવ-ઈન સંબંધોને કાયદાકીય રીતે લગ્ન જેવો જ એક સત્તાવાર દરજ્જો, દાયરો અને મર્યાદા પ્રાપ્ત થશે.

આ નવા કાયદામાં માત્ર લિવ-ઈન જ નહીં પરંતુ સામાન્ય લગ્ન અને છૂટાછેડાનું રજિસ્ટ્રેશન પણ ફરજિયાત કરવામાં આવ્યું છે, અને નિયમભંગ બદલ

(અનુ. આઠમા પાને)

### યુનિફોર્મ સિવિલ કોડની મુખ્ય જોગવાઈઓ

**ફરજિયાત નોંધણીઃ** લગ્ન, છૂટાછેડા અને લિવ-ઈન સંબંધોનું રજિસ્ટ્રેશન ફરજિયાત; ભંગ બદલ ₹૧૦,૦૦૦ સુધીનો દંડ.

**મહિલા અને બાળ રક્ષણઃ** લિવ-ઇનથી જન્મેલા બાળકો કાયદેસર ગણાશે અને પીડિત મહિલાને ભરણપોષણનો હક મળશે.

**કડક સજાઃ** બહુપત્નીત્વ પર પ્રતિબંધ અને બળજબરીથી લગ્ન કરાવવા બદલ ૭ વર્ષ સુધીની જેલ.

**અદાલતી પ્રક્રિયાઃ** કોર્ટના હુકમ વિના અદાલત બહાર અપાતા ગેરકાયદે છૂટાછેડા સામે ૩ વર્ષની જેલની જોગવાઈ

**એસટી સમુદાયને મુક્તિઃ** બંધારણીય અધિકારો અંતર્ગત અનુસૂચિત જનજાતિ સમુદાયને આ કાયદામાંથી મુક્તિ અપાઈ છે.

# હવે કંડલા બંદરેથી ગ્રીન હાઈડ્રોજન જાપાન પહોંચશે

## કંડલા બંદર બનશે ગ્રીન હાઈડ્રોજન ડેરિવેટિવ્ઝનું ગ્લોબલ એક્સપોર્ટ હબઃ વાર્ષિક ૩ લાખ ટન ઉત્પાદનનું આયોજનઃ એલએન્ડટી અને જાપાની કંપની વચ્ચે મોટો સોદો

**અબતક, ગાંધીનગર**

હરિત ઊર્જા ક્ષેત્રે ભારતને વૈશ્વિક મહાસત્તા બનાવવા તરફ એક સીમાચિહ્નરૂપ પગલું ભરાયું છે, જેમાં ગ્રીન હાઈડ્રોજન પ્રોજેક્ટ માટે જાપાન સાથે મહત્વપૂર્ણ ભાગીદારી આકાર લઈ રહી છે. ગુજરાતના કંડલા (દીનદયાળ પોર્ટ) ખાતે ગ્રીન હાઈડ્રોજન અને ગ્રીન એમોનિયાના નિર્માણ માટે જાપાનની અગ્રણી ટ્રેડિંગ કંપની ઈતોચુ કોર્પોરેશન સાથે જોડાણ થઈ રહ્યું છે. આ પ્રોજેક્ટ અંતર્ગત ભારતીય ઈજનેરી ક્ષેત્રની દિગ્ગજ કંપની એલએન્ડટી પોતાના ક્લીન એનર્જી યુનિટમાં જાપાની કંપનીને લઘુમતી હિસ્સો આપવા તેમજ વાર્ષિક ૩ લાખ ટન પ્રોડક્ટના વૈશ્વિક સપ્લાય માટે ચર્ચા કરી રહી છે. આ મેગા પ્રોજેક્ટ થકી કંડલાને આંતરરાષ્ટ્રીય સ્તરે ગ્રીન હાઈડ્રોજન ડેરિવેટિવ્ઝના મુખ્ય નિકાસ કેન્દ્ર તરીકે પ્રસ્થાપિત કરવામાં આવશે.

કંડલા ખાતે આકાર લઈ રહેલા આ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ માટે એલ એન્ડ ટી એનર્જી ગ્રીનટેક લિમિટેડ દ્વારા મોટા પાયે જમીન મેળવીને પ્રક્રિયા તેજ બનાવવામાં આવી છે. કંપની દ્વારા વિરાટ જમીન પર ગ્રીન હાઈડ્રોજન અને ગ્રીન એમોનિયા પ્રોજેક્ટની પાયાની કામગીરી હાથ ધરાઈ છે. જાપાનની ઈતોચુ કોર્પોરેશન સાથેની આ ઐતિહાસિક ભાગીદારી માત્ર પ્લાન્ટ ડેવલપમેન્ટ પૂરતી સીમિત ન રહેતાં, વૈશ્વિક સ્તરે માર્કેટિંગ અને ઉત્પાદનની ખરીદી (ઑફટેક) માટે પણ મહત્વનું પીઠબળ પૂરું પાડશે. આ માટે ચાલુ વર્ષના એપ્રિલ માસમાં જ વાર્ષિક ૩ લાખ ટન ગ્રીન એમોનિયા સપ્લાય માટેનો લાંબા ગાળાનો 'ટેક-ઓર-પે' કરાર પણ કરી લેવામાં આવ્યો છે. કંપનીના ટોચના મેનેજમેન્ટના જણાવ્યા અનુસાર, જાપાનના ઈતોચુ ગ્રૂપ સાથે ઈક્વિટી પાર્ટિસિપેશન તેમજ ગ્રીન એમોનિયાના ઉપાડ બંને બાબતો પર વિસ્તૃત વાટાઘાટો ચાલી રહી છે. જોકે જાપાની કંપની કેટલા ટકા હિસ્સો હસ્તગત કરશે તે અંગેની વિગતો હજુ ગુપ્ત રાખવામાં આવી છે. એલ એન્ડ ટીના નાણાકીય વર્ષ ૨૦૨૬ના વાર્ષિક અહેવાલમાં પણ કંડલા સ્થિત વાર્ષિક ૩૦૦ કિલો ટનની ક્ષમતાવાળા આ પ્રોજેક્ટને ઊર્જા સંક્રમણ (એનર્જી ટ્રાન્ઝિશન) રણનીતિનો મુખ્ય આધારસ્તંભ ગણાવવામાં આવ્યો છે. આગામી દિવસોમાં બાહ્ય મૂડી આકર્ષવા અને પ્રોજેક્ટને નાણાકીય રીતે વધુ સદ્ધર બનાવવા અન્ય આંતરરાષ્ટ્રીય રોકાણકારોને પણ લઘુમતી હિસ્સો ઓફર કરવાની વિચારણા ચાલી રહી છે. સમગ્ર વિશ્વ જ્યારે કાર્બન ઉત્સર્જન ઘટાડીને ગ્રીન એનર્જી તરફ વળી રહ્યું છે ત્યારે કંડલા સ્થિત આ સંકુલ ગ્રીન હાઈડ્રોજન આધારિત ઉત્પાદનો માટે ગેમચેન્જર સાબિત થશે. ભારત સરકારે દેશને હરિત હાઈડ્રોજનના વૈશ્વિક હબ તરીકે વિકસાવવાના નિર્ધાર સાથે જે પ્રોત્સાહનો આપ્યાં છે, તેને જાપાન જેવા ટેકનોલોજીકલ જાયન્ટ દેશના સાથથી નવી દિશા મળશે. કંડલા બંદરનું વ્યૂહાત્મક ભૌગોલિક સ્થાન હોવાથી અહીંથી જાપાન તેમજ પૂર્વ એશિયા અને યુરોપના બજારોમાં ગ્રીન હાઈડ્રોજન ડેરિવેટિવ્ઝની નિકાસ અત્યંત ઝડપી અને સરળ બનશે.




### શિપિંગ ઉદ્યોગ માટે નવું ઈંધણઃ સિંગાપોરમાં બંકરિંગ કામગીરીને મળશે મોટો ટેકો

કંડલા પ્લાન્ટમાંથી તૈયાર થનારા ગ્રીન એમોનિયાનો ઉપયોગ આંતરરાષ્ટ્રીય દરિયાઈ જહાજો માટે નેક્સ્ટ જનરેશન મરીન ફ્યુઅલ તરીકે કરવામાં આવશે. જાપાનની ઈતોચુ કંપની સિંગાપોર સહિત વિશ્વભરના વ્યૂહાત્મક બંદરો પર શિપિંગ ઉદ્યોગ માટે બંકરિંગ (ઈંધણ પૂરવઠા) નેટવર્ક ધરાવે છે. કંડલાથી થનારો આ સપ્લાય વૈશ્વિક શિપિંગ સેક્ટરને પરંપરાગત પ્રદૂષિત ઈંધણમાંથી મુક્ત કરી લો-કાર્બન કામગીરી તરફ વાળવામાં નિર્ણાયક સાબિત થશે. દરિયાઈ પરિવહનમાં ગ્રીનહાઉસ વાયુઓનું ઉત્સર્જન ઘટાડવા માટે ભારત-જાપાનનું આ જોડાણ વૈશ્વિક સ્તરે સીમાચિહ્ન રૂપ બનશે.

# ગિફ્ટને ૨૫ જિલ્લા સાથે જોડી દેવા બસ સેવા શરૂ કરાશે

## મેટ્રોની મર્યાદિત ફ્રિકવન્સીને પગલે રાત્રે મોડે સુધી કામ કરતા કર્મચારીઓ માટે બસ સેવા આશિર્વાદરૂપ બનશે

**અબતક, ગાંધીનગર**

ગાંધીનગર સ્થિત ગિફ્ટ સિટીમાં દિન-પ્રતિદિન વધતા કર્મચારીઓની સંખ્યાને ધ્યાનમાં રાખીને પબ્લિક ટ્રાન્સપોર્ટમાં મોટો વધારો થવા જઈ રહ્યો છે. મેટ્રો ટ્રેનના મર્યાદિત સમયને કારણે પડતી મુશ્કેલીઓ નિવારવા ગિફ્ટ સિટીને અમદાવાદ અને ગાંધીનગર સાથે જોડવા માટે ૨૫ નવી ઈલેક્ટ્રિક બસો શરૂ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. ગ્લોબલ ટાઈમ ઝોનમાં કામ કરતા કર્મચારીઓ માટે આ બસ સેવા મોડી રાત સુધી ઉપલબ્ધ રહેશે. આ ઉપરાંત અંદરના વિસ્તારોમાં પણ શટલ સેવાઓ શરૂ કરી ટ્રાન્સપોર્ટ વ્યવસ્થાને વધુ સુવિધાજનક બનાવવા માટે દિવાળી પછી નવી પેઈડ પાર્કિંગ સિસ્ટમ લાગુ કરવામાં આવશે.

ગિફ્ટ સિટીમાં હાલ મેટ્રો કનેક્ટિવિટી ઉપલબ્ધ છે પરંતુ તેની મર્યાદિત ફ્રિકવન્સીના કારણે કર્મચારીઓને મુશ્કેલી પડી રહી છે.

(અનુ. આઠમા પાને)



### કંપનીઓને કર્મચારીઓની સંખ્યા મુજબ પાર્કિંગ ક્વોટા ફાળવાશે

સૂચિત પાર્કિંગ સિસ્ટમ હેઠળ ગિફ્ટ સિટીમાં કાર્યરત કંપનીઓને તેમના કર્મચારીઓની સંખ્યા અને યુનિટ વિસ્તારના આધારે પાર્કિંગ ક્વોટા ફાળવવામાં આવશે. કંપનીઓ સિનિયોરિટી, કર્મચારીની જરૂરિયાતો, કારપૂલિંગ અથવા આંતરિક પોલિસીના આધારે સ્ટાફ વચ્ચે આ જગ્યાઓનું વિતરણ કેવી રીતે કરવું તે જાતે નક્કી કરશે. આ વ્યવસ્થાનો ઉદ્દેશ્ય નવી પાર્કિંગ સુવિધાઓ વારંવાર ઊભી કરવાને બદલે હાલના સપ્લાયમાં જ માંગને મેનેજ કરવાનો છે. રિઝર્વ્ડ પાર્કિંગ માટે સૌથી વધુ ચાર્જ રહેશે જ્યારે કામચલાઉ પાર્કિંગ માટે સૌથી ઓછા દરો નક્કી કરાશે.

### "ગમે તેને" પાયલોટ બેસાડી હવાઈ સફર જોખમી

# ઓમાને હટાવેલા "પેલેસ્ટાઈનવાદી" કો-પાયલોટ વિમાન દુર્ઘટના સર્જી અંધાધૂંધી ફેલાવી દેત!

## ભારતીય પાયલોટ સ્મિત મચ્છરે સમયસૂચકતા અને સાહસ ન દાખવ્યું હોત, તો ફ્લાઈટ ક્રેશ થઈને વિમાનમાં સવાર તમામ ૧૭૪ મુસાફરોના જીવ હોમાઈ ગયા હોત!

**અબતક, રાજકોટ**

હવાઈ સફર કરતી વખતે મુસાફરો પોતાના જીવની તમામ જવાબદારી વિમાન ઉડાડતા પાયલોટના હાથમાં સોંપી દેતા હોય છે. પરંતુ જો પાયલોટની સીટ પર જ કોઈ કટ્ટરપંથી કે ઉગ્રવાદી વિચારધારા ધરાવતી વ્યક્તિ બેસી જાય, તો એ હવાઈ સફર કેટલી જોખમી સાબિત થઈ શકે તેનો ધ્રુજાવી દેનારો કિસ્સો તાજેતરમાં સામે આવ્યો છે. કોઈપણ વ્યક્તિની યોગ્ય પૃષ્ઠભૂમિ, માનસિક સ્થિતિ કે ભૂતકાળની ગંભીર તપાસ કર્યા વિના તેને કોકપિટની જવાબદારી સોંપી દેવી એ સેંકડો નિર્દોષ મુસાફરોના જીવ સાથે રમત રમવા સમાન છે.

દુબઈથી ઈઝરાયેલના તેલ અવીવ જઈ રહેલી ફ્લાયદુબઈની ફ્લાઈટમાં ઓમાની નાગરિક કો-પાયલોટ હમામ અલહમામીએ કોકપિટની અંદર જ મુખ્ય ભારતીય કપ્તાન કેપ્ટન સ્મિત મછાર પર અચાનક હિંસક હુમલો કરી દીધો હતો.

આ સનસનાટીભર્યા કિસ્સામાં સૌથી ચોંકાવનારો ખુલાસો એ થયો છે કે હુમલો કરનાર ઓમાની કો-પાયલોટ હમામ અલહમામી પહેલાંથી જ શંકાસ્પદ અને કટ્ટરપંથી વલણ ધરાવતો હતો. ગત વર્ષે જ ઓમાનની રાષ્ટ્રીય એરલાઈન 'ઓમાન એર' દ્વારા તેની ઉગ્રવાદી વિચારધારાના કારણે તેને પાયલોટ તાલીમની કામગીરીમાંથી હટાવી દેવામાં આવ્યો હતો. આટલું જ નહીં, તેની અંગત વસ્તુઓની તપાસ કરતા તેમાંથી 'ફ્રી પેલેસ્ટાઈન' જૂથોના પત્રિકાઓ, પ્રો-પેલેસ્ટાઈન સાહિત્ય તથા ઈઝરાયેલ પ્રત્યે નફરત ફેલાવતી સામગ્રી મળી આવી છે. તે ઓમાની પિતા અને સીરિયન માતાનો પુત્ર છે અને સીરિયામાં રોકાણ દરમિયાન તે ઉગ્રવાદી વિચારોથી પ્રભાવિત થયો હોવાની આશંકા છે.

આટલી ગંભીર અને વિવાદિત

(અનુ. આઠમા પાને)



# ફળકથન — સાપ્તાહિક રાશિ ભવિષ્ય

પં.ડો. હિતેષ એ. મોઢા
મો.૯૮૭૯૪૯૯૩૦૭

## મેષ — અ,લ,ઈ

ખાનગી શરાફી પેઢીના જાતક, નોન-બેંકિંગ એકમના જાતક તથા બેન્કિંગ-ફાઈનાન્સ એકમ સાથે જોડાયેલ તમામ જાતક એવમ ખાનગી મેનેજમેન્ટ ફર્મના જાતક માટે આ સપ્તાહ અર્ધ-મધ્યમ અથવા પ્રતિકૂળ નીવડશે તેવી પૂર્ણ સંભાવના. માર્ગદર્શન પ્રદાન કરતા સર્વિસ બિઝનેસના જાતક માટે આ સપ્તાહ બહુ લાભકારી નીવડશે. તમામ કદના, તમામ પ્રકારના ઔદ્યોગિક એકમના જાતક તથા વ્યાપારિક એકમના જાતક માટે આ સપ્તાહ હળવું લાભકારી નીવડશે. છૂટક (નાના) વ્યાપારિક એકમના જાતક માટે આ સપ્તાહ લાભદાયક રહેશે. સરકારી ક્ષેત્રના કર્મચારી એવમ ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ પણ સાનુકૂળ નીવડશે. કુટુંબ-પરિવાર તથા સ્નેહી, મિત્ર સાથે લાંબા પ્રવાસ થાય તેવા સંયોગ છે. વિદ્યાર્થી, નિવૃત્ત, ગૃહિણી, મહિલા કર્મી માટે આ સપ્તાહ પણ સાનુકૂળ નીવડશે. ૯ તથા ૧૦ ઓક્ટોબર મધ્યમ જણાશે. (પન્નોતિનો ઉપાય, ન્યાયિક માર્ગ)

## વૃષભ — બ,વ,ઉ

ફેબ્રિક ફર્નિશિંગ એકમના ઔદ્યોગિક જાતક તથા તેના વ્યાપારિક એકમના જાતક માટે આ સપ્તાહ અત્યધિક લાભદાયક નીવડશે તેવી પૂર્ણ સંભાવના. કુટિર તથા નાના ઔદ્યોગિક એકમના જાતક તથા છૂટક વ્યાપારિક એકમના જાતક માટે આ સપ્તાહ દોડધામવાળું એવમ હળવું લાભકારી નીવડશે. આ સિવાયના અન્ય તમામ ઔદ્યોગિક એકમ તથા જથ્થાબંધ વ્યાપારિક એકમના જાતક માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તથા ખાનગી એકમના તમામ કર્મચારી માટે આ સપ્તાહ પણ લાભદાયક નીવડશે. આ સપ્તાહે સગા-સ્નેહી સાથે મતભેદ થઈ શકે તેવા સંયોગ અને સંભાવના. મહિલા કર્મી, ગૃહિણી, નિવૃત્ત તથા વિદ્યાર્થી માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. ૬ તથા ૮ ઓક્ટોબર અર્ધ-મધ્યમ નીવડશે.

## મિથુન — ક,છ,ઘ

બ્રાન્ડેડ એવમ રેડીમેડ ગાર્મેન્ટના આઉટલેટના જાતક, તથા ફેશન એસેસરી, કોસ્મેટિકના ઉત્પાદક તથા વિક્રેતા જાતક તથા બ્યુટી પાર્લરના જાતક માટે આ સપ્તાહ ખૂબ લાભકારક નીવડશે તેવી પૂર્ણ સંભાવના. પ્રકાશક, લેખક, સાહિત્યકાર તથા પ્રોકલેમ સેલિબ્રિટી માટે આ સપ્તાહ હળવું પ્રતિકૂળ અથવા સરેરાશ નીવડે તેવી સંભાવના છે. ઔદ્યોગિક એકમના જાતક માટે આ સપ્તાહ અર્ધ-સાનુકૂળ નીવડશે. વ્યાપારિક એકમના જાતક માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તથા ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. મિત્ર, સ્નેહી તરફથી સાથ-સહકાર મળશે તેવી પૂરી સંભાવના. વર્કિંગ વુમન, ગૃહિણી તથા વિદ્યાર્થી માટે આ સપ્તાહ આરામદાયી અને સુખદાયક નીવડશે. ૮ ઓક્ટોબર સાધારણ નીવડશે.

## કર્ક — ડ,હ

પ્લાસ્ટિક ઉત્પાદન, પ્રિન્ટિંગ તેમજ તેને સંબંધિત પેકેજિંગ એકમના વ્યાપારિક અને ઉત્પાદક જાતક માટે આ સપ્તાહ અત્યંત વ્યસ્ત એવમ બહુ લાભદાયક નીવડશે તેવી પૂરી શક્યતા છે. જ્યારે આ ક્ષેત્રના રો-મટિરિયલ અને કલર-કેમિકલના વ્યાપારિક એકમના જાતક માટે આ સપ્તાહ સાવ સરેરાશ નીવડશે. આ સિવાયના અન્ય ઔદ્યોગિક એકમવાળા જાતક માટે આ સપ્તાહ પણ હળવું લાભકારી રહેશે. વ્યાપારિક એકમના જાતક માટે આ સપ્તાહ સાવ સરેરાશ અથવા પ્રતિકૂળ રહે તેવી પૂર્ણ સંભાવના. ખાનગી ક્ષેત્રના કર્મચારી તથા સરકારી કર્મચારી માટે હજુ આ સપ્તાહ પણ સાનુકૂળ જણાશે. મહિલા કર્મી, ગૃહિણી, નિવૃત્ત, વિદ્યાર્થી માટે હજુ આ સપ્તાહ પણ હળવું લાભકારી જણાશે. ૭ ઓક્ટોબર સરેરાશ નીવડશે.

## સિંહ — મ,ટ

જન્માક્ષરમાં શનિની વિષમ સ્થિતિ ધરાવતા હોય તેવા જાતક માટે આ સપ્તાહ પ્રતિકૂળ નીવડશે. ઓટોમોબાઈલ એકમના જાતક તથા વાહનના ધાતુના સ્પેરપાર્ટના ઔદ્યોગિક એકમના જાતક માટે આ સપ્તાહ અર્ધ-સાનુકૂળ નીવડશે. આ સિવાયના અન્ય ઔદ્યોગિક એકમના જાતક તથા વ્યાપારિક એકમના જાતક માટે આ આખું સપ્તાહ ભારે વ્યસ્ત અને તણાવપૂર્ણ નીવડશે. પરંતુ નાના તથા વધુ પરિશ્રમવાળા વ્યાપારિક એકમના જાતક માટે આ સમયગાળો બહુ લાભકારક નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તથા ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ પણ આંશિક રીતે લાભકારી નીવડશે. વિદ્યાર્થી, નિવૃત્ત તથા મહિલા કર્મી તેમજ ગૃહિણી વર્ગ માટે એકંદરે આ સપ્તાહ સાનુકૂળ રહેશે. ૧૦ ઓક્ટોબર સામાન્ય નીવડશે.

## કન્યા — પ,ઠ,ણ

આ સપ્તાહ દરમિયાન ધંધા-વ્યવસાયના હેતુસર દોડધામ તથા પ્રવાસ થવાની પ્રબળ શક્યતા છે. સરકારી ક્ષેત્રના તમામ કર્મચારીઓ માટે આ સપ્તાહ હળવા સંઘર્ષ અને ચડાવ-ઉતારવાળું રહે તેવી પૂર્ણ સંભાવના. દરેક કદના, દરેક પ્રકારના ઔદ્યોગિક એકમના જાતક માટે આ સપ્તાહ લાભકારી-સાનુકૂળ નીવડશે. કુટિર એવમ લઘુ ઉદ્યોગ સાથે જોડાયેલ જાતક માટે આ સપ્તાહ વિશેષ લાભદાયક નીવડશે. મોટા વ્યાપારિક એકમના જાતક તેમજ છૂટક વ્યાપારિક જાતક માટે આ આખું સપ્તાહ ભારે દોડધામવાળું પરંતુ લાભદાયક નીવડશે. ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ પણ લાભકારી જણાશે. સગા તરફથી સહકાર મળે તેવી શક્યતા છે. વિદ્યાર્થી, મહિલા કર્મી, ગૃહિણી તથા નિવૃત્ત માટે આ સપ્તાહ પણ આરામદાયક રહેશે. ૫ ઓક્ટોબર મધ્યમ જણાશે.

## તુલા — ર,ત

સર્વિસ બિઝનેસના જાતક, ફાઈનાન્સ રિલેટેડ એકમના જાતક, એજન્સીઝ અને શરાફી પેઢીના જાતક માટે આ સપ્તાહ સાનુકૂળ અથવા હળવું પ્રતિકૂળ નીવડશે તેવી પૂર્ણ સંભાવના. દરેક કદના, દરેક પ્રકારના ઔદ્યોગિક એકમના જાતક તથા મોટા વ્યાપારિક એકમના જાતક માટે આ સપ્તાહ સાનુકૂળ પરંતુ ભારે દોડધામવાળું નીવડશે. છૂટક વ્યાપારિક એકમના જાતક માટે આ સપ્તાહ બહુ લાભદાયક નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તથા ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ પણ હળવું લાભકારી નીવડશે. કુટુંબ-પરિવાર તરફથી સુખ-શાંતિ અને મળતો સહકાર યથાવત રહેશે. વિદ્યાર્થી, નિવૃત્ત તથા મહિલા કર્મી-ગૃહિણી માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. ૬ ઓક્ટોબર મધ્યમ જણાશે.

## વૃશ્ચિક — ન,ય

આ સપ્તાહ દરમિયાન ધંધા-વ્યવસાય હેતુ લાંબો પ્રવાસ થાય અને સાથે હળવો પરિશ્રમ રહેશે તેવી પૂર્ણ સંભાવના. સર્વિસ બિઝનેસના જાતક માટે પ્રવાસ એવમ પુષ્કળ આર્થિક લાભ થઈ શકે તેવી સંભાવના. દરેક પ્રકારના, દરેક કદના ઔદ્યોગિક એકમના જાતક તથા મોટા વ્યાપારિક એકમના જાતક માટે આ સપ્તાહ દરમિયાન હળવા સંઘર્ષ સાથે સાનુકૂળતા જણાશે. છૂટક વ્યાપારિક માટે આ સપ્તાહ લાભકારી સાથે અતિશય દોડધામવાળું જણાશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તથા ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ અર્ધ-લાભદાયક નીવડશે. કુટુંબ-પરિવારમાં સુખ-શાંતિ યથાવત રહેશે તેવી શક્યતા. વિદ્યાર્થી, મહિલા કર્મી, નિવૃત્ત તથા ગૃહિણી માટે આ સપ્તાહ સાનુકૂળ રહેશે. ૯ ઓક્ટોબર સરેરાશ જણાશે.

## ધન — ભ,ફ,ધ,ઢ

બ્રાન્ડેડ ગાર્મેન્ટ એવમ રેડીમેડ ગાર્મેન્ટના આઉટલેટ ધરાવતા જાતક, ફેશન એસેસરીઝ, શૂ-વેરના ઉત્પાદક તથા વિક્રેતા જાતક અને બ્યુટી પાર્લરના જાતક માટે આ સપ્તાહ ખૂબ જ લાભદાયક નીવડશે તેવી પૂર્ણ સંભાવના. વિચારક, લેખક, સાહિત્યકાર, પ્રોકલેમ સેલિબ્રિટી માટે આ સપ્તાહ હળવું સાનુકૂળ રહેશે. આ સિવાયના, અન્ય ઔદ્યોગિક એકમના જાતક માટે આ સપ્તાહ લાભદાયક નીવડશે. વ્યાપારિક એકમના જાતક માટે આ સપ્તાહ સાનુકૂળ તથા સરેરાશ નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી એવમ ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ પણ લાભદાયક નીવડશે. મિત્ર, સ્નેહી તરફથી સાથ-સહકાર મળે તેવી સંભાવના છે. નિવૃત્ત, મહિલા કર્મી, ગૃહિણી તથા વિદ્યાર્થી માટે આ સપ્તાહ પણ સાનુકૂળ નીવડશે. ૭ ઓક્ટોબર સાધારણ રહેશે.

## મકર — ખ,જ

નાના ઔદ્યોગિક એકમના જાતક માટે આ સપ્તાહ અત્યધિક લાભકારી નીવડે તેવી પૂર્ણ સંભાવના. ઈલેક્ટ્રિસિટી રિલેટેડ પ્રોડક્શનના ઔદ્યોગિક એવમ વ્યાપારિક એકમના જાતક માટે આ સપ્તાહ બહુ લાભદાયક નીવડશે. ડેરી એકમના જાતક માટે આ સપ્તાહ અર્ધ-લાભદાયક નીવડશે. આ સિવાયના અન્ય તમામ ઔદ્યોગિક એકમના જાતક માટે આ સપ્તાહ હળવું લાભકર્તા અથવા સાનુકૂળ રહેશે. જથ્થાબંધ વ્યાપારિક એકમના તમામ જાતક માટે લાભકારી સપ્તાહ. પરિશ્રમી વ્યાપારિક જાતક માટે આ સપ્તાહ લાભદાયી નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તથા ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ વ્યસ્ત એવમ સાનુકૂળ નીવડશે. વિદ્યાર્થી, નિવૃત્ત, મહિલા કર્મી, ગૃહિણી માટે આ સપ્તાહ પણ સાનુકૂળ નીવડશે. ૪ ઓક્ટોબર મધ્યમ નીવડશે.

## કુંભ — ગ,શ,ષ

મોટા અને વિશાળ ઈન્ડસ્ટ્રીયલ એકમના જાતક એવમ પોર્ટ ટ્રાન્સપોર્ટેશન એકમના જાતક માટે આ સપ્તાહ દરમિયાન ભારે દોડધામ થશે, સાથે અત્યધિક લાભ પણ મળશે તેવી પૂર્ણ સંભાવના. આ સિવાયના હેવી-હ્યુજ અને પરિશ્રમવાળા દરેક ઔદ્યોગિક વ્યાપારિક એકમના જાતક માટે આ સપ્તાહ બહુ લાભદાયક નીવડશે. આ સિવાય, અન્ય તમામ પ્રકારના ઔદ્યોગિક એકમના જાતક તેમજ વ્યાપારિક એકમના જાતક માટે આ સપ્તાહ સાનુકૂળ તથા ભાગદોડવાળું નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તેમજ ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ હળવું લાભદાયક નીવડશે. કુટુંબીજન તથા સ્નેહી તરફથી સાથ-સહકાર મળે તેવી પૂરી સંભાવના છે. મહિલા કર્મી, ગૃહિણી તથા વિદ્યાર્થી એવમ નિવૃત્ત માટે આ સપ્તાહ પણ લાભદાયક નીવડશે. ૪ ઓક્ટોબર સામાન્ય જણાશે. (પન્નોતિનો ઉપાય, શ્રમદાન)

## મીન — દ,ચ,ઝ,થ

સોલાર પેનલ ઉત્પાદન એકમના જાતક, વિક્રેતા એકમના જાતક, ગ્રીન એનર્જી કન્સલ્ટન્સી એકમના તમામ જાતક તથા સોફ્ટવેર ડેવલપર્સ, આઈટી રિલેટેડ એકમના સર્વ જાતક માટે આ સપ્તાહ સાવ સરેરાશ અથવા પ્રતિકૂળ રહેશે તેવી પૂર્ણ સંભાવના. સ્મોલ-સ્કેલ મશીનરીઝના ઔદ્યોગિક એકમના જાતક, નાના ઉદ્યોગ તથા નાના વ્યાપારિક એકમના જાતક માટે આ સપ્તાહ હળવું લાભદાયી નીવડશે. આ સિવાયના, અન્ય તમામ ઔદ્યોગિક એકમના જાતક તથા તમામ વ્યાપારિક એકમના જાતક માટે હજુ આ સપ્તાહ સરળ અને સાનુકૂળ નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તથા ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ ભારે વ્યસ્ત રહે તેવી પૂર્ણ શક્યતા છે. મહિલા કર્મી, ગૃહિણી, નિવૃત્ત તથા વિદ્યાર્થી માટે આ સપ્તાહ પણ અર્ધ-મધ્યમ નીવડશે. ૯ ઓક્ટોબર સાવ સરેરાશ નીવડશે. (પન્નોતિનો ઉપાય, દાન + અભ્યંગ સ્નાન)

### વાયરસ અને બેક્ટેરિયાઃ શરીરના મિત્ર કે શત્રુ ?

# આપણા શરીરની અંદરનો અદૃશ્ય જંગઃ વાયરસ, બેક્ટેરિયા અને રોગપ્રતિકારક તંત્ર

**મોટાભાગના વાયરસ માનવ શરીરમાં પ્રવેશીને આપણા કોષોની અંદર પોતાની સંખ્યા વધારે છે, અને ફ્લૂ, શરદી, ડેન્ગ્યુ, કોવિડ-૧૯ જેવી વિવિધ બીમારીઓનું કારણ બની શકે છેઃ કેટલાક વાયરસ નો ઉપયોગ રસી, સંશોધન અને આધુનિક જૈવચિકિત્સામાં પણ થાય છે**

આંખે અદૃશ્ય અને અસરોમાં વિશાળ એવા વાયરસ-બેક્ટેરિયાનું વિશ્વ ખૂબ જ રહસ્યમય છે. આજના યુગમાં નવા નવા વાયરસ આવતા જ રહેવાના છે, આપણે તેની સાથે જીવતા શીખી જવું પડશે. વાયરસ અને બેક્ટેરિયા બંને સૂક્ષ્મજીવો છે, પરંતુ તેમની રચના અને શરીર પરની અસર અલગ છે. મોટાભાગના વાયરસ માનવ શરીરમાં પ્રવેશીને આપણા કોષોની અંદર પોતાની સંખ્યા વધારે છે અને ફ્લૂ, શરદી, ડેન્ગ્યુ, કોવિડ-૧૯ જેવી વિવિધ બીમારીઓનું કારણ બની શકે છે. જોકે કેટલાક વાયરસનો ઉપયોગ રસી, સંશોધન અને આધુનિક જૈવચિકિત્સામાં પણ થાય છે. આજે વિશ્વના ઘણા દેશોમાં વાયરસ પ્રશંસા દિવસની ઉજવણી થઈ રહી છે.

બીજી તરફ બધા બેક્ટેરિયા હાનિકારક હોતા નથી. આપણા આંતરડામાં રહેલા કેટલાક ઉપયોગી બેક્ટેરિયા પાચનક્રિયા, કેટલાક વિટામિનોના નિર્માણ અને શરીરની રોગપ્રતિકારક વ્યવસ્થાને સહકાર આપે છે. દહીં જેવા ફર્મેન્ટેડ ખોરાકમાં રહેલા કેટલાક બેક્ટેરિયા પણ આરોગ્ય માટે ઉપયોગી બની શકે છે. જોકે હાનિકારક બેક્ટેરિયા ટાઈફોઈડ, ન્યુમોનિયા, ક્ષયરોગ તથા અન્ય ચેપનું કારણ બની શકે છે.શરીરમાં થતી આંતરિક અને શારીરિક અસરો વાયરસ અથવા હાનિકારક બેક્ટેરિયા શરીરમાં પ્રવેશ્યા પછી રોગપ્રતિકારક તંત્ર તેમને ઓળખીને તેમની સામે પ્રતિક્રિયા શરૂ કરે છે. આ પ્રક્રિયામાં સોજો, તાવ, થાક, શરીરમાં દુખાવો, ભૂખમાં ઘટાડો જેવા લક્ષણો જોવા મળી શકે છે. કેટલાક બેક્ટેરિયા ઝેર ઉત્પન્ન કરીને કોષો અને પેશીઓને નુકસાન પહોંચાડી શકે છે, જ્યારે વાયરસ સંક્રમિત કોષોની કાર્યક્ષમતાને અસર કરી શકે છે. ગંભીર ચેપમાં ફેફસાં, આંતરડાં, યકૃત અથવા અન્ય અંગોની કામગીરી પણ અસરગ્રસ્ત થઈ શકે છે. બીજી તરફ, શરીરમાં રહેલું સ્વસ્થ માઈક્રોબાયોમ હાનિકારક સૂક્ષ્મજીવો સામે રક્ષણ આપવામાં અને આંતરિક સંતુલન જાળવવામાં મદદ કરે છે. તેથી દરેક બેક્ટેરિયા કે વાયરસને માત્ર ખરાબ માનવું યોગ્ય નથી, તેની અસર તેના પ્રકાર, સંક્રમણનું સ્થળ, માત્રા અને વ્યક્તિની રોગ પ્રતિકારક સ્થિતિ પર આધારિત હોય છે. માનવ ઈતિહાસમાં અનેક વાયરસે ગંભીર રોગચાળા અને મહામારીઓ સર્જી છે. સ્મોલપોક્સ, ૧૯૧૮ની H1N1 ઈન્ફ્લુએન્ઝા, ૧૯૫૭ની H2N2 અને ૧૯૬૮ની H3N2 ફ્લૂ મહામારી, HIV/AIDS, SARS, MERS, Ebola A"¡ SARS-CoV-૨ જેવા વાયરસોએ માનવ આરોગ્ય પર મોટી અસર કરી છે. ખાસ કરીને ૧૯૧૮ની ઈન્ફ્લુએન્ઝા મહામારીથી વિશ્વભરમાં અંદાજે પાંચ કરોડ કે તેથી વધુ લોકોનાં મૃત્યુ થયાં હતાં, જ્યારે સ્મોલપોક્સને રસીકરણના વૈશ્વિક અભિયાનથી ૧૯૮૦માં વિશ્વમાંથી નાબૂદ જાહેર કરવામાં આવ્યો. ૨૦૧૯થી ફેલાયેલા SARS-CoV-2A¡ COVID-૧૯ મહામારી સર્જી અને સમગ્ર વિશ્વની આરોગ્યવ્યવસ્થા, અર્થતંત્ર તથા સામાજિક જીવનને અસર કરી હતી. નવા વાયરસ સતત ઊભા થતા રહે છે, અને કેટલાક સ્થાનિક સ્તરે જ રોગચાળા સર્જે છે, તેથી વૈજ્ઞાનિકો વાયરસની સતત દેખરેખ, સંશોધન, રસી વિકાસ અને મહામારી સામેની તૈયારીને અત્યંત મહત્વ આપે છે. વાયરસ માનવ અસ્તિત્વનો એક ભાગ છે અને આપણા જીવનના દરેક શક્ય ક્ષેત્ર પર આક્રમણ કર્યું છે, આપણા જીવંત શરીરથી લઈને વર્લ્ડ વાઈડ વેબના સિલિકોન માર્ગો સુધી. સદનસીબે કમ્પ્યુટર વાયરસ ખરેખર મનુષ્યોને ચેપ લગાવી શકતા નથી, અને તેનાથી વિપરીત પણ તેનો અર્થ એ નથી કે વાયરસ હાનિકારક છે. આજનો દિવસ તમામ પ્રકારના વાયરસનો આનંદ માણવા અને તેમનો આદર કરવા પ્રોત્સાહિત કરે છે, અને તેમના આપણા જીવન અને વિશ્વ પર પડેલા અદ્ભુત પ્રભાવને પણ ધ્યાનમાં લે છે.




૧૯૧૮ના ઈન્ફ્લ્યુએન્ઝા રોગચાળાએ વાઈરોલોજીમાં પ્રગતિને વેગ આપ્યો, જેના કારણે ૧૯૪૦ના દાયકામાં પ્રથમ ઈન્ફ્લ્યુએન્ઝા રસીનો વિકાસ થયો.તેવી જ રીતે, ૧૯૧૫માં બેક્ટેરિયોફેજ ની શોધથી આનુવંશિક સંશોધન માટેના સાધનો તરીકે વાયરસની સમજમાં ક્રાંતિ આવી, દવા અને જીવવિજ્ઞાનમાં વાયરસની ભૂમિકા માટે ઊંડી સમજને પ્રોત્સાહન આપે છે.૨૦૦૩માં શોધાયેલ મીમીવાયરસ તેના વિશાળ કદ અને જટિલ જીનોમને કારણે વૈજ્ઞાનિકોને મૂંઝવણ માં મૂકી ગયો.મોટાભાગના વાયરસથી વિપરીત, તેમાં પ્રોટીન સંશ્લેષણ માટે જનીનો હોય છે, જે વાયરસ અને કોષીય જીવન વચ્ચેની રેખાને ઝાંખી પાડે છે. તેની શોધે વાયરસની પરંપરાગત વ્યાખ્યાઓને પડકાર ફેંક્યો હતો.

**નોલેજ કોર્નર**



ડો.અરૂણ દવે
મો.૯૮૨૫૦૭૮૦૦૦

માનવ ડીએનએમાં પ્રાચીન વાયરસના અવશેષો હોય છે, જેને એન્ડોજેનસ રેટ્રોવાયરસ કહેવાય છે, જે આપણા જીનોમનો લગભગ ૮% ભાગ બનાવે છે.આ વાયરલ ટુકડાઓએ માનવ ઉત્ક્રાંતિને પ્રભાવિત કરી છે, જેમાં પ્લેસેન્ટાના વિકાસનો સમાવેશ થાય છે, જે સસ્તન પ્રાણીઓના પ્રજનન માટે મહત્વપૂર્ણ છે. દરિયાઈ વાયરસ પ્લાન્કટોનને ચેપ લગાવીને, તેમની વસ્તીને નિયંત્રિત કરીને અને પોષક તત્વોનું રિસાયક્લિંગ કરીને સમુદ્રી ઈકો સિસ્ટમનું નિયમન કરે છે.આ પ્રક્રિયા, જેને ''વાયરલ શન્ટ'' કહેવામાં આવે છે, તે દરિયાઈ ખોરાકના જાળાને ટેકો આપે છે અને વૈશ્વિક કાર્બન ચક્રને પ્રભાવિત કરે છે. વાયરસ વિના સમુદ્રી ઈકોસિસ્ટમ તૂટી જશે.વૈજ્ઞાનિકોએ બાયોડિગ્રેડેબલ બેટરી બનાવવા અને સૌર પેનલ કાર્યક્ષમતા સુધારવા માટે વાયરસનું એન્જિનિયરિંગ કર્યું છે. ખઈઝ સંશોધકોએ ખ૧૩ બેક્ટેરિયોફેજનો ઉપયોગ કરીને હળવા વજનની, ઉચ્ચ-ક્ષમતાવાળી બેટરીઓ વિકસાવવામાં મદદ કરી. આ નવીનતાઓ દર્શાવે છે કે વાયરસ કેવી રીતે ટકાઉ ટેકનોલોજી ચલાવી શકે છે. જ્યોર્જિયામાં બેક્ટેરિયલ ચેપની સારવાર માટે પરંપરાગત દવામાં દાયકાઓથી બેક્ટેરિયોફેજનો ઉપયોગ કરવામાં આવે છે.તિબિલિસીની એલિયાવા ઈન્સ્ટિટ્યૂટ વિજ્ઞાન અને સંસ્કૃતિનું મિશ્રણ કરીને ફેજ થેરાપી ટુરનું પણ આયોજન કરે છે.આરોગ્ય સંભાળમાં વાયરસનું આ અનોખું એકીકરણ તેમના ફાયદાકારક પાસાને દર્શાવે છે.

એક માન્યતા એ છે કે બધા વાયરસ હાનિકારક છે. વાસ્તવમાં ઘણા વાયરસ જેમ કે એન્ડોજેનસ રેટ્રોવાયરસ, આપણા ડીએનએમાં એકીકૃત થઈને માનવ ઉત્ક્રાંતિમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.બીજી એક માન્યતા એ છે કે વાયરસ જીવંત છે, તેઓ ખરેખર જીવંત અને નિર્જીવ અસ્તિત્વ વચ્ચેના ગ્રે એરિયામાં અસ્તિત્વ ધરાવે છે.

બેક્ટેરિયા શાસ્ત્રીય રીતે જીવંત છે, જેનો અર્થ એ છે કે તેમની પાસે જીવનને વ્યાખ્યાયિત કરતા બધા માપદંડો છે, સૌથી અગત્યનું, કોષ-રચના,બીજી બાજુ વાયરસ સંપૂર્ણપણે જીવંત નથી, તેઓ વલણની સમસ્યા અને પ્રોટીન-આધારિત બખ્તરના પોશાક સાથે રેન્ડમલી ભટકતા ડીએનએના ટુકડા જેવા છે.

## અબતક પંચાગ

**તા.૪-૧૦-૨૦૨૬ રવિવાર**

**વિક્રમ સંવત** ૨૦૮૨ **શાલીવાહન શકિઃ** ૧૯૪૮
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૬
**તિથી** ભાદરવા વદ નોમ નોમનું શ્રાધ્ધ
**નક્ષત્ર** પૂર્નવસુ
**યોગ** પરિઘ **કરણઃ** તૈતિલ
**સુર્યોદય** ૬.૪૦ **સુર્યાસ્તઃ** ૬.૩૦
**ચંદ્ર રાશી** મિથુન સાંજે ૬.૩૦ થી કર્ક
**રાશિ અક્ષર** ક.છ.ઘ/ડ.હ
**દિશાશૂળ** પશ્ચિમ દિશા તરફ
**રાહુકાળ** સાંજે ૪.૩૦ થી ૬
**દિવસનાચોઘડીયા**
ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ,શુભ,રોગ,ઉદવેગ
**રાત્રીનાચોઘડીયા**
શુભ,અમૃત,ચલ,રોગ,કાળ,લાભ,ઉદવેગ,શુભ
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૧૩ થી ૧.૦૧

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

## સૂડોકુ -૮૭

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | | | ૨ | | | | | ૩ |
| ૧ | | | | | ૯ | | | |
| | | | | | | | ૨ | |
| | | | ૩ | | ૭ | | | ૫ |
| | | | | | | | ૬ | |
| | ૭ | ૫ | ૮ | | | | ૨ | |
| | | ૮ | | | ૫ | | | |
| | | ૭ | | | | | ૬ | |
| | ૬ | ૩ | | ૮ | | | ૪ | ૭ |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોક્સમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૮૬ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૪ | ૫ | ૧ | ૬ | ૯ | ૩ | ૭ | ૮ |
| ૧ | ૮ | ૬ | ૩ | ૭ | ૨ | ૪ | ૫ | ૯ |
| ૯ | ૭ | ૩ | ૮ | ૫ | ૪ | ૧ | ૨ | ૬ |
| ૪ | ૨ | ૯ | ૫ | ૧ | ૮ | ૬ | ૩ | ૭ |
| ૩ | ૫ | ૮ | ૬ | ૪ | ૭ | ૨ | ૯ | ૧ |
| ૬ | ૧ | ૭ | ૨ | ૯ | ૩ | ૮ | ૪ | ૫ |
| ૮ | ૯ | ૧ | ૪ | ૩ | ૫ | ૭ | ૬ | ૨ |
| ૭ | ૩ | ૨ | ૯ | ૮ | ૬ | ૫ | ૧ | ૪ |
| ૫ | ૬ | ૪ | ૭ | ૨ | ૧ | ૯ | ૮ | ૩ |

## કાર્યક્રમોની યાદી — અબ તક CHANNEL

**તારીખ ૦૩-૧૦-૨૦૨૬ શનિવાર**
૧૨:૦૦ થી ૦૨:૧૦ ગુજરાતી મુવી (ઓલ ધ બેસ્ટ પંડ્યા)
૦૨:૧૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (કાજલ ઓઝા)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (ઈમ્યુનિટી બુસ્ટર ઢોસા)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદઃ આજે નહીં તો ક્યારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ ચાય પે ચર્ચા (ડો.તન્વી ચોટાઈ)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (કેરી ઓન લાલુ)
૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેન્ડપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૦૪-૧૦-૨૦૨૬ રવિવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ શિવ કથા (પૂ.ગીરીબાપુ)
૧૦:૦૦ થી ૧૦:૩૦ સાપ્તાહિક રાશિ ભવિષ્ય(શાસ્ત્રી, રાકેશ મહારાજજી વ્યાસ)
૧૦:૩૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ
૧૨:૦૦ થી ૦૨:૧૦ ગુજરાતી મુવી (ઉંબરો)
૦૨:૧૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (પારસ પાંધી)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (પનીર કડાઈ)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદઃ આજે નહીં તો કયારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો..ફાલ્ગુની સુરેજા)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (કેરી ઓન લાલુ)
૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેન્ડપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૦૫-૧૦-૨૦૨૬ સોમવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ રામકથા (પૂ મોરારીબાપુ)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

## તા.૪/૧૦ ને રવિવારનું રાશિ ભવિષ્ય

**સંવંત ૨૦૮૨, ભાદરવા વદ નોમ, પુનર્વસુ નક્ષત્ર, પરિઘ યોગ, તૈતિલ કરણ આજે સાંજે ૬.૩૨ સુધી જન્મેલાંની ચંદ્ર રાશિ મિથુન (ક,છ,ઘ) ત્યારબાદ કર્ક (ડ,હ) રહેશે**



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

**મેષ (અ,લ,ઈ)** : પ્રોપર્ટી અંગે યોગ્ય નિર્ણય લઈ શકો, જમીન મકાન વાહન સુખ સારું રહે,દિવસ પ્રગતિકારક રહે.
**વૃષભ (બ,વ,ઉ)** : નવા કાર્યમાં આગળ વધી શકો, સાહસથી સિદ્ધિ પ્રાપ્ત થાય, આગળ વધવાની તક મળે.
**મિથુન (ક,છ,ઘ)** : ભાગીદારીમાં કાળજી રાખવી પડે, આર્થિક બાબતોમાં મધ્યમ રહે, અન્ય બાબતો માં સારું રહે.
**કર્ક (ડ,હ)** : તમારા ખુદ માટે સમય કાઢી શકો, તમારા વ્યક્તિત્વનો વિકાસ થાય, યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય.
**સિંહ (મ,ટ)** : કેટલાક એવા બનાવ બને કે દિવસ દરમિયાન માનસિક વ્યગ્રતા અને ઉશ્કેરાટ રહે, સાંજ ખુશનુમા વીતે.
**કન્યા (પ,ઠ,ણ)** : ગણતરી વિનાના સાહસ ના કરવા સલાહ છે આવક કરતા જાવક વધી ના જાય તે જોવું, હિસાબ રાખવો.
**તુલા (ર,ત)** : અગાઉ ના સમયમાં તમે કરેલા કાર્યના સારા પરિણામ આજે મેળવી શકો, કર્મના સિદ્ધાંત ને સમજી શકો, શુભ દિન.
**વૃશ્ચિક (ન ,ય)** : ઈષ્ટદેવની આરાધનાથી લાભ થાય, ધ્યાન યોગ મૌનથી લાભ થાય, આધ્યાત્મિક ચિંતન થાય.
**ધન (ધ,ભ,ફ,ઢ)** : દિવસ દરમિયાન દોડધામ રહે, સાંજ પછી નસીબ સાથ આપતું જણાય, અંગત મિત્રો સાથે મતભેદ દૂર કરી શકો.
**મકર (ખ,જ)** : જાહેરજીવનમાં ધ્યાન આપી શકો, આંતરિક સંબંધોમાં સારું રહે,મનની વાત વ્યક્ત કરી શકો.
**કુંભ (ગ,સ,શ)** : હિત શત્રુઓ થી સાવધ રહેવું,વધુ પડતા વિશ્વાસે ના ચાલવું, વ્યક્તિગત દેખરેખથી કામ કરવું.
**મીન (દ,ચ,ઝ,થ)** : પ્રણય માર્ગે આગળ વધી શકો, ગમતી વ્યક્તિ થી વાતચીત થાય, મનની વાત વ્યક્ત કરી શકો.

### સ્થાપના કાળના ૫૩ વર્ષ બાદ અચાનક સ્વદેશી પ્રેમ ઉભરાયો!!

# કોર્પોરેશન હવે સ્વદેશી વાહનોની જ ખરીદી કરશે

## સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં ૨૦ પૈકી ૧૮ દરખાસ્તોને બહાલી, બે ના મંજુરઃ ૪૯ વર્ષ જૂની જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટકલાસ કોર્ટ બંધ કરવાના નિર્ણયને પણ મંજૂરીની મ્હોર



**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકામાં આજે ચેરમેન પરેશભાઈ પીપળિયાના અધ્યક્ષ સ્થાને સ્ટેન્ડિંગ કમિટીની બેઠક મળી હતી. જેમાં ૨૦ પૈકી ૧૮ દરખાસ્તોને મંજુરીની મહોર મારી રૂા. ૬.૩૬ કરોડના વિકાસકામોની બહાલી આપવામાં આવી હતી. વોર્ડ નં. ૧૨ માં શ્રી લક્ષ્મણરાવ ઈમાન્દાર ટાઉનશીપના શેપીંગ સેન્ટરની દુકાનોના વેચાણ દસ્તાવેજ કરી આપવાની દરખાસ્તને બહાલી અપાતી રૂા. ૪.૨૩ કરોડની આવક થવા પામશે. સ્થાપના કાળના ૫૩ વર્ષ બાદ અચાનક કોર્પોરેશનના પદાધિકારીઓને સ્વદેશી પ્રેમ ઉભરાઈને ફાટી નિકળ્યો છે. હવે તમામ નવા વાહનો સ્વદેશી કંપનીના જ ખરીદવામાં આવશે. તેવો નિર્ણય લેવામાં આવ્યો છે.

આ અંગે વધુ માહિતી આપતા સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન પરેશભાઈ પીપળિયાએ જણાવ્યું હતું કે, કોર્પોરેશનની લાયબ્રેરી શાખાના ઉપ્યોગ માટે નવા બે વાહન ખરીદવા માટે ૬૦.૪૦ લાખનો ખર્ચ મંજુર કરવામાં આવ્યો છે. સાથો સાથ એવો પણ નિર્ણય લેવામાં આવ્યો છે કે, હવે પછી કોર્પોરેશન કોઈ પણ પ્રકારના નવા વાહનની ખરીદી કરશે તે સ્વદેશી કંપની પાસે જ ખરીદશે જેના કારણે સ્વદેશી ચળવળને વેગ મળશે. અત્રે ઉલ્લેખનીય છે કે, હાલ કોર્પોરેશનમાં મોટાભાગના એટલે કે, ૭૦ ટકાથી વધુ વાહનો વિદેશી કંપનીના છે. એટલુ જ નહીં સ્વદેશી કંપનીના વાહનોમાં પણ વિદેશી કંપનીની એસેસરીઝ હોવાનું જાણવા મળી રહ્યું છે. પણ આજે જે નિર્ણય લેવામાં આવ્યો છે તે ખરેખર પ્રસંસાને પાત્ર છે.



તસવીરઃ શૈલેષ વાડોલીયા

આ ઉપરાંત આજે સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં કોર્પોરેશનની અલગ અલગ શાખાના કર્મચારીઓ અને અધિકારીઓની તબીબી આર્થિક સહાય મંજુર કરવાની દરખાસ્તને પણ બહાલી આપવામાં આવી હતી. રેસકોર્સ સંકુલમાં વિવિધ રમત-ગમત સુવિધાનું મેન્ટેનન્સ આરએમસી અને એસએજીની સંયુક્ત એસવીપી રાજકોટ સ્પોર્ટસ પ્રમોશન ફાઉન્ડેશનની મુદત બે વર્ષ માટે વધારવાને બહાલી આપવામાં આવી છે. પ્રાકૃતિક કૃષિ ઉત્પાદન વેચાણ અર્થે સર્ટીફાઈડ ખેડુતોને જગ્યા આપવાની દરખાસ્ત પણ બહાલી આપવામાં આવી છે. આ ઉપરાંત છેલ્લા ૪૯ વર્ષથી કાર્યરત માત્ર મહાપાલિકા માટે સ્થાપિત જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટક્લાસ (મ્યુનિસિપલ) કોર્ટને હાલની સ્થિતિએ જરૂરિયાત અને વાર્ષિક રૂા. ૧.૧૩ લાખનો ખર્ચ ધ્યાનમાં રાખી બંધ કરવાની દરખાસ્તને પણ બહાલી આપવામાં આવી છે. શહેરના વોર્ડ નં. ૯માં ભુગર્ભ ગટર ફરિયાદ નિકાલના કોન્ટ્રાક્ટ માટે રૂા. ૩૯.૫૬ લાખ મંજુર કરવામાં આવ્યા છે. વોર્ડ નં. ૧૨ માં વેસ્ટઝોન પેકેજ હેઠળ તૈયાર થયેલી આવાસ યોજના શ્રી લક્ષ્મણરાવ ઈમાનદાર (વકીલસાહેબ) ટાઉનશીપના શોપિંગ સેન્ટરની દુકાનોની જાહેર હરાજીથી વેચાણ કરવામાં આવ્યું છે. જેનો દસ્તાવેજ કરી આપવાની દરખાસ્તને બહાલી આપવામાં આવતા રૂા. ૪. ૨૩ કરોડની આવક થવા પામી છે.



### સર્વેશ્વર ચોકમાં પ્રથમ પીન્ક ટોઈલેટ નામંજુરઃ મેટલ બોડી ટોઈલેટ મુકાશે

શહેરના વોર્ડ નં. ૭ માં સર્વેશ્વર ચોકમાં વોકળા પાસે મહિલાઓ માટે ખાસ પીન્ક ટોઈલેટ બ્લોક બનાવવા માટે રૂા. ૨૬.૩૫ લાખ અને વોર્ડ નં. ૩ માં રેલનગર વિસ્તારમાં પીપી સ્કીમ નં. ૧૯-એના ફાઈનલ પ્લોટ નં. ૯-એ માં સંતોષીનગર મેઈન રોડ પર આંગણવાડીના બાજુના પ્લોટમાં પે એન્ડ યુઝ ટોઈલેટ બનાવવા માટે રૂા. ૨૦.૬૩ લાખનો ખર્ચ મંજુર કરવાની દરખાસ્ત સ્ટેન્ડિંગ કમિટી દ્વારા નામંજુર કરી દેવામાં આવી છે. હવે શહેરમાં અલગ અલગ ૧૫ થી ૨૦ સ્થળોએ મેટલબોડીના ટોઈલેટ મુકાશે. સિવિલ વર્ક વાળા ટોઈલેટમાં રૂા. ૨૦ થી ૨૫ લાખનો ખર્ચો થાય છે જ્યારે મેટલ બોડીના ટોઈલેટનું કામ રૂા. ૧૫ લાખમા પુરુ થઈ જશે અને એજન્સી ૩૦ વર્ષ સુધી ઓપરેશન અને મેન્ટેનન્સની કામગીરી સંભાળશે.

### પુષ્કરધામ મેઈન રોડ પર પ્રાકૃતિક કૃષિ પેદાશોના વેચાણ માટે ૧૦ થડા બનશે

**પ્રાયોગીક ધોરણે ૬ મહિના માટે વિનામુલ્યે થડા ફાળવાશે**

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી દ્વારા રાજ્યભરમાં પ્રાકૃતિક કૃષિ ઉત્પાદનોના વેચાણ માટે જગ્યા ફાળવવા માટે સુચના આપવામાં આવી છે. રાજ્યપાલના અગ્રસચીવ દ્વારા કોર્પોરેશનને પણ પ્રાકૃતિક કૃષિ ઉત્પાદન માટે જગ્યા ફાળવવા માટે સુચના આપવામાં આવી છે. જેને ધ્યાનમાં રાખી કોર્પોરેશન દ્વારા શહેરના વોર્ડ નં. ૧૦માં પુષ્કરધામ મેઈન રોડ પર વોકર્સઝોન પાસે હયાત ફૂડકોર્ટના ડોમમાં નિયત કરેલી જગ્યામાં પ્રાકૃતિક કૃષિ ઉત્પાદનોના વેચાણ માટે ૧૦ થડા ફાળવવામાં આવશે સર્ટિફાઈડ ખેડુતોને આ જગ્યાની ફાળવણી કરવામાં આવશે. હાલ પ્રાયોગીક ધોરણે ૬ માસ માટે વિનામુલ્યે થડાની ફાળવણી કરાશે અને ત્યાર બાદ રિવ્યુ કરવામાં આવશે. ખેડુતો માટે હોકર્સ ઝોનના તમામ નિયમો લાગુ પડશે.

# 'સદ્ભાવના વૃધ્ધાશ્રમ લેબોરેટરી અને નિદાન કેન્દ્ર'નું મંત્રી પ્રફુલ પાનશેરીયાના હસ્તે ઉદ્ઘાટન

## લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરનારા ભેળસેળિયાઓ સામે સરકારનું 'ઝીરો ટોલરન્સ' વલણઃ પ્રફુલ પાનશેરીયા





**અબતક, રાજકોટ**

આરોગ્ય, પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ વિભાગના રાજ્યકક્ષાના મંત્રી પ્રફુલ પાનશેરીયાએ રાજકોટના નાના મવા રોડ ખાતે સદભાવના વૃદ્ધાશ્રમ લેબોરેટરી અને નિદાન કેન્દ્રનું ઉદ્દઘાટન કર્યું હતું.

આ પ્રસંગે પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું હતું કે, સદભાવના સંસ્થાએ સમાજ સેવા અને પર્યાવરણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી કરીને રાજકોટનું નામ રોશન કર્યું છે. બીજી ઓકટોબરના દિવસે ગાંધીજીની સમર્પણ, સેવા, ત્યાગ, પ્રેમ, કરુણા અને દયાની વિચારધારાને આ સંસ્થા સાર્થક કરી રહી છે.

મેડિકલ ક્ષેત્રની કામગીરી અંગે મંત્રીએ સ્પષ્ટ કર્યું હતું કે, મેડિકલ ક્ષેત્ર કોઈ ઈન્ડસ્ટ્રી નહીં પરંતુ સેવાનો આધાર છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દવાઓની કિંમતો ઘટાડવા જનરિક દવાઓને પ્રોત્સાહન આપ્યું છે. અગાઉ દોઢથી બે લાખ રૂપિયામાં મળતા સ્ટેન્ટ હવે રૂ. ૨૦થી ૨૫ હજાર સુધીની કિંમતે ઉપલબ્ધ કરાવી ગરીબ દર્દીઓને રાહત આપવામાં આવી છે. સરકારની વિવિધ યોજનાઓ હેઠળ ગંભીર બીમારીઓની સારવાર પણ વિનામૂલ્યે કરવામાં આવી રહી છે. આવી સ્થિતિમાં ટ્રસ્ટ સંચાલિત હોસ્પિટલો અને લેબોરેટરીઓ સમાજ માટે આશીર્વાદરૂપ છે.

ખાદ્યપદાર્થોમાં ભેળસેળ કરનારાઓ સામે કડક વલણ અપનાવતા મંત્રીએ જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની સૂચનાઓ અનુસાર સરકાર 'ઝીરો ટોલરન્સ'ની નીતિ સાથે કામગીરી કરી રહી છે. આરોગ્ય વિભાગની ટીમો દિવસ-રાત કામગીરી કરી રહી છે. લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરતા ભેળસેળિયાઓને કોઈપણ સંજોગોમાં બક્ષવામાં નહીં આવે.

મુખ્ય કાર્યક્રમ બાદ પ્રફુલ પાનશેરીયાએ સદભાવના મેડિકલ સ્ટોર તેમજ મોટા રામપર ગામે આવેલા સદભાવના વૃદ્ધાશ્રમની પણ મુલાકાત લીધી હતી. આ પ્રસંગે ટ્રસ્ટીઓ તથા અગ્રણી લોકો ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્ય કાર્યક્રમમાં ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા, પૂર્વ મંત્રી ગોવિંદભાઈ પટેલ, પૂર્વ ધારાસભ્ય લાખાભાઈ સાગઠીયા, અગ્રણી ડો. ભરતભાઈ બોઘરા, રમેશભાઈ રૂપાપરા, ડો. દિનેશભાઈ ચોવટિયા, વિજયભાઈ ડોબરિયા, મિતલભાઈ ખેતાણી, જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારી આર. આર. ફૂલમાળી સહિત અધિકારીઓ અને અગ્રણી લોકો ઉપસ્થિત રહ્યા હતા.આગળથી તમારા સમાચાર તૈયાર કરતી વખતે પણ સન્માનસૂચક 'શ્રી' શબ્દ કાઢીને સીધા નામથી લખીશ.

### સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત

# ૨૩૫ દિવ્યાંગ લાભાર્થીઓને રૂ.૧૭.૫૯ લાખના ૩૪૭ સાધનોનું કરાયું વિતરણ



### મેડિકલ ચેકઅપ કેમ્પ; ૪૫૦ દિવ્યાંગજનોનું સ્થળ પર આરોગ્ય પરીક્ષણ કરાયું

**અબતક, રાજકોટ**

'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત રાજકોટ જિલ્લા વહીવટીતંત્ર અને જિલ્લા સમાજ સુરક્ષા કચેરી દ્વારા શ્રી અને શ્રીમતી સી.એસ. વિરાણી બહેરા-મૂંગા શાળા ટ્રસ્ટ ખાતે દિવ્યાંગજનો માટે સાધન સહાય વિતરણ અને મેડિકલ ચેકઅપ કેમ્પ યોજાયો હતો. કાર્યક્રમમાં રાજ્ય સરકારની વિવિધ દિવ્યાંગ કલ્યાણ યોજનાઓ હેઠળ ૨૩૫ લાભાર્થીઓને કુલ રૂ.૧૭,૫૯,૬૦૩ની કિંમતના ૩૪૭ સાધનોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

લાભાર્થીઓને વ્હીલચેર, સાંભળવાના સાધનો, ટી.એલ.એમ. કિટ સહિતના સાધનો આપવામાં આવ્યા હતા. આ ઉપરાંત દિવ્યાંગ રમતવીરોનું સન્માન કરવામાં આવ્યું હતું. દિવ્યાંગ લગ્ન સહાય યોજના હેઠળ બે લાભાર્થીઓને રૂ.૧.૫૦ લાખની સહાય, સંત સૂરદાસ યોજના હેઠળ માસિક રૂ.૧,૦૦૦ની પેન્શન સહાય તેમજ દિવ્યાંગ લાભાર્થીઓને એસ.ટી. બસમાં વિનામૂલ્યે મુસાફરીના પાસનું પણ વિતરણ કરાયું હતું.

દિવ્યાંગજનોના કલ્યાણ માટે કાર્યરત અગ્રણીઓને પણ પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. રાજકોટ સિવિલ હોસ્પિટલની ટીમ દ્વારા સ્થળ પર જ ૪૫૦ દિવ્યાંગજનોનું મેડિકલ ચેકઅપ કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં જિલ્લા કલેક્ટર ડો. ઓમ પ્રકાશે જણાવ્યું હતું કે, દિવ્યાંગ બાળકો સમાજના મુખ્ય પ્રવાહનો અતૂટ હિસ્સો છે. દિવ્યાંગ બાળકોની અદભુત ક્ષમતાઓ અને ઝડપથી અભિવ્યક્ત કરવાની કળામાંથી દરેક વ્યકિતએ પ્રેરણા લેવી જોઈએ. સરકાર દ્વારા રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ, સંત સૂરદાસ યોજના, વિનામૂલ્યે બસ પાસ સહિતની અનેક યોજનાઓ દિવ્યાંગજનો માટે કાર્યરત છે.

ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહે જણાવ્યું હતું કે, આ કાર્યક્રમ માત્ર સેવા અભિયાન નહીં પરંતુ દિવ્યાંગ બાળકોના આશીર્વાદ મેળવવાનો ઉત્સવ છે. સરકાર દ્વારા દિવ્યાંગજનો આત્મનિર્ભર બને તે માટે વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ તેમના સુધી પહોંચાડવામાં આવી રહ્યો છે.

# સિવિલમાં મૃત્તદેહ સોંપવાની પ્રક્રિયામાં નંબર-કોડ સિસ્ટમ લાગુ કરાશેઃ મંત્રી પ્રફુલ પાનશેરીયા

## કાલથી જ વૈજ્ઞાનિક પદ્ધતિથી મૃતદેહ સોંપવાની પ્રક્રિયાનો કડક અમલ કરવા આરોગ્ય રાજ્યમંત્રી પ્રફુલ પાનશેરીયાની સૂચનાઃ રૂ.૩.૫ કરોડના ખર્ચે નવી મોર્ચ્યુરી અને ફ્રીઝર વ્યવસ્થા ૧૫થી ૩૦ દિવસમાં કાર્યરત કરાશે





તસવીરઃ શૈલેષ વાડોલીયા

### મંત્રી પ્રફુલ પાનશેરીયાએ સિવિલ હોસ્પિટલની ઓચિંતી મુલાકાત લઈ વિવિધ સેવાઓ અને દર્દીલક્ષી સુવિધાઓની સમીક્ષા કરી

**અબતક, રાજકોટ**

રાજ્યના આરોગ્ય અને પરિવાર કલ્યાણ રાજયમંત્રી પ્રફુલ પાનશેરીયાએ રાજકોટની પંડિત દીનદયાલ ઉપાધ્યાય સિવિલ હોસ્પિટલની ઓચિંતી મુલાકાત લઈ હોસ્પિટલની વિવિધ સેવાઓ અને દર્દીલક્ષી સુવિધાઓની સમીક્ષા કરી હતી. આ દરમિયાન મૃતદેહ સ્વજનોને સોંપવાની પ્રક્રિયામાં વધુ ચોકસાઈ અને પારદર્શિતા રહે તે માટે નંબર, કોડ સિસ્ટમ અને ચકાસણી સાથેની વૈજ્ઞાનિક પ્રમાણભૂત કાર્યપદ્ધતિનો કાલથી જ કડક અમલ કરવા સૂચના આપવામાં આવી હતી.

મંત્રી પાનશેરીયાએ જણાવ્યું હતું કે, મૃતદેહ સોંપવાની પ્રક્રિયામાં કોઈ પ્રકારની ભૂલ ન થાય તે માટે નંબર અને કોડ આધારિત વ્યવસ્થા સાથે જરૂરી ચકાસણી કરવામાં આવશે. સાથે જ મૃતદેહોને સાચવવાની વ્યવસ્થા વધુ સુદૃઢ બનાવવા રૂ.૩.૫ કરોડના ખર્ચે નવી મોર્ચ્યુરી અને ફ્રીઝર વ્યવસ્થા આગામી ૧૫થી ૩૦ દિવસમાં કાર્યરત કરવા પણ સૂચના આપવામાં આવી છે.

મંત્રીએ હોસ્પિટલ પરિસરમાં સ્વચ્છતા જાળવવા પણ કડક સૂચના આપી હતી. હોસ્પિટલ કેમ્પસમાં પાન-માવા ખાઈને પિચકારી મારનાર અથવા ગંદકી કરનાર કોઈપણ વ્યક્તિ કે કર્મચારી સામે સુરક્ષા કર્મચારીઓ દ્વારા સ્થળ પર જ દંડાત્મક કાર્યવાહી કરવા જણાવાયું હતું.

મુલાકાત દરમિયાન મંત્રીએ ઈમરજન્સી વોર્ડ, ટ્રોમા કેર સેન્ટર, ઓર્થોપેડિક, મેડિસિન, જનરલ સર્જરી તેમજ ટીબી અને છાતીના રોગોના વિભાગની મુલાકાત લીધી હતી. આ ઉપરાંત અદ્યતન એમઆરઆઈ કેન્દ્ર અને ડાયાલિસિસ એકમની મુલાકાત લઈ નિદાન અને ગંભીર દર્દીઓ માટેની સારવાર સુવિધાઓની માહિતી મેળવી હતી.

સિવિલ હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટ ડો. કમલસિંહ ડોડીયાએ હોસ્પિટલની વિવિધ સેવાઓ અને સુવિધાઓ અંગે મંત્રીને માહિતગાર કર્યા હતા. ત્યારબાદ મંત્રીએ વિવિધ વિભાગોના વડાઓ સાથે સમીક્ષા બેઠક યોજી હતી. બેઠકમાં ઈમરજન્સી સેવા, સ્ટ્રેચરની સુવિધા, એમઆરઆઈ, ટીબીના દર્દીઓને અપાતી સારવાર, માતા અને બાળકના મૃત્યુદર ઘટાડવા માટેના પ્રયાસો તેમજ સિવિલ હોસ્પિટલની સુરક્ષા વ્યવસ્થા સહિતના મુદ્દાઓની સમીક્ષા કરવામાં આવી હતી.

મંત્રી પાનશેરીયાએ જણાવ્યું હતું કે, ગરીબ દર્દીઓ હોસ્પિટલમાંથી સંપૂર્ણ સારવાર મેળવી સ્વસ્થ અને સંતોષ સાથે ઘરે પરત ફરે તે સરકારની પ્રાથમિકતા છે. હોસ્પિટલમાં દર્દીઓને વધુ સારી અને સુદ્રઢ સેવાઓ મળી રહે તે માટે જરૂરી સુધારાઓ કરવામાં આવશે.

આ દરમિયાન સિવિલ હોસ્પિટલના ડાયાલિસિસ કેન્દ્ર દ્વારા દર્દીઓને આપવામાં આવતી ઉત્કૃષ્ટ સેવાઓની મંત્રીએ વિશેષ સરાહના કરી હતી અને સમગ્ર ટીમને અભિનંદન પાઠવ્યા હતા.

આ પ્રસંગે જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારી આર. આર. ફૂલમાળી, આરોગ્ય અધિકારી પી. કે. સિંઘ, આરએમઓ ડો. હર્ષદ દૂસરા સહિત સિવિલ હોસ્પિટલના વિવિધ વિભાગોના વડાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# કચ્છ કાઠિયાવાડ ગુજરાત ગરાસિયા એસો. દ્વારા યુવા શકિતને આગળ લાવવા સંકલ્પ

## હરભમજીરાજ ગરાસીયા બોર્ડિંગ ખાતે સમાજના સર્વોચ્ચ નેતૃત્વની ઉપસ્થિતિમાં યુવાનોને કાર્યાન્વિત કરવા માર્ગદર્શન અપાયું





**અબતક, રાજકોટ**

૧૨૦ વર્ષના અવિરત કાર્યકાળ દ્વારા ઐતિહાસિક સિદ્ધિઓ પ્રાપ્ત કરનાર સંસ્થા કચ્છ કાઠિયાવાડ ગુજરાત ગરાસિયા એસોસિએશન દ્વારા પોતાના ઉમદા હેતુઓ સાથે રાજકોટના હરભમજીરાજ ગરાસીયા બોર્ડિંગ ખાતે એક વિશેષ યુવા સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સંમેલનમાં ક્ષત્રિય સમાજના શીર્ષસ્થ નેતૃત્વ અને તમામ આગેવાનો ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને યુવાધનને કાર્યાન્વિત કરવા માટે પ્રેરણાદાયી પ્રવચન તથા માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

આ ભવ્ય કાર્યક્રમમાં સંમેલન અધ્યક્ષ તરીકે ઠાકોર સાહેબ માંધાતાસિંહ જાડેજા, ઉદઘાટક તરીકે વાંકાનેરના મહારાણા તથા સાંસદ કેસરીદેવસિંહ ઝાલા અને સંસ્થાના પ્રમુખ ધ્રુવકુમારસિંહ જાડેજા ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત માર્ગદર્શક અતિથિ વિશેષ તરીકે પૂર્વ સાંસદ શક્તિસિંહ ગોહિલ, પૂર્વ મંત્રીધર્મેન્દ્રસિંહ જાડેજા (હકુભા), પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ જાડેજા (ગોંડલ) અને ભચૌના ધારાસભ્ય વિરેન્દ્રસિંહ જાડેજા સહિતના

### ૧૨૦ વર્ષથી રાજપૂત સમાજના સર્વાંગી વિકાસ માટે સંસ્થા અવિરત કાર્યરતઃ દૈવતસિંહ જાડેજા



અબતક સાથેની વાતચીત દરમિયાન દૈવતસિંહ જાડેજાએ જણાવ્યું હતુ કે કચ્છ કાઠિયાવાડ ગુજરાત ગરસીયા એશોષિયેશન ૧૨૦ વર્ષ જૂની છે. સૌરાષ્ટ્ર અને ગુજરાતની પહેલી સંસ્થા છે. સમગ્ર રાજપૂત સમાજના સર્વાંગી વિકાસ માટે કામ કરતી પહેલી સંસ્થા છે. ક્ષત્રિય સમાજના તમામ પ્રશ્નોનું સમાધાન કરતી પ્રથમ સંસ્થા છે. અત્યાર સુધી આ સંસ્થામાં કારોબારી અને ટ્રસ્ટીઓ વડીલો જ હતા પરંતુ હવે યુવા ધનને આગળની જવાબદારી સોંપવામાં આવે. એના અનુસંધાને આજે યુવા સંમેલનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો છે.

# નવનાત વણિક સમાજ અને જૈનવિઝન દ્વારા ‘સોનમ ગરબા’માં ખેલૈયાઓ ધૂમ મચાવશે



**અબતક, રાજકોટ**

નવલી નવરાત્રીના દિવસો નજીક આવી રહ્યા છે અને ખેલૈયાઓ રાસે રમવા માટે થનગની રહ્યા છે ત્યારે તેમની નવનાત વણિક સમાજ અને જૈન વિઝન દ્વારા આયોજિત સોનમ ગરબાના પાસનું બુકિંગ ચાલી રહ્યું છે અને જૈન વિઝનના અગ્રણીઓએ

અજિત જૈન,ભરત દોશી,ગિરીશ મહેતા,સુનિલ કોઠારી,દિપક કોઠારી,યોગેન દોશી,મિતુલ વસા,અખિલ શાહ,નીલ મહેતા,નિરવ મહેતા,જય મહેતા, હિમાંશુ પારેખ,ડો હાર્દિક શાહ,કેતન વખારિયા,નીતિન મહેતા,કપિલ દેસાઈ,તુષાર પતિરા,પ્રતીક શાહ

જતીન કોઠારી તમેજ વિશ્વ વણિક સમાજના યુવા ભાઈ-બહેનોને આ રાસોત્સવમાં જોડાઈ જવા માટે અપીલ કરી છે. આ વખતની નવરાત્રીમાં ઝેન-ઝીની ડીમાંડને ધ્યાનમાં રાખીને શીતલપાર્ક ચોકડીથી આગળ સિકેટ કિશન સામે ભવ્ય રાસોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.

# જૈનમ (મુકેશભાઈ દોશી) નવરાત્રી મહોત્સવની તૈયારીઓ તેજ

## કમિટી સભ્યોની સહપરિવાર બેઠકમાં આયોજનની કામગીરીની સમીક્ષા; સમગ્ર બેઠકનું સંચાલન મહિલા સભ્યો દ્વારા કરાયું



**અબતક, રાજકોટ**

જૈનમ-મુકેશભાઈ દોશી (મોડર્ન) નવરાત્રી મહોત્સવ-૨૦૨૬ની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે ત્યારે મહોત્સવના આયોજન સાથે જોડાયેલી વિવિધ કમિટીઓની કામગીરીની સમીક્ષા કરવા તેમજ કમિટી સભ્યોના પરિવારજનો વચ્ચે આત્મીયતા વધારવાના હેતુથી તા. ૧ ઓક્ટોબરના રોજ સહપરિવાર બેઠક યોજાઈ હતી. બેઠકમાં વિવિધ કમિટીઓની કામગીરી અને આગામી આયોજન અંગે વિગતવાર માહિતી આપવામાં આવી હતી.

બેઠકની શરૂઆત દિપ્તીબેન જીતુભાઈ કોઠારી, દિવ્યાબેન અમીષભાઈ દોશી અને પારૂલબેન સુજીતભાઈ ઉદાણી દ્વારા નવકાર મંત્રના પઠનથી કરવામાં આવી હતી. ઉપસ્થિત સૌનું શબ્દોથી સ્વાગત માલીનીબેન ચિરાગભાઈ દોશી અને ફાલ્ગુનીબેન યતિનભાઈ કામદારે કર્યું હતું.

બેઠકમાં સુશોભન કમિટી અંગે ઉદયભાઈ ગાંધી, સાંસ્કૃતિક કમિટીમાંથી ભવ્યભાઈ વોરા, મંડપ કમિટીમાંથી રાજેશભાઈ મોદી, ખેલૈયા ગ્રાઉન્ડ અંગે વૈભવભાઈ સંઘવી, મંદિર વ્યવસ્થા અંગે મીલેશભાઈ મહેતા, ગ્રાઉન્ડ સુરક્ષા અંગે દિવ્યેશભાઈ દોશી, નિર્ણાયક કમિટીમાંથી અશોકભાઈ વોરા, સંગીત કમિટીમાંથી જીતુભાઈ લાખાણી, પેવેલિયન કમિટીમાંથી જયદત સંઘાણી, ઈનામ વિતરણ અંગે નીશાંતભાઈ વોરા, વિશિષ્ટ મહેમાનો માટેની બેઠક અંગે પ્રશાંતભાઈ સંઘવી, ફૂડ ઝોન અંગે મેહુલભાઈ દામાણી, સ્ટેજ કમિટીમાંથી શૈલેનભાઈ શાહ અને કાર્યાલય કમિટી અંગે બ્રિજેશભાઈ મહેતાએ માહિતી આપી હતી.આ ઉપરાંત વિવિધ જૂથોની કામગીરી અંગે પણ માહિતી આપવામાં આવી હતી. પાર્શ્વનાથ જૂથમાંથી અમીતભાઈ દોશી, નેમીનાથ જૂથમાંથી અમીષભાઈ દેસાઈ, વર્ધમાન જૂથમાંથી અમીષભાઈ દોશી, અરિહંત જૂથમાંથી કેવિનભાઈ ઉદાણી, આદેશ્વર જૂથમાંથી નિપુણભાઈ દોશી અને મહાવીર જૂથમાંથી કમલેશભાઈ શાહે પોતાના જૂથની કામગીરી અંગે જાણકારી આપી હતી. બેઠક દરમિયાન ફાલ્ગુનીબેન ધર્મેશભાઈ શાહ, જાગૃતિબેન કમલેશભાઈ શાહ, કોમલબેન મહેતા, ઝરણાબેન વિભાશભાઈ શેઠ સહિત મહિલા સભ્યોએ પોતાના વિચારો રજૂ કર્યા હતા. આ વખતના આયોજનમાં સંગીત માટે ઓરકેસ્ટ્રા ટીમ અને લોકપ્રિય ગાયકો, દરરોજ વિવિધ જૈન વાનગીઓ, કાર્પેટથી આચ્છાદિત ખેલૈયા ગ્રાઉન્ડ, આધુનિક સંગીત વ્યવસ્થા, આકર્ષક ગ્રાઉન્ડ સુશોભન તેમજ વિજેતાઓ માટે આકર્ષક ઈનામો સહિતની વિવિધ વ્યવસ્થાઓ અંગે પણ માહિતી આપવામાં આવી હતી.બેઠકના અંતે જીતુભાઈ કોઠારીએ સમગ્ર આયોજન, જવાબદારીઓ અને તાજેતરના ફેરફારો અંગે વિગતવાર માહિતી આપી હતી.

# રિલાયન્સે આંધ્રપ્રદેશમાં રૂ.૧ લાખ કરોડના રોકાણ સાથે ‘ઈન્ડિયન સ્કૂલ ઓફ એગ્રીકલ્ચર’નો શિલાન્યાસ કર્યો

## ભારત દુનિયાને સીઈઓ આપે છે, આ ખેતી શાળા ભારતના કિસાનોને ખેતરના સીઈઓ બનાવશેઃ અનંત અંબાણી



**અબતક, રાજકોટ**

આંધ્રપ્રદેશના મદનપલ્લે ખાતે કાલે ’રાયલસીમા હોર્ટિકલ્ચર હબ’ અને ’ઈન્ડિયન સ્કૂલ ઓફ એગ્રીકલ્ચર’નો શિલાન્યાસ સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર અનંત અંબાણીએ ઉપસ્થિત રહી ખેડૂતો અને યુવાનોને સંબોધિત કર્યા હતા. આ કાર્યક્રમમાં કેન્દ્રીય નાણાં મંત્રી નિર્મલા સીતારામન, આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી એન. ચંદ્રબાબુ નાયડુ, ઉપમુખ્યમંત્રી પવન કલ્યાણ અને નારા લોકેશ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

અનંત અંબાણીએ તેમના સંબોધનમાં જણાવ્યું હતું કે, રાયલસીમા હોર્ટિકલ્ચર હબ ₹૪૦,૦૦૦ કરોડના સમર્થન સાથે વિસ્તારના વિકાસમાં નવો સૂર્યોદય લાવશે. આ ઉપરાંત, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ આંધ્રપ્રદેશમાં કમ્પ્રેસ્ડ બાયોગેસ પ્લાન્ટ સ્થાપવા માટે ₹૧ લાખ કરોડનું વિશાળ રોકાણ કરવા જઈ રહી છે, જેનાથી આગામી દાયકાઓમાં રાજ્યમાં ૩ લાખથી વધુ નવી રોજગારીની તકો ઊભી થશે અને આશરે ₹૬૦,૦૦૦ કરોડની આવક થશે.

કૃષિ ક્ષેત્રે ટેકનોલોજીના ઉપયોગ અંગે વાત કરતા તેમણે ઉમેર્યું કે, ’ઈન્ડિયન સ્કૂલ ઓફ એગ્રીકલ્ચર’માં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, ડ્રોન ટેકનોલોજી, રોબોટિક્સ અને ક્લાઉડ કમ્પ્યુટિંગ જેવી આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરીને ખેડૂતોને પાકની સુરક્ષા અને યોગ્ય સલાહ પૂરી પાડવામાં આવશે. જિઓના માધ્યમથી વર્ચ્યુઅલ ક્લાસરૂમ્સ દ્વારા લાખો ખેડૂતો સુધી તાલીમ પહોંચાડવામાં આવશે તેમજ ખેડૂતોની સુવિધા માટે ’જિઓ કૃષિ’ પ્લેટફોર્મ પણ તૈયાર કરાયું છે.

આ ઉપરાંત તેમણે પશુપાલન અને વન્યજીવ સંરક્ષણનું મહત્વ સમજાવતા જણાવ્યું કે, જામનગરમાં વિશ્વની પ્રથમ ’ગ્લોબલ યુનિવર્સિટી ફોર વાઈલ્ડલાઈફ એન્ડ વેટરનરી સાયન્સ’નો પાયો નખાઈ ચૂક્યો છે અને તેનો લાભ પણ આ કૃષિ સંસ્થાને મળશે. અંતમાં તેમણે આંધ્રપ્રદેશ સરકારની ’સ્પીડ ઓફ ડુઈંગ બિઝનેસ’ નીતિની પ્રશંસા કરી રાજ્યના વિકાસમાં રિલિઅન્સ સતત ભાગીદાર રહેશે તેવી ખાતરી આપી હતી.

# અબતકના કટાર લેખક અને સ્વામિનારાયણ ગુરૂકુળના નિવૃત આચાર્ય વિઠ્ઠલ વઘાસીયાનો કાલે જન્મદિવસ



સ્વામિનારાયણ ગુરુકુળના પૂર્વ આચાર્ય વિઠ્ઠલ વઘાસિયાનો ચોથી ઓક્ટોબર(આવતીકાલે) જન્મ દિવસ છે.૭૨ વર્ષ પૂરા કરી ૭૩(૨૦૨૬)મા વર્ષમાં પ્રવેશ કરી રહ્યા છે.

શિક્ષણ ક્ષેત્રે શૂન્ય નિવેશ અને નવતર પ્રયોગો દ્વારા વઘાસિયાએ ઉલ્લેખનીય કામગીરી કરી અનેક એવોર્ડ મેળવ્યા છે.જેવા કે,સુભદ્રાબેન શ્રોફ શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક, નવભારત રતન એવોર્ડ ફોર એજયુકેશન એક્સલન્સ, ભારત શિક્ષા રતન,વિવેકાનંદ યુથ ક્લબ શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ અને શ્રેષ્ઠ શિક્ષક રાજ્ય પારિતોષિક(૨૦૧૧),જે તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના પ્રધાનમંત્રી મોદી સાહેબના વરદ હસ્તે પ્રાપ્ત કરવાનું સૌભાગ્ય સાંપડ્યું હતું. ગુંજન પાર્ક,રાજકોટના સ્થાપક પ્રમુખ પદે સતત અગિયાર વર્ષ સુધી બિન હરીફ રહી ગુંજન પાર્કને એક મોડેલ વસાહત બનાવવામાં ઉલ્લેખનીય કામગીરી બજાવી છે.રાજકોટ શહેર આચાર્ય સંઘના મહામંત્રી તરીકેની ઉલ્લેખનીય સેવા પણ બજાવી ચૂક્યા છે. અબતક સાંધ્ય દૈનિકમાં ચિંતનની પાંખે કોલમ ચલાવે છે.

વઘાસિયાના જન્મદિવસ નિમિત્તે સ્વામિનારાયણ ગુરુકુળ, સંસ્થાનના સદ્ગુરુ દેવકૃષ્ણદાસજી સ્વામી અને મહંત સ્વામી દેવપ્રસાદદાસજી સ્વામીએ શુભાશિષ સહ અભિનંદન પાઠવ્યા છે. સ્વામિનારાયણ ગુરુકુળ વિદ્યાલયના આચાર્ય અને શહેર આચાર્ય સંઘના અધ્યક્ષ કિશોરભાઈ દવે,રાજ્ય આચાર્ય સંઘ મહામંડળના પૂર્વ અન્વેષક ભૂપેન્દ્રસિંહ જાડેજા, જલસા પરિવાર અને જાડેજા કોર્નર ગ્રુપના સભ્યોએ અભિનંદન પાઠવી નિરામય શેષ જીવનની શુભકામનાઓ વ્યક્ત કરી છે.

# અમદાવાદમાં પ્રાકૃતિક કૃષિ વેચાણ કેન્દ્રનું લોકાર્પણ કરતા ઉર્જા મંત્રી

## શહેર-જિલ્લામાં એક સાથે કુલ સાત સ્થળે પ્રાકૃતિક કૃષિ વેચાણ કેન્દ્રો ખુલ્લાં મૂકાયાં





**અબતક, રાજકોટ**

અમદાવાદના પ્રહલાદનગર ખાતેની મ્યુનિસિપલ શાક માર્કેટ ખાતે ઊર્જા મંત્રી અને અમદાવાદ જિલ્લાના પ્રભારી મંત્રી ઋષિકેશભાઈ પટેલના હસ્તે પ્રાકૃતિક કૃષિ વેચાણ કેન્દ્રનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ આયોજન ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ તથા આત્મા સંસ્થાના સંયુકત ઉપક્રમે કરવામાં આવ્યું હતું.

પ્રભારી મંત્રી ઋષિકેશ પટેલ સહિતના મહાનુભાવોએ પ્રાકૃતિક કૃષિ વેચાણ કેન્દ્રના વિવિધ સ્ટોલની મુલાકાત લઈ ખેડૂતો સાથે સંવાદ સાધ્યો હતો તેમજ પ્રાકૃતિક ઢબે ઉત્પાદિત વિવિધ ખાદ્ય પદાર્થો અને ચીજવસ્તુઓ અંગેની જાણકારી મેળવી હતી.

આ પ્રસંગે અમદાવાદ જિલ્લાના પ્રભારી મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે આજે સમગ્ર રાજ્યમાં એક સાથે ૩૪ જેટલી જગ્યાએ આ પ્રકારનાં ભવ્ય આયોજન કરવામાં આવ્યાં છે. આ આયોજન પાછળ રાજ્ય સરકારનો એક જ મુખ્ય હેતુ છે કે આપણા સમાજના દરેક નાગરિક સુધી અને છેવાડાના માણસ સુધી યોગ્ય અને પોષણયુક્ત આહાર પહોંચી શકે.

તેમણે ઉમેર્યું કે આજે આપણે સૌ જોઈ રહ્યા છીએ કે દિવસે ને દિવસે નવી-નવી બીમારીઓનું પ્રમાણ વધી રહ્યું છે. લોકોનું સ્વાસ્થ્ય જોખમાઈ રહ્યું છે. આવા કપરા સમયમાં, જો આપણે આપણી આવનારી પેઢીને અને આપણા સ્વાસ્થ્યને બચાવવું હશે, તો પ્રાકૃતિક ખેતી એ આજના સમયની તાતી જરૂરિયાત છે. રસાયણમુક્ત અને શુદ્ધ ખોરાક જ આપણને બીમારીઓથી બચાવી શકે છે તેમ તેમણે જણાવ્યું હતું.

પ્રભારી મંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી સમગ્ર રાજ્યમાં પ્રાકૃતિક ખેતીની મોટી ઝૂંબેશ ચલાવી રહ્યા છે.રાજ્યમાં પ્રાકૃતિક ખેતી કરતાં ખેડૂતોને પાકના યોગ્ય ભાવ મળે અને તેમના ઉત્પાદનોના યોગ્ય વેચાણ માટે યોગ્ય પ્લેટફોર્મ તથા બજાર વ્યવસ્થા પૂરી પાડવા માટે રાજ્ય સરકાર સતત કાર્યરત છે. રાજ્યના નાગરિકોની સુખાકારી અને સ્વાસ્થ્યની ચિંતા રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવી રહી છે તેમ તેમણે ઉમેર્યુ હતું.

આ પ્રસંગે આત્માના ડાયરેક્ટર કે.કે. પટેલે સ્વાગત પ્રવચન કરી સૌને આવકાર્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, આજે અમદાવાદ શહેર-જિલ્લામાં કુલ સાત સ્થળોએ પ્રાકૃતિક કૃષિ વેચાણ કેન્દ્રોનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. જેમાં અમદાવાદ શહેરમાં બે તથા તાલુકા કક્ષાએ ધોળકા, બાવળા, માંડલ, વિરમગામ અને સાણંદમાં એક-એક કેન્દ્રનો સમાવેશ થાય છે.

રાજ્યમાં પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધારવા તથા પ્રાકૃતિક કૃષિનાં ઉત્પાદનોને પ્રોત્સાહન આપવા માટે આવાં પ્રાકૃતિક કૃષિ વેચાણ કેન્દ્રો મહત્વપૂર્ણ બની રહેશે. ખેડૂતો દ્વારા ઉત્પાદિત પ્રાકૃતિક કૃષિ પેદાશો શહેરી ગ્રાહકો સુધી સીધી રીતે પહોંચે અને પ્રાકૃતિક કૃષિ પ્રત્યે લોકોમાં વધુ જાગૃતિ તથા સ્વીકાર વધે તે દિશામાં આ પહેલ ઉપયોગી સાબિત થશે.

# ગોવામાં બેડમિન્ટન ટુર્નામેન્ટમાં રૂત્વ કાનાબારે બીજો નંબર મેળવી સમગ્ર જિલ્લાનું ગૌરવ વધાર્યું



**અબતક, રાજકોટ**

ગોવા ખાતે યોજાયેલ ઓલ ગોવા સ્ટેટ રેન્કીંગ બેડમિન્ટન અંડર ૧૯ ટુર્નામેન્ટમાં રાજકોટના રઘુવંશી યુવક રૂતવ ઘનશ્યામ કાનાબારે બીજો નંબર મેળવીને જિલ્લા અને ગુજરાતનું ગૌરવ વધાર્યું છે.

# વડોદરા ખાતે સુજોક કોન્ફરન્સમાં તપન પંડયાનું પ્રેઝન્ટેશન



**અબતક, રાજકોટ**

સુજોક થેરાપીની માતૃસંસ્થા ઈન્ટરનેશનલ સુજોક એસોસિએશનના ગુજરાત ચેપ્ટર દ્વારા, તાજેતરમાં વડોદરા ખાતે સુજોક થેરાપીની રાજયકક્ષાની કોન્ફરન્સનું આયોજન થયું હતું. જેમાં સમગ્ર ગુજરાતમાંથી ૬૦ જેટલા નિષ્ણાતોએ ભાગ લીધો હતો.

આ સેમિનારમાં વડોદરાના ચેસ્ટ ફિઝિશિઅન ડો. ધવલ સુરાણી એ શ્વસનતંત્રના રોગો પર વક્તવ્ય આપ્યું હતું. આ ઉપરાંત રાજકોટના સુજોક થેરાપીના નિષ્ણાત તપન પંડયાએ, દર્દીનું બંધારણ કેમ બનાવવું તે વિષય પર પ્રેઝન્ટેશન આપ્યું હતું.

સુજોક થેરાપીમાં ફક્ત હાથના પંજામાં જ જિમ્મી / નિડલ/ કલર/ મેગ્નેટ/ મોક્ષા જેવા સાધનોથી સારવાર આપવામાં આવે છે, જે શારીરિક તેમજ માનસિક રોગો માટે પણ ઉપયોગી છે. સુજોક થેરાપીના નિઃશુલ્ક કાર્યક્રમોનું આયોજન કરવા માટે સંસ્થાના મેમ્બર અને લેકચરર તેમજ ઈન્ટરનેશનલ એવોર્ડ વિજેતા તપન પંડયાનો (૯૮૭૯૮ ૪૧૦૪૮) સંપર્ક કરી શકાય છે.

# ઢાંઢણી ગામે કમ્પાઉન્ડ વોલ તોડી નાખી પ્રૌઢને ખૂનની ધમકી અપાઈ

## અહીં દીવાલ બનાવશો નહિ, અમારો ચાલવાનો રસ્તો છે કહી માથાકૂટ કરી : સમાધાન થઈ ગયા બાદ ૨૦ ફૂટ દીવાલ પાડી ૨૫ હજારની નુકસાની સર્જી

**અબતક, રાજકોટ**

શહેરની ભાગોળે આવેલ ઢાંઢણી ગામે જમીન ફરતે દીવાલ બનાવવાની ના પાડી પ્રૌઢને ખૂનની ધમકી આપી ચાર શખ્સોએ કમ્પાઉન્ડ વોલની ૨૦ ફૂટ જેટલી દીવાલ તોડી નાખી રૂ. ૨૫ હજારની નુકસાની સર્જી હતી. જે મામલે પ્રૌઢની ફરિયાદ પરથી આજીડેમ પોલીસે ગુનો નોંધ્યો હતો. નવા ૧૫૦ ફૂટ રીંગ રોડ પર ઓપેરા હાઈટ્સ ફ્લેટ નં.-૪૦૩ માં રહેતા ૫૩ વર્ષીય પ્રૌઢ વિજયભાઈ હિરાભાઈ કંટેસરીયાએ આરોપી તરીકે વિજય પોપટભાઈ કડવાણી, રાજુ બીજલભાઈ કડવાણી, મુન્નો ઉર્ફે બાડો લવાભાઈ કડવાણી અને મનસુખ પોપટભાઈ કડવાણી(તમામ રહે. ઢાંઢણી ગામ, રાજકોટ)નું નામ આપી જણાવ્યું હતું કે, ગઈ તા. ૦૧/૧૦/૨૦૨૬ ના સવારના દશ વાગ્યે ઢાઢણી ગામ ખાતે મારા ફુવા નવનીતભાઈ ગોકળભાઈ વડાલીયાની જમીન આવેલ હોય જે જમીન આશરે ત્રણેક મહીના પહેલા ખરીદેલ છે. જમીનની ફરતે દિવાલ કરવા અર્થે અમે ત્રણ દિવસ પહેલા ગયેલ હતા. ત્યારે ચારેક માણસોએ ધસી આવી અમારો અહિથી ચાલવાનો રસ્તો છે, જેથી અહીં દિવાલ નહીં કરી શકો તેમ કહી અમારી સાથે બોલાચાલી કરી ઝગડો કરી અમને જાનથી મારી નાખવાની ધમકી આપેલ હતી. જેથી અમે પોલીસ કંટ્રોલમાં ફોન કરી પોલીસ બોલાવેલ હતી. ત્યારબાદ અમારે ઘરમેળે સમાધાન થઈ જતા અમે જમીનની ફરતે દિવાલ બનાવતા હતા. ત્યારે વિજય પોપટભાઈ કડવાણી, રાજુ બીજલભાઈ કડવાણી, મુન્નો ઉર્ફે બાડો લવાભાઈ કડવાણી અને મનસુખ પોપટભાઈ કડવાણી વાતો કરતા હતા કે, અત્યારે ભલે દિવાલ બનાવી લેતા પછી પાડી દેશુ. બાદ ગઈ તા. ૦૧/૧૦/૨૦૨૬ ના રોજ અમે જમીન જોવા માટે ઢાંઢણી ગામ ખાતે ગયેલ હતા. જ્યા જઈને જોતા જમીન ફરતે કરેલ દિવાલમાથી આશરે વીશેક ફુટ સુધીની દિવાલ પાડી દીધેલ હાલતમાં જોવા મળી હતી. જેથી અહીં દીવાલ બનાવશો નહિ કહી ખૂનની ધમકી આપી ૨૦ ફૂટ જેટલી દીવાલ તોડી નાખી રૂ.૨૫ હજારની નુકસાની સર્જનાર ચાર શખ્સો સામે પ્રૌઢે આજીડેમ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

### ગાંધી જયંતિએ પણ કતલખાનું ધમધમ્યુ?

# ભીલવાસ પાસે કતલખાનામાં શંકાસ્પદ ગતિવિધી કરતા શખ્સોને ટપારતા સફાઈકર્મી પર હુમલો

## રાત્રિના સમયે તાળું ખોલવા ગયેલા કર્મીએ આજે કતલખાનું બંધ રાખવું જોઈએ તેમ કહેતા અજાણ્યા શખ્સો તૂટી પડ્યા : ઈજાગ્રસ્ત કર્મચારી સારવાર હેઠળ

**અબતક, રાજકોટ**

શહેરમાં ગાંધી જયંતિ નિમિત્તે કતલખાના બંધ રાખવા આદેશ આપવામાં આવ્યો હતો. ત્યારે ભીલવાસમાં રાત્રિના સમયે કતલખાનામાં કંઈક શંકાસ્પદ ગતિવિધિ ચાલતી હોવાનું ધ્યાને આવ્યું હતું. જેથી ત્યાં હાજર શખ્સોને આજે તમારે કતલખાનું બંધ રાખવું જોઈએ તેમ કહી ટપારવા ગયેલા સફાઈ કામદારને અજાણ્યા શખ્સોએ માર માર્યો હતો. ઈજાગ્રસ્ત સફાઈ કર્મીને સારવાર અર્થે સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે. બીજી બાજુ ઘટનાની જાણ થતાં સિવિલ હોસ્પિટલ ખાતે ઈજાગ્રસ્ત યુવાનના સમાજના આગેવાનો એકત્રિત થઈ જતાં વાતાવરણ તંગ બન્યું હતું.

જાણવા મળ્યા મુજબ ભીલવાસ નજીક ઠક્કરબાપા હરિજનવાસ-૩માં રહેતાં કરસનભાઈ લાલજીભાઈ ગોહેલ (ઉ.વ.૪૫) નામના મ્યુ. કોર્પોરેશનના સફાઈ કામદાર રાતે અગીયારેક વાગ્યે ભીલવાસ રોડ પર આવેલા કતલખાના પાસે હતાં. ત્યારે અજાણ્યા શખ્સોએ બેફામ માર મારતાં તેમને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે પ્ર.નગર પોલીસને જાણ કરી હતી.

કરસનભાઈ પર હુમલો થયાની જાણ થતાં તેમના સમાજના લોકો મોટી સંખ્યામાં ભેગા થઈ ગયા હતાં. સામેના પક્ષે પણ લોકો ભેગા થઈ જતાં વાતાવરણ તંગ થઈ ગયું હતું. કરસનભાઈના સમાજના લોકો પોલીસ સ્ટેશને દોડી ગયા હતાં અને રજૂઆત કરી હતી. પોલીસ પણ પહોંચી હતી અને મામલો શાંત પાડ્યો હતો.

દરમિયાન કરસનભાઈ ગોહેલે જણાવ્યું હતું કે હું મ્યુ. કોર્પોરેશનના વોર્ડ નં. ૭માં સફાઈ કામદાર છું. અમારા વિસ્તારમાં આવેલા કતલખાનાને બીજી ઓક્ટોબર ગાંધી જયંતિના દિવસે બંધ રાખવાનું હોઈ તેને આગલી રાતે તાળા માર્યા હતાં. આ પછી રાતે અગીયારેક વાગ્યે હું ફરજના ભાગ રૂપે તાળા ખોલવા ગયો હતો. ત્યારે ત્યાં આસપાસ કેટલાક શખ્સો ખોટુ કરતાં હોઈ મેં તેમને આ તમારે ન કરવું જોઈએ, આજે બધુ બંધ રાખવાનું હોય તેમ સમજાવતાં ઉશ્કેરાઈ ગયા હતાં અને મને મોઢા- માથામાં લાફા ધૂંબા માર્યા હતાં. તેમના કહેવા મુજબ તેમણે આ હકિકત અનુસાર પોલીસને નિવેદન આપ્યું છે.

# વાવડી નજીક પુત્રની સાયકલ કારને અડી જતાં માતાને પાડોશીએ લાફા ઝીંક્યા

## મનસુખભાઈ છાપીયા આવાસ ક્વાર્ટરનો બનાવ : નુકસાનીના ૫૦ હજાર કોણ આપશે કહી ખૂનની ધમકી આપનાર બે મહિલા સહિત પાંચ શખ્સો સામે ગુનો

**અબતક, રાજકોટ**

વાવડી નજીક મનસુભાઈ છાપીયા આવાસમાં પરિણીતાના પુત્રની સાયકલ પાડોશીની કારમાં અડી જતાં પાડોશી શખસે ઝઘડો કરી લાફા- લાત મારી હતી. એટલું જ નહીં તેના મિત્રો, પત્ની- માતાએ પણ ઝઘડો કરી ધમકી આપી હતી. જે અંગે તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે.

શહેરના વાવડી પાસે મનસુખભાઈ છાપીયા ટાઉનશીપ વીંગ એલ-૧ બ્લોક નંબર ૧૦૨ માં રહેતા પ્રજાપતિબેન રાજેશભાઈ ઈંગોલે (ઉ.વ.૪૦) નામના પરિણીતાએ તાલુકા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે તેમની સામેની વિંગમાં રહેતા મિલન તેની પત્ની હીના તેની માતા રમા અને બે અજાણ્યા શખસોના નામ આપ્યા છે. પરિણીતાએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેમના પતિ કારખાનામાં કામ કરે છે સંતાનમાં ૧૬ વર્ષની પુત્રી માનસી અને ૧૨ વર્ષનો પુત્ર કાવ્ય છે.ગઈ તા. ૨૭ ના સવારના ૧૧ વાગ્યે માતા પુત્રી ઘરે હાજર હતા દરમિયાન પુત્ર કાવ્ય વીંગમાં નીચે સાયકલ ચલાવવા માટે ગયો હતો. બપોરના સવા બાર વાગ્યે પુત્ર પરત આવ્યો હતો. દરમિયાન ૧:૪૫ વાગ્યા આસપાસ સામેની વિંગમાં રહેતો મિલન તથા તેના બે મિત્રો ઘરે આવ્યા હતા અને વાત કરી હતી કે, તમારા દીકરા કાવ્યએ નીચે પડેલી મારી કારમાં સાયકલ ભટકાવી છે જેથી તમારા પતિ રાજેશભાઈનો નંબર આપો. પરિણીતાએ કહ્યું હતું કે, મારા પતિ કામમાં હશે ફોન નહીં ઉપાડે તેમ કહી નંબર ન આપતા મિલન કહેવા લાગ્યો હતો કે, તમારા દીકરાએ મારી કારમાં સાયકલ ભટકાડતા મારી કારમાં ૫૦,૦૦૦ નો ખર્ચો થયો છે તે કોણ આપશે? જેથી પરિણીતા કારમાં નુકસાન થયું છે કે કેમ? તે જોવા જતા મિલનની કારમાં પાછળ બમ્પરમાં લીસોટા જોવા મળ્યા હતા તે સિવાય કોઈ નુકસાન થયું ન હતું.

દરમિયાન મિલનના બંને મિત્રો રાડો પાડવા લાગ્યા હતા જેથી પરિણીતાએ રાડો નાખવાની ના કહેતા મિલને પરિણીતાને બે લાફા ઝીકી દીધા હતા અને મિલનના બંને મિત્રોએ તેના વાળ ખેંચ્યા હતા. બાદમાં મિલને લાત મારી હતી. ત્યારબાદ જાનથી મારી નાખવાની ધમકી આપતા પરિણીતા તેના પુત્રને લઈ ઘરે જતી રહી હતી. બાદમાં મિલનની માતા રમા બ્લોકમાં નીચે ગાળો બોલતા હોય જેથી પરિણીતા નીચે જતા મિલન તેની પત્ની હીના અને તેની માતા રમા હાજર હોય અને પરિણીતાને કહેવા લાગ્યા હતા કે, તે મારા દીકરા મિલનને કેમ માર્યું તેવા આક્ષેપો કરી ગાળો આપવા લાગ્યા હતા. આ મિલન ફરી મારવા જતા બ્લોકના માણસોએ તેને દૂર કર્યો હતો. ત્યારબાદ પરણીતાએ પતિને ફોન કરી બનાવની જાણ કરી હતી.

પરણીતાના પતિ રાજેશભાઈ બપોરે ત્રણેક વાગ્યે ઘરે આવ્યા હતા ત્યારે મિલન તેની પત્ની હીના અને તેની માતા રમાએ તેમની પાસે આવી બોલાચાલી અને ઝઘડો કર્યો હતો અને મિલન કહેતો હતો કે, હું તને અહીં રહેવા નહીં દઉં તેવી ધમકી આપી હતી. જે તે સમયે બંને પક્ષોએ સામસામે અરજી કરી હતી. બાદમાં પરિણીતાએ તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

# બોટાદ સાઈબાર ક્રાઈમના ગુનાના વોન્ટેડને રાજકોટ એલસીબીએ ઝડપ્યો

## જસદણના શિવરાજપુર ગામેથી વિશાલ ઝાપડિયાને દબોચી બોટાદ પોલીસના હવાલે કરાયો

**અબતક, રાજકોટ**

બોટાદના સાયબર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુનામાં નાસતા ફરતા આરોપીને રાજકોટ ગ્રામ્ય એલસીબીની ટીમે જસદણના શિવરાજપુર ગામેથી ઝડપી લીધો હતો. ઝડપાયેલા આરોપીને એલસીબીએ બોટાદ પોલીસના હવાલે કર્યો હતો.



રાજકોટ જિલ્લા પોલીસવડા વિજયસિંહ ગુર્જર દ્વારા નાસતા ફરતા આરોપીઓને ઝડપી લેવા માટે સૂચના આપવામાં આવી હોય જેને લઈ એલસીબી પીઆઈ જે.પી. રાવની રાહબરી હેઠળ ટીમ તપાસમાં હતી. દરમિયાન બોટાદ સાયબર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુનામાં ફરાર આરોપી વિશાલ વલ્લભભાઈ ઝાપડિયા (રહે. શિવરાજપુર તા. જસદણ) હાલ શિવરાજપુર બસ સ્ટેન્ડ પાસે હોવાની માહિતી મળી હતી. જેથી પોલીસની ટીમને તાકીદે અહીં પહોંચી આરોપી વિશાલને ઝડપી લઈ બોટાદ સાયબર પોલીસના હવાલે કર્યો હતો.

આરોપીને ઝડપી લેવાની આ કામગીરીમાં એલસીબી પીઆઈ જે.પી.રાવના માર્ગદર્શન હેઠળ પી.એસ.આઈ કે.એમ.ચાવડા, એચ.સી.ગોહિલ, આર.વી. ભીમાણી, પી.એન.ભરવાડ, એ.એસ.આઈ બાલકૃષ્ણભાઈ ત્રિવેદી તથા સ્ટાફ સાથે રહ્યો હતો.

# લ્યો બોલો... લોબીમાં પગારખા મુકવાની માથાકૂટમાં પરિણીતાની આંગળી ભાંગી નાખી

## કાલાવડ રોડ પર હાઉસિંગ ક્વાર્ટરનો બનાવ : પરિણીતાએ ટપારતા માતા-પુત્રીએ ડખ્ખો કર્યો, ગુનો નોંધાયો

**અબતક, રાજકોટ**

શહેરના કાલાવડ રોડ પર હાઉસિંગ કવાર્ટરમાં રહેતી પરિણીતાને પાડોશી માતા-પુત્રીએ માર મારી આંગળી તોડી નાખી હતી. તમે કાયમ કેમ મારા ઘરના દરવાજા બહાર જ બુટ ચંપલ રાખો છે તેમ કહેતા માતા-પુત્રીએ ઝઘડો કરી માથાકૂટ કરી હતી. સમગ્ર મામલે યુનિવર્સીટી પોલીસે ગુનો નોંધ્યો હતો.

કાલાવડ રોડ પર આદિત્ય ૭૯ હાઉસિંગ કવાર્ટર એ-૮૦૩ માં રહેતા ૪૪ વર્ષીય પરિણીતા પરવીનબેન સિકંદરભાઈ ખલીફાએ આરોપી તરીકે પાડોશી મંજુબેન અને તેમની પુત્રી લકીસિંગનું નામ આપી જણાવ્યું હતું કે, મારા પરિવારમાં હું મારા પતિ તથા પુત્ર નાસીરહુસેન (ઉ. વ. ૨૧) છે. ગઈ તા.૨૧/૦૯/૨૦૨૬ ના રોજ રાત્રીના દસ વાગ્યે હુ મારા ઘરે હાજર હતી. મારા પતિ તથા પુત્ર કામ પર ગયેલ હતા. ત્યારે રાત્રીના આશરે દસ વાગ્યાની આસપાસ મે ઘરની બહાર નીકળીને જોયુ તો મારા મેઈન દરવાજાની બહાર લોબીમાં બાજુમા રહેતા પાડોશી મંજુબેનના પરિવારના બુટ ચપ્પલ પડેલ હતા. જેથી મે પાડોશી મંજુબેનને જાણ કરેલ કે તમે કાયમ કેમ અહી બુટ ચલ રાખો છો? તમારી જગ્યાએ કેમ રાખતા નથી ? જે બાદ તેઓ એકદમ ઉશ્કેરાઈ ગયેલ અને મારી સાથે ઝઘડો કરી ઝપાઝપી કરવા લાગેલ હતા. દરમિયાન તેમની દીકરી લકીસિંગ પણ આવી ગયેલ અને તે પણ મારી સાથે ઝઘડો કરવા લાગેલ હતી. મંજુબેનની દિકરી લકીસિંગે મને પાછળથી પકડી રાખેલ હતી જયારે મંજુબેને મારો ડાબો હાથ પકડી મારી આંગળીઓ મચકોડતા આંગળીઓમાં કડાકો બોલેલ હતો. જેથી અન્ય પાડોશીઓ દોડી આવી મને છોડાવી હતી.

જે બાદ પરિણીતાએ પતિને ફોન કરી બનાવ અંગે જાણ કરી હતી. જેથી પરિજનોએ તેણીને સારવાર અર્થે સરકારી હોસ્પિટલ ખાતે ખસેડતા તબીબે આંગળીમાં ફ્રેક્ચર થયાનું જાહેર કર્યું હતું. જેથી પરિણીતાએ સારવાર લીધા બાદ યુનિવર્સીટી પોલીસ મથકે પાડોશમાં રહેતા માતા-પુત્રી સામે ફરિયાદ નોંધાવી હતી.

# ના ઓટીપી કે ના એપીકે ફાઈલ છતાં વેપારીનો મોબાઈલ હેક : રૂ.૨.૨૧ લાખની ઉઠાંતરી

## હરિધવા રોડ પર રહેતા સબમર્સીબલ પંપના વેપારી શિકાર બન્યા : ભક્તિનગર પોલીસે તપાસ આદરી

**અબતક, રાજકોટ**

શહેરના હરિધવા રોડ પર રહેતા સબમર્સીબલ પંપના વેપારીનો મોબાઈલ હેક કરી સાયબર ચાંચીયાઓએ બેંક ખાતામાંથી રૂ. ૨.૨૧ લાખ ઉપાડી લીધા હતા. વેપારીએ કોઈ એપીકે ફાઈલ ખોલી ન હતી, કોઈને ઓટીપી પણ આપ્યો ન હતો તેમ છતાં મોબાઈલ હેક કરી સાયબર માફિયાઓએ પૈસા ઉપાડી લીધા હતા. સમગ્ર મામલે ભક્તિનગર પોલીસે ગુનો નોંધી તપાસ આદરી હતી.

બનાવ અંગે હરિધવા રોડ પર સુભાષનગર શેરી નં.૪/૫ નો ખુણે રહેતાં સંજયભાઈ પાંચાભાઈ ડાભી (ઉ.વ.૪૪) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે અલગ અલગ બેંક એકાઉન્ટના ધારકોના નામ આપી જણાવ્યું હતુ કે, તેઓ ગોંડલ ચોકડી સાંઢીયા પુલ પાસે રિલેક્ષ પંપ ઈન્ડસ્ટ્રીઝ નામે સબમર્સીબલ પંપનો વેપાર કરે છે. ગઈ તા.૨૩ ના બપોરે આશરે ચાર વાગ્યાની આસપાસ તે ઘરે હતાં ત્યારે ઈન્ડસઈન્ડ બેંકનો ટેક્સ્ટ મેસેજ આવેલ જેમા બેંકના ખાતામાંથી રૂ.૯૯,૯૯૯.૯૯ ઉપડી ગયેલ હતાં. જેથી વેરીફાઈ કરવા બેંકની એપ્લીકેશન બેલેન્સ ચેક કરવા માટે ખોલી જોતા ફોન હેક થઈ ગયેલ અને ફોનની સ્ક્રીન પર સ્ક્રિન મીરર ગુગલ આઈપીટીવી નામની એરર આવેલ હતી.

બેંક એપ્લીકેશન ઓપન ન થયેલ જેથી બનાવ બાબતે સગા નાનાભાઈ વીજયભાઈની દુકાને ગયેલ અને તેને આ બાબતે જાણ કરતા તેને એપ ડીલીટ કરવાનો પ્રયત્ન કરેલ પરંતુ એપ ડીલીટ ન થતા મોબાઈલ ફોન સેફ મોડમા ચાલુ કરી એપ ડીલીટ કરેલ ત્યારબાદ ફોન રીસ્ટાર્ટ કરી ફોન ચાલુ કરેલ હતો. ત્યારબાદ તુરંત જ બેંકમા જઈ તપાસ કરતા કુલ રૂ.૨.૨૧ લાખ ટ્રાંસ્ફર થયેલ હતાં.

ત્યારબાદ સાયબર ક્રાઈમ હેલ્પલાઈન નંબર કરી ફરીયાદ આપ્યાં બાદ ભક્તિનગર પોલીસ મથકમાં ગુનો નોંધાવ્યો હતો. જે મામલે પીઆઈ જે. ડી.પરમાર અને ટીમે તપાસ આદરી સાયબર માફિયા સુધી પહોંચવા કવાયત આદરી હતી.

# ઘંટેશ્વર પચ્ચીસ વારિયા ત્યકતાએ ઝેરી દવા પી કર્યો આપઘાત

## એક વર્ષ પહેલા છુટાછેડા થયેલ, પરિવારમાં હૈયાફાટ રૂદનના દ્રશ્યો સર્જાયા, કારણ અકબંધ

**અબતક, રાજકોટ**

શહેરના ઘંટેશ્વર પચીસ વરિયામાં રહેતી ૧૯ વર્ષીય ત્યકતાએ ગત ૩૦ ના રોજ અગમ્ય કારણોસર ઝેરી દવા પી જતા તાત્કાલિક સારવાર અર્થે રાજકોટ સિવિલમાં ખસેડી હતી જ્યાં સારવારમાં ગત રાત્રે તેમનું મોત નીપજ્યું ઘટનાની જાણ થતા ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનનો સ્ટાફ દોડી ગયો હતો અને મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો આપઘાતનું કારણ હજુ સુધી અકબંધ છે

આ અંગે મળતી માહિતી મુજબ શહેર દિવસે દિવસે આપઘાત ના બનાવો ચિંતાજનક વધી રહ્યા છે ત્યારે શહેરના ઘંટેશ્વર ૨૫ વારીયા ચાર મંદિર પાસે રહેતી રાધાબેન ત્રીકમભાઈ મકવાણા ઉંમર વર્ષ ૧૯ વર્ષ ત્યકતાએ અગમ્ય કારણોસર ગત ૩૦ના રોજ ઘરે એકલી હતી ત્યારે ઝેરી દવા પી લેતા તાત્કાલિક સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી જ્યાં ચાલુ સારવારમાં દમ તોડ્યો હતો. ઘટનાની જાણ થતા ગાંધીગ્રામ પોલીસ સ્ટેશન નો સ્ટાફ દોડી ગયો હતો અને મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો આ અંગે આપઘાતનું કારણ હજુ સુધી અકબંધ છે અને ત્યકતા એક વર્ષ પહેલા છૂટાછેડા થયા હતા મૃતક ચાર બેન માં ત્રીજા નંબરના અને એક ભાઈ છે ત્યકતાના મોતથી પરિવારમાં ગમગીની છવાઈ ગયો આ અંગે ગાંધીગ્રામ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે

# સાયલાના કોટડા ગામેથી ૭ કિલો પોશડોડા સાથે વૃદ્ધ ઝડપાયો

## રાજકોટ રેન્જની ટીમે દરોડો પાડ્યો, વૃદ્ધ બંધાણી અને ખર્ચો કાઢવા વેચાણ કરતો હોવાનું ખુલ્યું, માદક પદાર્થ સુદામડાના બિપીન ગોર પાસેથી લાવ્યાની કબૂલાત

**અબ તક રાજકોટ**

સાયલા તાલુકાના કોટડા ગામે મકાનમાં રાજકોટ રેન્જની ટીમે દરોડો પાડયો હતો. મકાનમાંથી ૭ કિલો ૧૬૦ ગ્રામ પોશડોડા અને રૂપિયા ૧.૦૭ લાખની કિંમતના મુદ્દામાલ સાથે વૃધ્ધને ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી કરી હતી. પ્રાથમિક તપાસમાં વૃધ્ધ ખુદ બંધાણી હોય પીવા માટે અને ખર્ચો કાઢવા વેચવા માટે માદક ડોડવા લાવ્યાનું માલુમ પડ્યું હતું. વૃધ્ધને આ માદક પદાર્થ સાયલાના સુદાડમા ગામે રહેતા શખસે આપ્યાનું ખુલતા પોલીસે બંન્ને સામે ગુનો નોંધી અન્ય આરોપીને ઝડપી લેવા તપાસ હાથ ધરી છે.



રાજકોટ રેન્જ ડીઆઈજી નિર્લિપ્ત રાય દ્વારા રેન્જ હસ્તકના જિલ્લાઓમાં ગેરકાયદે પ્રોહિબીશન - જુગાર તથા એન.ડી.પી.એસ.ને પ્રવૃતિ કરનારા શખોસને શોધી કાઢી તેઓ વિરુધ્ધ કડક કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવી હોય જેને લઈ રેન્જના પીઆઈ અપૂર્વ પટેલના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ પી.એન.મોરી, બી.સી.મિયાત્રા, સી.એમ.કાંટેલીયા, એ.વાય.ઉધાસ તથા સ્ટાફ તપાસમાં હતો. દરમિયાન મળેલ હકિકતથી લીંબડી ડીવાયએસપી વી.એમ.રબારીને વાકેફ કરી સ્ટાફના યોગેન્દ્રસિંહ ચુડાસમા, અતુલભાઈ ડાભી, અજયવીરસિંહ ઝાલા, ફતેસંગ પરમાર, રાજુભાઈ પઢેરીયા નાઓએ સુરેન્દ્રનગર જિલ્લાના ધજાળા પોલીસ સ્ટેશન વિસ્તારના સાયલા તાલુકાના કોટડા ગામે આંગણવાડી પાસે આવેલા અમરાભાઈ હરસુરભાઈ વાળાના મકાનમાં દરોડો પાડયો હતો. અહીંથી વનસ્પતિ જન્ય માદક પદાર્થ પોશડોડાનો જથ્થો ૭ કિલો અને ૧૬૦ ગ્રામ કિ.રૂ. ૧,૦૭,૪૦૦ નો મુદ્દામાલ મળી આવતા વૃધ્ધની અટક કરી હતી.

બાદમાં પોલીસે પુછતાછ કરતા વૃધ્ધ ખુદ બંધાણી હોય પીવા માટે અને ખર્ચો કાઢવા વેચવા માટે માદક ડોડવા લાવ્યાનું માલુમ પડયું હતું. વૃધ્ધને આ માદક પદાર્થ કોની પાસેથી લીધો તે અંગે પુછપરછ કરતા સાયલા તાલુકાના સુદામડા ગામે રહેતા બિપીન ગોર પાસેથી લાવ્યાની કબુલાત આપતા બંન્ને આરોપીઓ વિરુદ્ધ લીંબડી ડીવાયએપી વી.એમ.રબારીના રૂબરૂમાં ફરીયાદ આપી સુરેન્દ્રનગર જિલ્લાના ધજાળા પોલીસ સ્ટેશન ખાતે ગુન્હો દાખલ કરાવી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી.


**પશ્ચિમ રેલવે**
**રાજકોટ મંડળ**

**કન્સલ્ટન્ટની નિમણૂક માટે ટેન્ડર**

**ટેન્ડર નોટિસ નં.: CA11-NFR-CONSULTANT-26;** રાજકોટ જિલ્લા માટે, પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝનમાં કોમર્શિયલ સ્પેસ/એસેટ તથા ખાલી રેલવે જમીનના મહત્તમ વાણિજ્ય ઉપયોગ માટે કન્સલ્ટન્ટની સેવાઓને વધારવા સંબંધિત વ્યૂહાત્મક સલાહકારી સેવાઓ માટે મેનેજમેન્ટ કન્સલ્ટન્ટની પસંદગી કરવા ટેન્ડર આમંત્રિત કરવામાં આવે છે. ટેન્ડરની વિગતો નીચે મુજબ છે: **(1) કામનું નામ:** રાજકોટ ડિવિઝન, પશ્ચિમ રેલવે હેઠળ રાજકોટ, જામનગર, દ્વારકા અને ભક્તિનગર સ્ટેશનો ખાતે કોમર્શિયલ સ્પેસ/એસેટ તથા ખાલી રેલવે જમીનના મહત્તમ વાણિજ્ય ઉપયોગ માટે કન્સલ્ટન્ટની નિમણૂક માટે ટેન્ડર. **(2) કન્સલ્ટન્સી કામની કુલ અંદાજિત કિંમત ("કન્સલ્ટન્સીની કિંમત"):** ₹9,98,000/- (GST સહિત) (રૂપિયા નવ લાખ અઠ્ઠાણું હજાર માત્ર) **(3) બિડ સિક્યોરિટી (EMD):** ₹20,000/- (રૂપિયા વીસ હજાર માત્ર) **(4) કરારની અવધિ:** 06 મહિના **(5) બિડ રજૂ કરવાની છેલ્લી તારીખ અને સમય:** 26/10/2026 ના રોજ 15:00 કલાક (IST) સુધી **(6) બિડ ખોલવાની તારીખ અને સમય:** 26/10/2026 ના રોજ 15:30 કલાક (IST) **(7) ટેન્ડરની પદ્ધતિ:** સિંગલ સ્ટેજ, ટુ પેકેટ સિસ્ટમ **(8) ઈ-પ્રોક્યોરમેન્ટ પોર્ટલ:** www.ireps.gov.in **(9) કચેરીનું સરનામું:** વરિષ્ઠ મંડળ વાણિજ્યિક પ્રબંધક, રાજકોટ ડિવિઝન, પશ્ચિમ રેલવે, DRM કચેરી, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ-360005

RJT 158

અમને લાઇક કરો: facebook.com/WesternRly


# ખેડૂત સાથે રેસ્ટોરેન્ટમાં ભાગીદારીના બહાને રૂ.૩.૫૪ લાખની છેતરપિંડી

**અબતક, રાજકોટ**

જસદણના ખેડૂતને રેસ્ટોરેન્ટમાં ભાગીદાર બનાવવાના બહાને રૂ. ૩.૫૪ લાખની ઠગાઈ આચારવામાં આવી હતી. એક મુલાકાતે મિત્ર થયેલ હોટેલ સંચાલકે દવાખાનાના કામે પૈસાની જરૂર છે કહી યુવકને ભાગીદાર બનાવી ફસાવી રૂપીયા પડાવી હાથ ઊંચા કરી દીધાની સાથે ધમકી પણ આપી હતી. બનાવ અંગે જસદણના ગઢડિયા રોડ પર રહેતાં ભાવીનભાઈ શાંતીભાઈ છાયાણી (ઉ.વ.૨૭) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે શુભમ ગીરધર રાખોલીયા (રહે. જસદણ) નામના શખ્સનું નામ આપી જણાવ્યું હતું કે, તેઓ ખેતીકામ કરી પરીવારનુ ગુજરાન ચલાવે છે. એકાદ વર્ષ પહેલા તેઓને ચીતલીયા કુવા રોડ ખાતે એઈટ-ઈલેવન સાઉથ ઈન્ડીયન ચાઈનીજ હોટલના માલિક શુભમ રાખોલીયા સાથે મુલાકાત થયેલ બાદ બે દિવસ પછી ફરીથી તેની હોટલે ગયેલ ત્યારે શુભમ રાખોલીયાએ વાત કરેલ કે, મારે હાલ દવાખાનાના કામે પૈસાની જરૂરીયાત છે, તમે મને પૈસાની સગવડ કરી આપો તો હુ તમને હોટલમા ૫૦% ભાગીદારી આપીશ. જેથી પૈસા બાબતે પુછતા તેઓએ કહેલ કે, મે રૂ.૬.૫૦ લાખનું રોકાણ કરેલ છે. જેથી તમે રૂ.૩.૩૦ લાખ આપો એટલે તમારી પણ ભાગીદારી ગણાશે અને નફાનો હિસાબ દર મહિને કરીશુ.જે બાદ ફરીયાદીએ મિત્ર ધવલ દિનેશભાઈ હિરપરાને હોટલમા ભાગીદારી માટે વા ત કરતા તેઓએ સહમતી આપેલ જેથી બન્નેએ રૂ.૩.૩૦ લાખ ભેગા કરી શુભમ રાખોલીયાને આપેલ અને જે બાબતનુ રૂ.૩૦૦ ના સ્ટેમ્પમા લખાણ કરેલ હતુ. બાદ મહિનો પુરો થતા પંદર દિવસનો હિસાબ કરેલ જેથી ખર્ચાના રૂ.૨૪ હજાર શુભમ રાખોલીયાને આપેલ હતાં. હોટલ બરાબર ચાલતી હતી. બાદ મહિનો પુરો થતા હિસાબની વાત કરેલ તો તે આજકાલ કરતો હોય જેથી ફરીયાદી અને તેના મિત્રએ શુભમને કહેલ કે રૂ.૩.૫૪ લાખ હોટલમા આપેલ છે. અમારે ભાગીદારી રાખવી નથી. થોડા સમયમા એટલે કે બે મહિનામા અમારા પૈસા અમને પરત કરી દેવાનુ જણાવેલ હતું.

# ૧૦૫ મિલિયન મેટ્રિક ટન કાર્ગો અને વિક્રમી કન્ટેનર હેરફેર સાથે મુન્દ્રા અદાણી પોર્ટે રચ્યો ઈતિહાસ

## અદાણી મુન્દ્રા પોર્ટે પોતાનો જ રેકોર્ડ તોડી દેશના સૌથી મોટા કન્ટેનર હેરફેર અને પુરવઠા સંચાલન કેન્દ્ર તરીકે સિદ્ધિ મેળવી

**અબતક, રાજકોટ**

ભારતના સૌથી મોટા વ્યવસાયિક બંદર તરીકે ઓળખાતા અદાણી પોર્ટ્સ એન્ડ સ્પેશિયલ ઈકોનોમિક ઝોનના મુન્દ્રા પોર્ટે નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ના પ્રથમ અને બીજા ત્રિમાસિક ગાળામાં મળીને કુલ ૧૦૫ મિલિયન મેટ્રિક ટન કાર્ગોની હેરફેર કરીને નવો ઐતિહાસિક વિક્રમ સ્થાપિત કર્યો છે. કન્ટેનર હેરફેરમાં પણ નવો રાષ્ટ્રીય વિક્રમ નોંધાયો છે, જેમાં સપ્ટેમ્બર ૨૦૨૬ દરમિયાન સીટી-૩ એ એક જ મહિનામાં ૩,૦૯,૯૫૫ કન્ટેનરની હેરફેર કરીને ભારતના કન્ટેનર બંદર ક્ષેત્રે નવો રેકોર્ડ બનાવ્યો છે. આ અગાઉનો રાષ્ટ્રીય રેકોર્ડ પણ ઓગસ્ટ ૨૦૨૬માં અદાણી પોર્ટના સીટી-૩ના નામે હતો, જેણે ૩,૦૭,૩૨૯ કન્ટેનરની હેરફેર કરી હતી.માત્ર એક જ મહિનામાં પોતાનો જ રેકોર્ડ તોડી નવું માનદંડ સ્થાપિત કરવું એ મુન્દ્રા બંદરની વિશ્વસ્તરીય કામગીરીની કાર્યક્ષમતા, આધુનિક તકનીક અને સુસંગત આયોજન દર્શાવે છે. આ સિદ્ધિ સાબિત કરે છે કે મુન્દ્રા બંદર માત્ર ભારતનું સૌથી મોટું કન્ટેનર હેરફેર કરતું બંદર નથી, પરંતુ દેશના વધતા વૈશ્વિક વેપારને ગતિ આપતું સૌથી વિશ્વસનીય પુરવઠા સંચાલન કેન્દ્ર પણ છે. મુન્દ્રા બંદર આજે ઉત્તર ભારતના વેપાર માટેનું મુખ્ય કન્ટેનર પ્રવેશદ્વાર બની ગયું છે. ગુજરાત, રાજસ્થાન, હરિયાણા, પંજાબ, દિલ્હી, ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ અને જમ્મુ-કાશ્મીર જેવા રાજ્યોના આયાતકારો અને નિકાસકારો માટે મુન્દ્રા સૌથી પસંદગીનું બંદર બન્યું છે.

બંદરને દેશના મોટાભાગના ઔદ્યોગિક અને વપરાશ કેન્દ્રો સાથે જોડતા વિશાળ રેલવે અને માર્ગ જોડાણ નેટવર્કને કારણે માલસામાનની ઝડપી અને કિફાયતી હેરફેર શક્ય બની છે. કન્ટેનર ઉપરાંત મુન્દ્રા પોર્ટ કોલસા, ક્રૂડ ઓઈલ, એલએનજી, ખાતર, કૃષિ ઉત્પાદનો, વાહનો, સ્ટીલ અને પ્રોજેક્ટ કાર્ગો સહિત તમામ મુખ્ય પ્રકારના કાર્ગોની હેરફેર કરે છે. બંદર ખાતે ઉપલબ્ધ ઊંડા જળમાર્ગો, અતિઆધુનિક ટર્મિનલો અને એકીકૃત સુવિધાઓને કારણે તે દેશ-વિદેશના વેપારીઓ માટે સૌથી વિશ્વસનીય માધ્યમ તરીકે ઉભરી આવ્યું છે. ૧૦૫ મિલિયન મેટ્રિક ટન કાર્ગો હેરફેરનો આ ઐતિહાસિક આંકડો ભારતના વધતા વેપાર, ઉત્પાદન અને નિકાસ ક્ષમતાનું પ્રતિબિંબ છે.

તંત્રી લેખ

# ગુજરાતમાં સમાન નાગરિક ધારાનો પથદર્શક નિર્ણય

વિશ્વનું સૌથી મોટું લોકતંત્ર હવે આર્થિક મહાસત્તા બનવા તરફ આગળ વધી રહ્યું છે ત્યારે દેશમાં નાગરિકોની સમાનતા અને અધિકારો ની ઉપલબ્ધિ માં કોઈ ભેદ ન રહે તે માટે રાષ્ટ્ર પતિ પ્રતિબધ બન્યું છે ત્યારે સમાન નાગરિક સંહિતા ના અમલ માટે ગુજરાતની પહેલ સમગ્ર દેશ માટે પથ દર્શક બની રહેશે,રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ દ્વારા 'ગુજરાત સમાન નાગરિક સંહિતા વિધેયક, ૨૦૨૬'ને મંજૂરી આપવાની સાથે જ ભારતના બંધારણીય અને સામાજિક ઈતિહાસમાં એક નવું અને પ્રોત્સાહક પ્રકરણ ઉમેરાયું છે.

ઉત્તરાખંડ બાદ ગુજરાત દેશનું એવું બીજું રાજ્ય બન્યું છે જેણે આ ઐતિહાસિક અને સામાજિક ક્રાંતિ સમાન કાયદાને મંજૂરી અપાવી છે. આ માત્ર કાયદાકીય મંજૂરી નથી, પરંતુ ભારતીય બંધારણના માર્ગદર્શક સિદ્ધાંતોમાં દર્શાવેલ 'સમાન નાગરિક ધારા'ના સ્વપનને સાકાર કરવાની દિશામાં ભરાયેલું એક મક્કમ અને પ્રગતિશીલ પગલું છે.આ નિર્ણયની ફળશ્રુતિ માત્ર કાયદાકીય સમાનતા પૂરતી મર્યાદિત નથી, પરંતુ તેની વ્યાપક અસર સામાજિક અને નારી સશક્તિકરણ ક્ષેત્રે જોવા મળશે. લગ્ન, છૂટાછેડા, વારસાઈ હક્ક, દત્તક વિધાન અને ગુજારા ભથ્થા જેવા નાગરિક ક્ષેત્રોમાં તમામ ધર્મો અને વર્ગો માટે એકસમાન કાયદાકીય માળખું અમલી બનવાથી વર્ષો જૂની કાનૂની જટિલતાઓ દૂર થશે.

ખાસ કરીને મહિલાઓના અધિકારોનું રક્ષણ થશે અને લિંગ આધારિત ભેદભાવનો અંત આવશે. જે સમાજમાં તમામ નાગરિકો કાયદાની સમક્ષ સમાન હક્કો ભોગવે છે, ત્યાં જ સાચા અર્થમાં સામાજિક ન્યાય અને ભાઈચારાની સ્થાપના થાય છે.ગુજરાત હંમેશાં દેશ માટે નવીન પહેલો, સક્ષમ શાસન અને આર્થિક તથા સામાજિક સુધારામાં અગ્રેસર રહ્યું છે. પંચાયતી રાજ હોય કે ઔદ્યોગિક નીતિઓ, ગુજરાતે હંમેશાં મોડેલ પૂરું પાડ્યું છે.

આ જ શ્રેણીમાં સમાન નાગરિક ધારાનો કડક અને સુચારૂ અમલ દેશના અન્ય રાજ્યો માટે પણ ચોક્કસપણે ''પથ દર્શક'' સાબિત થશે. વિવિધીતામાં એકતા ધરાવતા દેશમાં દરેક નાગરિક માટે એકસમાન નાગરિક સંહિતા હોવી એ દેશની એકતા, અખંડિતતા અને બંધારણીય મૂલ્યોને વધુ મજબૂત બનાવે છે. રાષ્ટ્રપતિની મંજૂરી બાદ હવે નિયમોના ઘડતર અને યોગ્ય અમલીકરણથી ગુજરાત સામાજિક સમાનતાનું નવું ઉદાહરણ પૂરું પાડશે.

# પ્રાર્થના માટે માત્ર શબ્દો જ જરૂરી નથી, પરંતુ સાચા હૃદયની ભાવના મહત્વપૂર્ણ: નમ્રમુનિ

## મુંબઈમાં કર્ણબધિર જૈન ભાવિકો માટે 'જૈન ડેફ સોસાયટી'નો શુભારંભ: ધર્મજ્ઞાન, સાધના, સંસ્કાર અને આધ્યાત્મિક વિકાસ સાથે જોડવા વિશેષ વર્ગો યોજાશે






**અબતક, રાજકોટ**

મુંબઈના ઘાટકોપર સ્થિત આરાધ્યા સાધના હોલ ખાતે શુક્રવાર, તા. ૨ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ રાષ્ટ્રસંત નમ્રમુનિ મહારાજ સાહેબના પાવન સાંનિધ્યમાં 'જૈન ડેફ સોસાયટી મુંબઈ'નો ઐતિહાસિક શુભારંભ કરવામાં આવ્યો હતો. કર્ણબધિર જૈન ભાવિકોને ધર્મજ્ઞાન, આધ્યાત્મિક સાધના, સંસ્કાર અને સશક્તિકરણ સાથે જોડવાના હેતુથી આ નવી પહેલ શરૂ કરવામાં આવી છે.

આ પ્રસંગે કર્ણબધિર ભાવિકો માટે વિશેષ માર્ગદર્શન શિબિરનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. ૨૫૦થી વધુ કર્ણબધિર ભાવિકોએ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી રાષ્ટ્રસંત નમ્રમુનિ મહારાજ સાહેબના આશીર્વચનનો લાભ લીધો હતો. ભાવિકોના પ્રશ્નોના ટ્રાન્સલેટર મારફતે જવાબ આપવામાં આવ્યા હતા.

ભાવિકોને સંબોધતા ગુરુદેવે જીવનમાં સુખ વધારવા અને દુઃખ ઓછું કરવા માટે સકારાત્મક અભિગમ કેળવવાની પ્રેરણા આપી હતી. તેમણે દરરોજ ઓછામાં ઓછા ૧૦૦ લોકોના ચહેરા પર સ્મિત લાવવાનું લક્ષ્ય રાખવા અને 'સ્માઈલ ડોનેશન'ની ભાવના કેળવવા જણાવ્યું હતું. પોતાની પરિસ્થિતિ માટે બીજાને દોષ આપવાને બદલે આત્મચિંતન અને કર્મસિદ્ધાંતને સમજવાનો પણ બોધ આપ્યો હતો.

સુખ અને દુઃખ પ્રત્યેની દૃષ્ટિ અંગે સમજાવતા તેમણે કહ્યું હતું કે જે મેળવવાની ઈચ્છા હોય તે પહેલાં બીજાને આપવાની ભાવના રાખવી જોઈએ. સુપાત્ર દાન, સંતસેવા તેમજ મનની શુદ્ધિ માટે મંત્રજપ અને ધ્યાનને જીવનનો ભાગ બનાવવાની પ્રેરણા પણ આપવામાં આવી હતી.

આ પ્રસંગે ગુરુદેવે 'જૈન ડેફ સોસાયટી મુંબઈ'ના સ્થાપક ઋષભ ભણશાલીની શુભ ભાવનાને બિરદાવી હતી અને સમગ્ર કર્ણબધિર સમાજને સાથે લઈને આગળ વધવાની ભાવના વ્યક્ત કરી હતી. 'લુક એન લર્ન જૈન જ્ઞાન ધામ' દ્વારા કર્ણબધિર ભાવિકો માટે વિશેષ વર્ગ શરૂ કરવાની જાહેરાત કરવામાં આવી હતી. આ ઉપરાંત હવે દર રવિવારે બપોરે ૩થી ૪ વાગ્યા સુધી ઓનલાઈન વર્ગો યોજવાની જાહેરાત પણ કરવામાં આવી હતી. જૈન ડેફ સોસાયટી મુંબઈના શુભારંભ સાથે કર્ણબધિર જૈન ભાવિકોને ધર્મ, સંસ્કાર, સાધના અને આધ્યાત્મિક વિકાસ સાથે જોડવાની નવી પહેલનો પ્રારંભ થયો છે.

# વિજયી બલિદાનોની સ્મૃતિમાં કાલે ''કહા ગયે વો લોગ'' સન્માન અને સંસ્મરણ કાર્યક્રમ

## બિગટ્રી વિઝન મેનેજમેન્ટ કંપની આયોજીત કાર્યક્રમ સંગીત, કલા અને આધ્યાત્મિકતાનો ઉત્સવ બની રહેશે







**અબતક, રાજકોટ**

સ્વતંત્ર સંગ્રામના ૭૫ રાષ્ટ્રવીરો તેમજ ૨૧ પરમવીર ચક્ર વિજેતાઓના સન્માન તેમજ શ્રદ્ધાંસુમન ના કાર્યક્રમનું આયોજન હેમુગઢવી હોલ ખાતે કરવા માં આવ્યું છે

આ કાર્યક્રમ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ના સુશાસનના ૨૫ વર્ષના ''સેવા સંકલ્પ'' પૂર્ણ થવાના અવસરે યોજાઈ રહ્યો છે.

આ કાર્યક્રમમાં દેશના વીરોના સંસ્મરણોને વંદન કરવામાં આવશે. રાજકોટના સાંસ્કૃતિક ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે અંકિત થાય તેવા આ કાર્યક્રમમાં સ્ટેજ પર વિરાટ એલઈડી સ્ક્રીન થકી દેશના વીર સપૂતોની શોર્યગાથા ને જીવંત કરવામાં આવશે જેમાં રાષ્ટ્રવીરો અને પરમવીર ચક્ર વિજેતાઓના જીવન ચરિત્ર વિશેની માહિતી તથા દેશભકિતના ગીતો પડદા પર દર્શાવાશે. સાથે સુપ્રસિદ્ધ દેશભકિત ફિલ્મોના દ્રશ્યો / વિડીયો સાથે કલાકારો દ્વારા ગીતોનું લાઈવ પરફોર્મન્સ પણ પ્રસ્તુત કરવામાં આવશે.

આ પ્રસંગે રાજકીય, સમાજસેવા અને વહીવટી ક્ષેત્રના અગ્રણીઓ ઉપસ્થિત રહેશે . આ સમારોહમાં દીપ પ્રાગટ્ય કર્ણાટક ના પૂર્વ ગવર્નર વજુભાઈ વાળા સાહેબ કરશે; જ્યારે ગરિમામય અને પ્રેરક ઉપસ્થિતિ તરીકે સાંસદ પરસોતમભાઈ રૂપાલા, મેયર ડો. નેહલભાઈ શુકલ, પૂર્વ મંત્રી ભાનુબેન બાબરીયા, ધારાસભ્ય દર્શિતાબેન શાહ, ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ, ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા, ભાજપ શહેર પ્રમુખ માધવભાઈ દવે, દિવ્યેનભાઈ રાયઠઠ્ઠા ( પ્રાગટ્ય ગ્રુપ ઓફ કંપની ) અમદાવાદ,તેમજ નિશા ચાવડા ( Mrs. ઈન્ડિયા )ખાસ ઉપસ્થિત રહેશે સુરત થી જીગ્નેશભાઈ ભજીયાવાલા તેમજ અમદાવાદ થી ઉમેશભાઈ માખીજા, ( સ્વં મોહમ્મદ રફી સાહેબના ભક્ત ) ખાસ હાજર રહેશે અને આ સાથે

આ સમગ્ર કાર્યક્રમ માત્ર એક સંગીતમય રજૂઆત નહીં પરંતુ માતૃભૂમિ માટે સર્વસ્વ અર્પણ કરનાર રાષ્ટ્રવીરો અને પરમવીર ચક્ર વિજેતાઓની શૌર્યગાથાને નવી પેઢી સુધી પહોંચાડતું ભાવસભર રાષ્ટ્રીય સંસ્મરણ બની રહેશે.

આયોજનકર્તાઓના સંયુક્ત પ્રયાસોથી આ કાર્યક્રમ સંગીત, કલા, સંસ્કાર અને આધ્યાત્મિકતાનો અવિસ્મરણીય ઉત્સવ બની રહેશે. ખાસ પપ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક્સ ના લોકો માટે અલગ વ્યવસ્થા કરવા માં આવેલ છે તેમજ વ્યવસ્થા ના ભાગ રૂપે ઍક કાર્ડ ઉપર એકજ વ્યક્તિ ને પ્રવેશ આપવા માં આવશે આ કાર્યક્રમ તદ્દન નિઃશુલ્ક છે.તેમ વિજયભાઈ કારીઆ, અભિષેક કારીઆ (બિગ ટ્રી વિઝન મેનેજમેન્ટ કંપની), રાજુભાઈ ધ્રુવ એ અંત માં જણાવેલ છે.

તેમજ આ કાર્યક્રમના નિમંત્રણ કાર્ડ મેળવવા માટે બિગ ટ્રી વિઝન મેનેજમેન્ટ કંપની ના અભિષેક કારિયા ૯૦૩૩૨૦૨૩૧૬ , નો સંપર્ક કરવા યાદી માં જણાવાયું છે.

# સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત 'મધુવન સ્કૂલ' ખાતે નેત્રયજ્ઞ યોજાયો



**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરના મોરબી રોડ સ્થિત સેટેલાઈટ ચોક પાસે આવેલી મધુવન સ્કૂલ ખાતે માનવસેવાના ઉમદા હેતુથી એક વિશાળ 'આરોગ્ય તપાસ શિબિર, આંખ તપાસ કેમ્પ તેમજ મફત ચશ્મા વિતરણ કેમ્પ'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ સેવાકીય કેમ્પમાં બહોળી સંખ્યામાં સ્થાનિક રહીશ અને જરૂરિયાતમંદ નાગરિકોએ હાજરી આપી સ્વાસ્થ્ય તપાસનો લાભ લીધો હતો.

આ પ્રસંગે રાજકોટ શહેર ભાજપ પ્રમુખ ડો. માધવ દવે વિશેષ રૂપે ઉપસ્થિત રહ્યા હતા. તેમણે કેમ્પની મુલાકાત લઈ નિષ્ણાત તબીબોની ટીમને બિરદાવી હતી। આ કેમ્પમાં આરોગ્ય તપાસ અનુભવી તબીબો દ્વારા સામાન્ય રોગો, બીપી, ડાયાબિટીસ વગેરેનું નિદાન કરી જરૂરી તબીબી સલાહ આપવામાં આવી હતી. નિષ્ણાત નેત્ર ચિકિત્સકો દ્વારા આંખોની ઝીણવટભરી તપાસ કરવામાં આવી હતી અને જરૂરિયાતમંદ દર્દીઓને નિઃશુલ્ક ચશ્માનું વિતરણ કરવામાં આવ્યું હતું.

# એકસેલન્સ દિવ્યાંગ ફાઉન્ડેશન દ્વારા મંગળવારે દિવ્યાંગો માટે સ્વ-રોજગાર એસેસમેન્ટ કેમ્પ

## ૧૦૦થી વધુ દિવ્યાંગોને આત્મનિર્ભર બનાવવાના હેતુથી કૌશલ્ય આધારિત સાધનો આપી રોજગારમાં સ્થિર થાય ત્યાં સુધી સહયોગ અપાશે



**અબતક, રાજકોટ**

રાજકોટ અને મોરબી જિલ્લાના દિવ્યાંગ ભાઈ-બહેનોને આત્મનિર્ભર બનાવી સ્વ-રોજગાર તરફ વાળવાના ઉમદા હેતુથી એક વિશેષ એસેસમેન્ટ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. અંધજન મંડળ વસ્ત્રાપુર (અમદાવાદ), એકસેલન્સ દિવ્યાંગ ફાઉન્ડેશન અને એસબીઆઈ - આરસેટીના સંયુક્ત ઉપક્રમે મંગળવારે સવારે ૧૦ થી સાંજે ૪ કલાક સુધી એસબીઆઈ આરસેટી, સ્ટેફ કોલોની સામે, વિમલ નગર કોર્નર, વસંત માર્વેલ અને ઝાઝા હોટેલ પાસે, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ગેટ નં. ૨ પાસે, કાલાવડ રોડખાતે યોજાશે.

આ અંગેની વિગતવાર માહિતી આપવા માટે દિવ્યાંગ ફાઉન્ડેશન અને આયોજક ટીમ તરફથી જીગ્નેશ ગોસ્વામી, આલોક દલસાણીયા અને હાર્દિક ગોસ્વામીએ 'અબતક' કાર્યાલયની શુભેચ્છા મુલાકાત લીધી હતી.તેમણે જણાવ્યું હતું કે આ શિબિરમાં રાજકોટ તથા મોરબી જિલ્લાના ૨૦ થી ૪૦ વર્ષની વયજૂથ ધરાવતા દિવ્યાંગ ભાઈ-બહેનો ભાગ લઈ શકશે. જે દિવ્યાંગો પોતાનો સ્વ-રોજગાર શરૂ કરવા માંગતા હોય તેમને તેમની આવડત અને કૌશલ્ય મુજબ સાધનો અને કિટ પૂરી પાડવામાં આવશે. જેમાં બ્યુટી પાર્લર, સિલાઈ મશીન, ફાસ્ટ ફૂડ કેબિન કે રેકડી જેવા સાધનોનો સમાવેશ થાય છે. આ કેમ્પ દ્વારા ૧૦૦થી વધુ દિવ્યાંગોને સહાય કરવાનો લક્ષ્યાંક છે, અને સાધનો આપ્યા બાદ પણ સંસ્થા દ્વારા તેઓ રોજગારમાં સ્થિર થાય ત્યાં સુધી ફોલો-અપ લેવામાં આવશે. આ કેમ્પમાં અંધ, અલ્પ દ્રષ્ટિ, અસ્થિવિષયક વિકલાંગતા (શારીરિક ખોડખાંપણ) અને બહેરા-મૂંગા દિવ્યાંગ વ્યક્તિઓ ભાગ લઈ શકશે. લાભ લેવા ઈચ્છુક દિવ્યાંગોએ સિવિલ સર્જનનું પ્રમાણપત્ર, બસ પાસ, યુ.આઈ.ડી. કાર્ડ, આધાર કાર્ડ, જન્મનો દાખલો, રહેઠાણનો પુરાવો (રેશનકાર્ડ/ચૂંટણી કાર્ડ), શૈક્ષણિક પ્રમાણપત્ર, જાતિ-આવકનો દાખલો અને પાસપોર્ટ સાઈઝના ફોટા જેવા જરૂરી પુરાવાઓની ઝેરોક્ષ નકલ સાથે રૂબરૂ નોંધણી કરાવવાની રહેશે.

# ગાંધી અને શાસ્ત્રી જયંતિ નિમિત્તે પૂર્વ શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ શ્રદ્ધાંજલિ અર્પી



**અબતક, રાજકોટ**

આખા વિશ્વને શાંતિ અને અહિંસાનો માર્ગ સત્યાગ્રહ દ્વારા શીખવનાર ભારતના રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી તથા ભારતરત્ન અને ભારતના બીજા પ્રધાનમંત્રી લાલ બહાદુર શાસ્ત્રીની જન્મજયંતિ નિમિત્તે પૂર્વ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ તેમને શ્રદ્ધાંજલી અર્પી હતી.

આજના પવિત્ર દિવસે તેમના સત્ય, અહિંસા, સાદગી અને ''જય જવાન, જય કિસાન'' ના મંત્રને યાદ કરી, રાષ્ટ્ર નિર્માણના તેમના સપનાને સાકાર કરવાનો સંકલ્પ કરવા પૂર્વમંત્રીએ અનુરોધ કર્યો હતો.

# લોહાણા સમાજ વેવિશાળ પ્રશ્નોના નિરાકરણ માટે બજરંગ ગ્રુપ ઓફ રાજકોટ સિટીનું કેન્દ્ર કાર્યરત

**અબતક, રાજકોટ**

બજરંગ ગ્રુપ ઓફ રાજકોટ સીટી લોહાણા સમાજના યુવક - યુવતીઓના વેવિશાળના પ્રશ્નોના નિરાકરણ માટે દર રવિવારે સાંજે ૪ થી ૬ રાધેશ્યામ કોમ્પ્લેક્સ, ગ્રાઉન્ડ ફ્લોર, ગરેડીયા કુવા રોડ ખાતે કાર્યરત રહે છે. દર મહિનાના દરેક રવિવારે ગ્રેજ્યુએટ, હાયર ક્વોલીફાઈડ, મીઠી જીભ કેન્સલ, પુનઃલગ્ન, સગાઈ વિચ્છેદ, લગ્ન વિચ્છેદ, વિધુર, વિધવા, ત્યકતા ધરાવતા યુવક - યુવતીઓને એન્ટ્રી આપવામાં આવશે. દર મહિનાના ચોથા રવિવારે ગ્રેજ્યુએટ, હાયર ક્વોલીફાઈડ, નોન મેટ્રીકને એન્ટ્રી આપવામાં આવશે.

ઈચ્છુકોને કલર ફોટોવાળી બાયોડેટા, પાસપોર્ટ સાઈઝના એક ફોટો તથા માતા-પિતા સાથે ઉપસ્થિત રહેવા વિનંતી કરવામાં આવી છે. વધુ વિગત માટે કિશોરભાઈ કારીયા મો.નં.૯૪૨૮૨ ૫૪૦૦૮, જતીનભાઈ ભીંડોરા મો.નં.૯૮૨૫૦ ૭૫૧૫૪, હસુભાઈ ગણાત્રા મો.નં.૯૮૨૪૧ ૫૪૪૧૧નો સંપર્ક કરવા વિનંતી કરાઈ છે.

# મેઘાણીની શૌર્યભૂમિ ધંધુકા ખાતે ગાંધીજીની પ્રતિમાને પુષ્પાંજલી અર્પણ



**અબતક, રાજકોટ**

સ્થિત રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી સંગ્રહાલય (ઐતિહાસિક જિલ્લા પંચાયત રેસ્ટ-હાઉસ) ખાતે મેઘાણી સ્મૃતિમાં સ્થાપિત મનોરમ્ય ગાંધી-પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. ૧૯૩૭માં ગાંધીજીના જન્મદિવસે ઝવેરચંદ મેઘાણીએ ત્રણ પંકિતના દુહા રચેલા : ખમા ! ખમા ! લખવાર. આથી આનું સવિશેષ મહત્વ રહ્યું હતું.

ધંધુકા ધારાસભ્ય કાળુભાઈ ડાભી, ધંધુકા નગરપાલિકા પ્રમુખ પારૂલબેન આડેસરા તથા ઝવેરચંદ મેઘાણીના પૌત્ર અને ઝવેરચંદ મેઘાણી સ્મૃતિ સંસ્થાનના સ્થાપક પિનાકી નાનકભાઈ મેઘાણી ઉપરાંત ભાજપ અમદાવાદ જિલ્લા ઉપાધ્યક્ષ રમેશભાઈ ચૌહાણ અને મંત્રી માધવીબેન દિક્ષીત, અમદાવાદ જિલ્લા પંચાયત સદસ્ય મહેશ ઠાકોર, ભાજપ ધંધુકા શહેર પ્રમુખ નેહલ શાહ અને ઉપપ્રમુખ હેમલ જોધાણી, ભાજપ ધંધુકા તાલુકા મહામંત્રી સંદીપ ચૌહાણ, ભાજપ અમદાવાદ જિલ્લા આઈ.ટી. સેલ સહ-કન્વીનર જય સોમાણી, કિરણ પરમાર, દયારામ ડાભી, બાબુ ગમારા, અશોક દિક્ષીત, જયદીપભાઈ સરોલા તથા વાલજી પિત્રોડાની વિશેષ ઉપસ્થિતિ રહી હતી.

# કેપ્ટન સ્મિતના શૌર્યને બિરદાવતા પૂ. મોરારિબાપુ



**અબતક, રાજકોટ**

કેપ્ટન સ્મિતના બહાદુરી ને કારણે આજે સમગ્ર દેશનું મસ્તક ગૌરવથી ઉંચું ઉઠ્યું છે. કટાકટીની ઘડીએ કેપ્ટન સ્મિતએ સમયસુચકતા વાપરી ૧૮૦ લોકોનાં પ્રાણની રક્ષા કરી હતી. સતત હનુમાન ચાલીસા નો પાઠ કરતા કરતા કેપ્ટને ૧૮૦ નિર્દોષ લોકોનાં જીવ બચાવવા પોતાની જાતને હોડમાં મૂકી હતી. પૂજ્ય મોરારિબાપુએ કેપ્ટન સ્મિતના બહાદુરી ભર્યા કાર્યને હ્રદયપૂર્વક બિરદાવ્યું છે. પૂ બાપુએ તેમનાં પિતા અને અન્ય પરિવારજનો સાથે ટેલિફોનિક વાર્તાલાપ પણ કરીને સૌને શુભેચ્છાઓ પાઠવી છે અને કેપ્ટન સ્મિત જલ્દીથી પોતાનું સ્વાસ્થ્ય પુનઃ પ્રાપ્ત કરે તેવી પ્રાર્થના કરી છે.

# ધીરગુરૂદેવની ગીતગુંજન પ્રવચન શ્રેણીના સત્સંગમાં મૌન રાખવાની શીખ અપાઈ



**અબતક, રાજકોટ**

લોનાવાલાના એમ્બીવેલી સિટી ખાતે ધીરગુરૂદેવની ગીતગુંજન પ્રવચન શ્રેણીમાં મુકિત મહિલા મંડળ દાદરના ૧૪૦ જેટલા બહેનો તથા અન્ય ભાવિકોએ સત્સંગમાં ગુરૂદેવે જણાવેલ કે જયાં પણ જમવા જાઓ ત્યાં એઠું મૂકવું નહિ અને સત્સંગમાં મૌન રાખવાની શીખ આપતા ઘણાએ પ્રતિજ્ઞા ગ્રહણ કરેલ. ચેન્નાઈ-ઈન્દોર સંઘના મીનલબેન શાહ, હિતેન કામદાર વગેરે, જયશ્રી સંઘવી વગેરેએ ચાતુર્માસની વિનંતી કરેલ. સાયલા રાજસોભાગ આશ્રમના મીનળબેન શાહે સ્વાધ્યાયમાં સદગુરૂ શરણની મહત્તા દર્શાવી હતી.

ઈન્દ્રપુરી જૈન સંઘ બરોડાના પ્રમુખ ડો.નીરજ પરીખે ચાતુર્માસની વિનંતી રજૂ કરેલ. મૂળજીનગર સંઘ બોરીવલીએ નૂતન ઉપાશ્રયની યોજના પ્રસ્તુત કરેલ. વિપુલ વિરાણી, વિપીન તુરખીયા વગેરેએ પોતાના ભાવો રજૂ કરેલ. ફીલિંગ્સના તંત્રી અતુલ શાહ, મહેન્દ્ર તુરખીયા એ પ્રસન્નતા વ્યકતકરેલ.સુનંદાજી મહાસતીજીના અઠ્ઠાઈના પારણા પ્રસંગે ખંડાલા મહિલા મંડળે સાંજીના ગીતો રજૂ કરેલ. જૈનાગમનનું સંપાદન કાર્ય પૂરજોશમાં ચાલુ છે. સાઉન્ડ બાઉલ મેડીટેશનના પુજા દુગ્ગડનું સન્માન જયોતિપારેખે કરેલ.

# સાહિત્ય સેતુ દ્વારા કોટેચા સ્કૂલમાં કાલે પુસ્તક પરબ

**અબતક, રાજકોટ**

દીકરાનું ઘર વૃધ્ધાશ્રમ ઢોલરા પ્રેરિત સાહિત્યિક પ્રવૃત્તિ કરતી સંસ્થા સાહિત્ય સેતુ રાજકોટ દ્વારા છેલ્લા પાંચ વર્ષથી દર મહિનાના પ્રથમ રવિવારે શહેરના કાલાવડ રોડ ઉપર કોટેચા ગર્લ્સ સ્કુલમાં યોજાતા રસિકભાઈ મહેતા પુસ્તક પરબનો ૬૧ મો મણકો તારીખ ૪/૧૦/૨૬ રવિવારના રોજ સવારે ૧૦ થી ૧ વાગ્યા સુધી કોટયા ગર્લ્સ સ્કૂલમાં યોજાશે. સાહિત્ય સેતુ રાજકોટ દ્વારા વાંચન જાગૃતિ અભિયાન અંતર્ગત શરૂ કરવામાં આવેલ પુસ્તક પરબ પાંચ વર્ષ પૂર્ણ કરીને છઠા વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહેલ છે ત્યારે સંસ્થા દ્વારા પુસ્તક પરબની સાથે સ્થાપના દિવસની ઉજવણી પણ કરવામાં આવશે જે અંતર્ગત પુસ્તક પરબના ૬૦ મણકાની સુંદર યાત્રાના પ્રતિક રૂપે કાર્યક્રમમાં ઉપસ્થિત અતિથિઓ, વાંચકો, સાહિત્યપ્રેમીઓના હસ્તે ૬૦ દીવડાનું જીવનમાં જ્ઞાન, વાંચન અને વિચારના પ્રકાશનું પ્રતિક જીવનમાં ઉજાસ ફેલાવે તેવી શુભભાવના સાથે પ્રાગટય કરવામાં આવશે. પુસ્તક પરબમાં પધારનાર તમામનું કુમકુમ તિલક કરી, ખેસ પહેરાવી, પુસ્તક આપી મીઠું મોઢું કરાવી સ્વાગત કરાશે. પુસ્તક પરબના છઠા વર્ષનો પ્રારંભ થઈ રહ્યો છે ત્યારે એક વાચક એક નવો વાચક, હર ઘર પુસ્તક ઘર, યુવાનો અને છાત્રો માટે વિશેષ વાંચન પ્રવૃતિ અભિયાન શરૂ કરવામાં આવશે અને એ પ્રકારનો સંકલ્પ લેવામાં આવશે આ ઉપરાંત પાંચ વર્ષની યાત્રામાં સતત જોડાયેલા નિયમિત વાચકો, પુસ્તક દાતાઓ, કાર્યકર્તાઓ, પુસ્તક પરબના સહયોગીઓનું પુસ્તક પરબ મિત્ર સન્માન કરવામાં આવશે. પુસ્તક પરબના છઠ્ઠા વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે સમાજજીવનના સર્વક્ષેત્રીય મહાનુભાવો ઉપસ્થિત રહીને સંસ્થાની પ્રવૃતિને બિરદાવી શુભકામનાઓ પાઠવશે.

સમગ્ર આયોજનની સફળતા માટે વસંતભાઈ ગાદેશા, મુકેશ દોશી, અનુપમ દોશી, જનાર્દન આચાર્ય,સુનિલ વોરા, નલિન તન્ના, સુધીર દત્તા, પ્રકાશ હાથી, પંકજ રૂપારેલિયા સહિતની સમગ્ર ટીમ કાર્યરત છે.

# શિક્ષણ સમિતિના સદસ્યા કલ્પના કિયાડાના અભ્યાસ મુદ્દે પ્રદેશ ભાજપમાં રિપોર્ટ

## સ્નાતક હોય તેવા કાર્યકરોને જ સભ્ય બનાવવા પક્ષની ગાઈડલાઈનનો ઉલાળિયો થયો છે : કલ્પના કિયાડા ટીવાય. બી.કોમમાં પાસ થયા નથી

**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા સંચાલિત નગરપ્રાથમિક શિક્ષણ સમિતિમાં ભાજપના ૧૧ સભ્યો બિનહરીફ ચૂંટાઈ આવ્યા છે. શિક્ષણ સમિતિની આઠ બેઠકો માટે અભ્યાસનો નિયમ ધોરણ ૮ પાસ અને ૩ બેઠકો માટે ૧૦ પાસ નિયત કરવામાં આવ્યો છે.

જ્યારે ભાજપ દ્વારા શિક્ષણ સમિતિના સભ્ય માટે સ્નાતક સુધીનો અભ્યાસ જરૂરી રહેશે તેવી ગાઈડલાઈન જાહેર કરવામાં આવી હતી. દરમિયાન કલ્પનાબેન કિયાડા નામના સભ્ય સ્નાતક ન હોવાનું બહાર આવ્યું છે. તેઓના અભ્યાસ મુદ્દે શહેર ભાજપ દ્વારા પ્રદેશ હાઈ કમાન્ડ સમક્ષ રિપોર્ટ રજૂ કરી દેવામાં આવ્યો છે. હવે જોવાનું એ રહે છે કે એક સભ્ય માટે ભાજપ ફરી ચૂંટણી કરવાની સુચના આપે છે કે એસવાય બી.કોમ પાસ કલ્પનાબેનને સભ્યપદે યથાવત રાખે છે.

વોર્ડ નં. ૫ ના મહિલા કાર્યકર કલ્પનાબેન કિયાડાને ભાજપ દ્વારા શિક્ષણ સમિતિના સભ્ય બનાવવામાં આવ્યા છે. પક્ષની મુખ્ય ગાઈડલાઈનમાં શિક્ષણ સમિતિના સભ્ય બનવા માટે ઓછામાં ઓછો સ્નાતક સુધીનો અભ્યાસ કરેલો હોવો જોઈએ તે રાખવામાં આવ્યું હતું. કલ્પનાબેન કિયાડા પોતાના બાયોડેટામાં બી.કોમ ચોક્કસ લખે છે પરંતુ તે ખરેખર ટીવાય બી.કોમમાં નાપાસ થયા હતાં. એસવાય બીકોમ સુધીનો અભ્યાસ ધરાવે છે. એટલે કે તેઓ સ્નાતક નથી. પક્ષના નિયમનો ચોક્કસ ઉલ્લાળિયો થયો છે પરંતુ સરકારનો નિયમ તુટ્યો નથી. ભાજપે સુરત અને અમદાવાદ મહાનગરપાલિકાની શિક્ષણ સમિતિમાં પણ બે થી ત્રણ સભ્યો માત્ર ધો. ૧૨ પાસ હોય તેવાને લીધા છે. આવામાં હવે સ્થાનિક કક્ષાએથી ચોક્કસ કલ્પનાબેન કિયાડાના અભ્યાસ મુદ્દે પ્રદેશ હાઈ કમાન્ડને જાણ કરી દેવામાં આવી છે.

તે પરંતુ હવે પ્રદેશ શું નિર્ણય લેશે તે તમામની મીટ મંડાયેલી છે.

# પ્રતિબંધિત પ્લાસ્ટિક વાપરનારા ૨૪૯ આસામીઓ પકડાયા : રૂા. ૧.૪૦ લાખનો દંડ

## ત્રણેય ઝોનમાંથી ૪૦ કિલો પ્રતિબંધિત પ્લાસ્ટિકનો જથ્થો જપ્ત કરાયો

**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાની સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા દ્વારા શહેરને ''પ્લાસ્ટિક મુક્ત અને સ્વચ્છ'' બનાવવા માટે તથા પર્યાવરણ અને જાહેર આરોગ્યને નુકસાન કરતા પ્રતિબંધિત સિંગલ-યુઝ પ્લાસ્ટિકના વપરાશ, વેચાણ અને સંગ્રહ સામે સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખાની ટીમો દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત તથા ગંદકી કરતા આસામી સામે દંડની કાર્યવાહી કરવામાં આવી.



ત્રણેય ઝોન વિસ્તારમાં અલગ અલગ મુખ્ય માર્ગો પર સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની ટીમ દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક વપરાશ તથા વેચાણ અને ગંદકી કરતા આસામી પાસેથી દંડ વસુલ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. ત્રણેય ઝોનમાંથી ૩૯.૬૫ કિગ્રા પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત તથા ગંદકી કરતા કુલ ૨૪૯ આસામીઓ પાસેથી રૂ ૧,૪૦,૧૦૦/-નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો.

નાગરિકો અને વેપારીઓને ખાસ સૂચના આપવામાં આવે છે કે તેઓએ પ્રતિબંધિત પ્લાસ્ટિકનો ઉપયોગ સંપૂર્ણપણે બંધ કરવો. શાકભાજી કે અન્ય ખરીદી માટે કાપડની થેલીઓનો જ આગ્રહ રાખવો.

ભવિષ્યમાં પણ નિયમોનું ઉલ્લંઘન કરનાર સામે કાયદેસરની કાર્યવાહી અને જપ્તીની કામગીરી ચાલુ રહેશે.

## વોર્ડ નં.૧૧માં સહજાનંદ પાર્કમાં

# જાહેર બાંધકામ વેસ્ટ ફેંકનાર આસામીને રૂ.૧૦ હજારનો દંડ

**અબતક, રાજકોટ**

વોર્ડ નં.૧૧ ખાતે આવેલ સહજાનંદ પાર્કમાં જાહેર જગ્યા પર બાંધકામ વેસ્ટ નાખવા બદલ રાજકોટ મહાનગરપાલિકાની સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા દ્વારા આસામી પાસેથી રૂ.૧૦,૦૦૦/-નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવેલ.

વોર્ડ નં.૧૧ ખાતે આવેલ સહજાનંદ પાર્કમાં જાહેર જગ્યા પર બાંધકામ વેસ્ટ નાખવા બદલ આસામી પાસેથી રૂ.૧૦,૦૦૦/-નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો.



સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખાના પર્યાવરણ ઈજનેરની સુચના અને નાયબ પર્યાવરણ ઈજનેરના માર્ગદર્શન હેઠળ વોર્ડ નં.૧૧ના, સેનીટેશન ઓફિસર, સેનીટરી ઈન્સ્પેક્ટર, સેનીટરી સબ ઈન્સ્પેક્ટર દ્વારા કરવામાં આવેલ.

રાજકોટ શહેરના શહેરીજનોને જાહેર જગ્યામાં બાંધકામ વેસ્ટ, કચરો ન ફેંકવા તેમજ ગંદકી ન કરવા રાજકોટ મહાનગરપાલિકા દ્વારા અપીલ કરવામાં આવી છે.

# ગુજરાતમાં નવી કંપનીઓ અને રોકાણ લાવવા સરકારે ઓનલાઈન મંજૂરી અને સહાયના નિયમો સરળ કર્યા

## જીસીસી નીતિ ૨૦૨૫-૩૦ હેઠળ નવા સેન્ટર અને વિસ્તરણ માટે દસ્તાવેજો તથા ખર્ચની સહાય મેળવવાની પ્રક્રિયા હવે એક જ ઓનલાઈન પોર્ટલ પરથી થશે

**અબતક, રાજકોટ**

રાજ્યમાં ગ્લોબલ કેપેબિલિટી સેન્ટરના વિકાસને વેગ આપવા અને નવા રોકાણકારોને આકર્ષવા માટે ગુજરાત સરકારે જીસીસી નીતિ ૨૦૨૫-૩૦' માટે નવી માર્ગદર્શિકા જાહેર કરી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન અને વિજ્ઞાન તથા ટેકનોલોજી મંત્રી અર્જુન મોઢવાડિયાના નેતૃત્વ હેઠળ આ નવા નિયમો બનાવવામાં આવ્યા છે, જેથી નવા સેન્ટર શરૂ કરવા અને જૂના સેન્ટરનો વિસ્તાર કરવો વધુ સરળ બનશે.

આ નવી નીતિનો સૌથી મોટો ફાયદો એ છે કે સરકારી સહાય મેળવવાની તમામ પ્રક્રિયા હવે ઓનલાઈન થશે. અરજી કરવાથી લઈને ક્લેમની ચકાસણી અને પૈસા મેળવવા સુધીનું તમામ કામ એક જ ડિજિટલ પોર્ટલ ('Integrated Incentive Management Portal') પરથી કરી શકાશે. આ સિવાય સ્કીલ ડેવલપમેન્ટ કોર્સ માટે પણ આ જ પોર્ટલ પરથી અરજી થઈ શકશે.



સરકારની સહાયની ગણતરી માટે સ્પષ્ટ સમયમર્યાદા અને પાત્રતાના માપદંડ નક્કી કરાયા છે. આ માટે કંપનીએ કામગીરી શરૂ કર્યાની તારીખ, સૈદ્ધાંતિક મંજૂરી અથવા જરૂરી કર્મચારીઓની સંખ્યા પ્રાપ્ત થયાની તારીખમાંથી જે તારીખ સૌથી છેલ્લી હશે, ત્યારથી સહાયનો સમયગાળો ગણવામાં આવશે.

નવી સ્થાપના કે વિસ્તરણ માટે કંપનીઓએ બોર્ડ રિઝોલ્યુશન, એગ્રીમેન્ટ, પ્રોજેક્ટ રિપોર્ટ અને જીએસટી નોંધણી જેવા જરૂરી દસ્તાવેજો રજૂ કરવાના રહેશે.

ખર્ચમાં સહાય અંગેની વાત કરીએ તો, કમ્પ્યુટર, સોફ્ટવેર, નેટવર્કિંગ સાધનો, ફર્નિચર, ઓફિસ રિનોવેશન અને સોલાર જેવા સાધનોના ખર્ચને આવરી લેવાશે. જમીનની મૂળ કિંમત પર સહાય નહીં મળે, પરંતુ ભાડાપટ્ટા કે રજિસ્ટ્રેશન સ્ટેમ્પ ડ્યુટી પર લાભ મળશે.

ક્લેમ રજૂ કરવા માટે પણ ચોક્કસ સમયમર્યાદા નક્કી કરાઈ છે અને વિલંબથી મળેલા ક્લેમ પર નિયમ મુજબ ઓછી સહાય મળશે, જેનાથી સમગ્ર પ્રક્રિયામાં પારદર્શિતા આવશે.

# અરવિંદભાઈ મણિયારની ૯૪મી જન્મજયંતિએ સોમવારે સંગીત, સાહિત્ય અને સંવેદનાનો ત્રિવિધ કાર્યક્રમ

## હેમુગઢવી હોલ ખાતે અંકિત ત્રિવેદીના શબ્દો સાથે ગુંજશે 'સૂરનું સરનામુ'

**અબતક,રાજકોટ**

રાજકોટના વિકાસ અને જનસેવાના ઈતિહાસમાં અમીટ છાપ છોડી ગયેલા લોકપ્રિય જનપુરુષ, આધુનિક રાજકોટના સ્વપનદ્રષ્ટા અને મૂલ્યોના માનવી અરવિંદભાઈ મણીઆરની ૯૪મી જન્મજયંતી નિમિત્તે અરવિંદભાઈ મણીઆર જનકલ્યાણ ટ્રસ્ટ દ્વારા વિવિધ સાંસ્કૃતિક અને સેવાકીય કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. જન્મજયંતીના પાવન અવસરે તા. ૫ ઓક્ટોબર, સોમવારના રોજ રાત્રે ૯:૦૦ કલાકે હેમુ ગઢવી હોલ ખાતે જાણીતા કવિ *અંકિત ત્રિવેદી* ના સૂરે 'સૂરનું સરનામુ' નામે વિશિષ્ટ સંગીતસંધ્યાનું આયોજન કરવામાં આવ્યું છે.



આ તકે અરવિંદભાઈ મણીઆર જનકલ્યાણ ટ્રસ્ટના ટ્રસ્ટી તથા પ્રદેશ ભાજપ અગ્રણી રાજુભાઈ ધ્રુવે જણાવ્યું હતું કે, જ્યારે કોઈ વ્યક્તિ સત્તા કે હોદ્દાથી પર થઈને લોકોના દિલ પર રાજ કરે છે, ત્યારે સમય પણ તેને નમન કરે છે. અરવિંદભાઈ મણીઆરે પોતાના જીવનના માત્ર ૫૦ વર્ષમાં રાજકોટ અને સમાજ માટે જે અમૂલ્ય યોગદાન આપ્યું તે આજે પણ પ્રેરણારૂપ છે.

જન્મજયંતીના સાંસ્કૃતિક કાર્યક્રમમાં ગુજરાતી સાહિત્ય અને સંગીત જગતના જાણીતા કવિ, લેખક, કટારલેખક અને ઉદઘોષક *અંકિત ત્રિવેદી* પોતાની વિશિષ્ટ રજૂઆત સાથે ઉપસ્થિત રહેશે. તેમની કવિતા, ગઝલ, ગીત અને વક્તૃત્વની રસસભર રજૂઆત સાથે આ સાંજ સૂર, શબ્દ અને સંવેદનાનો અનોખો સંગમ બનશે.

આ કાર્યક્રમમાં અધ્યક્ષ તરીકે કર્ણાટક ના પૂર્વ રાજ્યપાલ વજુભાઈ વાળા, મુખ્ય મહેમાન મેયર ડો નેહલ શુક્લ તથા શહેર ભાજપ પ્રમુખ માધવભાઈ દવે, અતિથિ વિશેષ તરીકે કલેકટર ઓમપ્રકાશ, પોલીસ કમિશનર બ્રિજેશકુમાર ઝા, આર.એમ સી કમિશનર તુષાર સુમેરા તથા જ્યોતિ સી.એન.સી ના ચેરમેન પરાક્રમસિંહ જાડેજા ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમમાં જેમણે અરવિંદભાઈ મણીઆર સાથે રહી દીર્ઘકાલીન સમાજસેવા પ્રદાન કરેલ છે તેવા મહાનુભાવો પૂર્વ આરોગ્યમંત્રી ડો.એ. કે. પટેલ , જાણીતા કટારલેખક રાષ્ટ્રવાદી સામાહિક સાધના ના પૂર્વ તંત્રી સાહિત્યકાર વિષ્ણુભાઈ પંડ્યા તેમજ શ્રમજીવીઓ-મજદૂરો માટે જીવન સમર્પિત કરનાર ,ભારતીય મજદૂરસંઘ ના પૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષ હસુભાઈ દવેનું સન્માન કરવામાં આવશે.

આ સુમધુર સંગીત સંધ્યા માટે '' હંમેશની હૂંફ'' એવા પેલિકન ગ્રુપની શુભેચ્છાઓ મળેલ છે.

આ કાર્યક્રમને સફળ બનાવવા પ્રોજેક્ટ ઈનચાર્જ નિલેશભાઈ શાહ તથા કમલેશભાઈ મહેતા તેમજ જાહ્નવીબેન લાખાણી તથા કાર્યવાહક મંડળના તમામ સભ્યશ્રીઓ જહેમત ઉઠાવી રહ્યા છે.

# ગાંધી જયંતિએ રેકોર્ડબ્રેક ૧૩ લાખની ખાદીનું વેંચાણ

## ખાદીના વેચાણને પ્રોત્સાહન આપવા તહેવારો અને રવિવારે પણ ત્રિકોણબાગ ખાદી ભવન ખુલ્લું રહેશે

**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ સંચાલિત અખિલ ભારત ખાદી ગ્રામોદ્યોગ આયોગ પ્રમાણિત ખાદી ગ્રામોદ્યોગ ભવન ખાતે ૨જી ઓક્ટોબરે ગાંધી જયંતીના દિવસે નાગરિકો દ્વારા ખાદી અને ગ્રામોદ્યોગ ઉત્પાદનો ખરીદવા ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. ૨જી ઓક્ટોબરના રોજ માત્ર એક જ દિવસમાં ખાડી ભવનમાંથી તેર લાખ રૂપિયાની ખાડી વસ્ત્રોની ખરીદી થતાં નવો વિક્રમ સર્જાયો છે.

મેનેજર જીતેન્દ્ર શુકલ એ માહિતી આપતાં જણાવ્યું હતું કે, આ વર્ષે શ્રાદ્ધ પક્ષ હોવા છતાં ગ્રાહકોએ ખાદીની ખરીદીમાં ઉત્સાહ દર્શાવ્યો છે. હવે ખાદીમાં પણ



વિવિધ કલર કોમ્બિનેશનના તૈયાર કપડાં, ડિઝાઈનર કુરતી-કુર્તા, જેન્ટ્સ વેર, હાથ રૂમાલ, બેડશીટ, ટાવલ, પંચા અને ટી-શર્ટ જેવી ફેશન-સ્ટાઈલ ઉપલબ્ધ મળતાં ખાદીની ખપત અને વેચાણ નોંધપાત્ર વધ્યું છે.

આ ઉપરાંત ખાદી ગ્રામોદ્યોગ હેન્ડીક્રાફ્ટ પ્રોડક્ટ્સ જેવી કે કાજુ, બદામ, મખાના, અથાણાં અને સૌરાષ્ટ્ર બ્રાન્ડ સિંગતેલ જેવી વસ્તુઓનું પણ એક જ દિવસમાં રેકોર્ડબ્રેક વેચાણ થયું છે. આ ખાદી ઉદ્યોગ સ્વરોજગારી અને ગરીબોને રોજીરોટી આપવાનું ઉત્તમ સાધન છે. ખાદી પ્રોત્સાહન અને વળતર અંગે જણાવતાં તેમણે ઉમેર્યું હતું કે, ૨૦% વળતર તથા ખાદી તોલાણ/૨૫ પૈસા અને ૨૦% મળી કુલ 30% કે તેથી વધુના વળતરનો ગ્રાહકો લાભ લઈ શકશે.

ખાડીના વેચાણને વધુ ઝડપી અને સુલભ બનાવવા માટે ત્રિકોણબાગ સ્થિત ખાદી ભવન રવિવારના રોજ તથા દિવાળીના તહેવારોના દિવસો દરમિયાન પણ ખુલ્લું રહેશે.

# એસજીવીપી ગુરૂકુલ દ્વારા ૫૧ ગામોમાં સ્વચ્છતા અભિયાન



**અબતક, રાજકોટ**

ગાંધી જયંતીના દિવસે દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ સ્વચ્છતા અભિયાનનો પ્રારંભ કરાવીને સમગ્ર દેશને એક મોટો સંદેશ આપ્યો હતો. આ સ્વચ્છતા અભિયાનને ગુરુકુળ પરિવાર દ્વારા છેલ્લા ઘણા વર્ષોથી દર વર્ષે ખૂબ જ ઉત્સાહ અને પ્રયત્નપૂર્વક ઉજવવામાં આવે છે. આ પરંપરા અંતર્ગત ગુરુકુળ પરિવાર દ્વારા દર વર્ષે લગભગ ૧૦૮ ગામડાઓમાં સ્વચ્છતા ઝુંબેશ ચલાવવામાં આવે છે. આ ઉપરાંત અમદાવાદ ગુરુકુળ ખાતેથી દર વર્ષે મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ, સંતો અને ભક્તજનો જોડાઈને સમગ્ર ગુરુકુળ રોડ તેમજ આસપાસના વિસ્તારોને સ્વચ્છ કરવાનું સેવાકાર્ય કરે છે.

પરમ પૂજ્ય ગુરુવર્ય માધવપ્રિયદાસજી સ્વામી તથા પરમ પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામીની પાવન ઉપસ્થિતિમાં આ સ્વચ્છતા અભિયાનની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ, પૂજનીય સંતો અને હરિભક્તો જોડાયા હતા. ગુરુકુળ આસપાસના સમગ્ર વિસ્તારને સ્વચ્છ બનાવ્યો હતો. આ અભિયાન માત્ર અમદાવાદ પૂરતું સીમિત ન રહેતા, ગુરુકુળના સંતોના માર્ગદર્શન હેઠળ સ્કૂલના બાળકો અને ગ્રામજનોના સક્રિય સહયોગથી એક સાથે ૫૧ ગામોમાં પણ સ્વચ્છતા અભિયાન ચલાવવામાં આવ્યું હતું.

# આંતર કોલેજ કબડ્ડી સ્પર્ધામાં કણસાગરાની ચાર ખેલાડીઓનું ઉત્કૃષ્ટ પ્રદર્શન: વેસ્ટ ઝોન માટે પસંદગી



**અબતક,રાજકોટ**

શ્રીમતી કે. એસ. એન. કણસાગરા મહિલા કોલેજ કબડ્ડી ટીમે આંતર-કોલેજ કબડ્ડી સ્પર્ધામાં ઉત્કૃષ્ટ દેખાવ કરી કોલેજનું ગૌરવ વધાર્યું છે. ટીમના શાનદાર પ્રદર્શનના પરિણામે કોલેજની ચાર પ્રતિભાશાળી ખેલાડીઓ દિવ્યા, પ્રીતિ, ધ્રુવી અને મુસ્કાનની વેસ્ટ ઝોન આંતર-યુનિવર્સિટી કબડ્ડી સ્પર્ધા માટે પસંદગી થઈ છે.

કણસાગરા મહિલા કોલેજની કબડી ટીમે આંતર-કોલેજ કબડી સ્પર્ધામાં છેલ્લા સાત વર્ષથી સતત વિજેતા બની પોતાની શ્રેષ્ઠતા જાળવી રાખી છે.

પસંદ થયેલી ખેલાડીઓ હવે યુનિવર્સિટી ઓફ મુંબઈ, મહારાષ્ટ ખાતે યોજાનારી વેસ્ટ ઝોન આંતર-યુનિવર્સિટી કબડ્ડી 'સ્પર્ધામાં ભાગ લઈ પોતાની રમતનું કૌશલ્ય રજૂ કરશે.

ખેલાડીઓની આ સિદ્ધિ બદલ કોલેજના આચાર્ય ડો. સ્નેહલ પલાણ, સ્પોર્ટ્સ વિભાગના પ્રો. રાજેન્દ્ર સેજલીયા તથા ભરત મોરી, સમગ્ર કોલેજ પરિવાર દ્વારા ખેલાડીઓને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# ૧૦૦૦ વર્ષ પછી પણ તમિલનાડુના સૌરાષ્ટ્રવાસીઓએ પોતાની ભાતીગળ ઓળખ જાળવી રાખી તે વિરલ ઘટના: પુરૂષોત્તમ રૂપાલા

## તમિલનાડુમાં વસતા ૨૫ લાખથી વધુ સૌરાષ્ટ્રવાસીઓનો ગુજરાત સાથેનો નાતો વધુ મજબૂત કરવા કુંભકોણમ ખાતે 'સૌરાષ્ટ્ર મહાસંગમ' યોજાયો



**અબતક, રાજકોટ**

૧૦૦૦ વર્ષ પહેલાં સોમનાથ પરના આક્રમણ સમયે તમિલનાડુમાં જઈને વસેલા સૌરાષ્ટ્રવાસી સમુદાયની સંસ્થા 'સૌરાષ્ટ્ર મધ્ય સભા' દ્વારા ૫,૦૦૦ થી વધી પ્રતિનિધિઓની હાજરીમાં કુંભકોણમ ખાતે 'સૌરાષ્ટ્ર મહાસંગમ' યોજાયો હતો.

સમારંભના અધ્યક્ષ સ્થાનેથી સંબોધન કરતા સંસદ સભ્ય પુરુષોત્તમ રૂપાલાએ જણાવ્યું હતું કે, સૌરાષ્ટ્રના ખંત, ખમીર અને સંત પરંપરાને ૧૦૦૦ વર્ષ પછી પણ તમિલનાડુમાં વસતા સૌરાષ્ટ્રવાસીઓએ જાળવી રાખી છે તે વિશ્વની વિરલ ઘટના છે. ૨૦૨૩માં સોમનાથ ખાતે યોજાયેલા સૌરાષ્ટ્ર તામિલ સંગમનો ઉલ્લેખ કરી તેમણે ગિરનાર, ગીર, શેત્રુંજય, ચોટીલા અને પોરબંદર દ્વારા સૌરાષ્ટ્રનો ભવ્ય પરિચય આપ્યો હતો. તેમણે અપેક્ષા વ્યક્ત કરી કે આ સમુદાય સાહિત્ય, કલા અને ઉદ્યોગ ક્ષેત્રે આદાન-પ્રદાન દ્વારા રાષ્ટ્ર વિકાસમાં યોગદાન આપે. આ પ્રસંગે રૂપાલાએ નવનિયુક્ત અધ્યક્ષ ટી.આર. સુરેન્દ્રનને ભારતીય સંસ્કૃતિના પ્રતીક 'સેંગોલ' અર્પણ કર્યું હતું.

આ મહાસંગમમાં સાંસદ પરષોત્તમ રૂપાલા, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ કમલેશ જોષીપુરા વિમુરતાનંદજી, સંસદ સભ્ય કલ્યાણ રામન, વી.આર. રાજેન્દ્રન, શ્રીરામશેખર, મહામંત્રી રવિચંદ્ર,તુલસીરામનના પરિવારો તેમજ સૌરાષ્ટ્ર ચેમ્બર ઓફ કોમર્સના અધ્યક્ષ દિનેશ, જગન્નાથ, વજઆર., વી.પી. રામમૂર્તિ, ભક્ષ્રી રાધાકૃષ્ણન, કુમારેશ, વેંકટ રામન, એએસઆઈના વરિષ્ઠ અધિકારી અમરનાથ રામકૃષ્ણ અને મદ્રાસ હાઈકોર્ટના ગોપીનાથ સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### રમેશભાઈ ઓઝાની પ્રેરણાથી

# સાંદીપનિ આશ્રમ ખાતે નવરાત્રીમાં સર્વ રોગ નિદાન અને સારવાર કેમ્પનું આયોજન

## દાંત, નેત્રયજ્ઞ, પ્રોસ્ટેટ-હૃદયરોગ અને એન્ડોક્રાઈનોલોજીના નિષ્ણાતો દ્વારા વિનામૂલ્યે તપાસ, મોતિયાના ઓપરેશન અને દવાઓ અપાશે

**અબતક, રાજકોટ**

પોરબંદર સાંદીપનિ વિદ્યાનિકેતનના પ્રણેતા રમેશભાઈ ઓઝાની પ્રેરણાથી નવરાત્રિ મહોત્સવ-૨૦૨૬ અંતર્ગત નિશુલ્ક મેડિકલ કેમ્પોનું આયોજન કરાયું છે. જેમાં અદ્યતન સારવાર જરૂરિયાતમંદો સુધી પહોંચાડવાના હેતુથી રાજકોટ, અમદાવાદ અને વીરનગરના નિષ્ણાત તબીબો દ્વારા વિનામૂલ્યે સેવાઓ પૂરી પાડવામાં આવશે.

દંત અને નેત્રયજ્ઞ કેમ્પ ૧૧ સપ્ટેમ્બરથી ૧૯મી ઓક્ટોબર સુધી દરરોજ સવારે ૯ થી ૧ વાગ્યા






સુધી ડો. અલ્પેશ પટેલ અને ડો. શરબરી પટેલ (અક્ષર અર્થો ડોન્ટ) દ્વારા દાંતની તપાસ કરાશે. જ્યારે ૧૭ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ સવારે ૯ થી ૧ દરમિયાન દીક્ષિત સ્વામી શિષ્યાનંદ (મિશન આઈ હોસ્પિટલ, વીરનગર)ની ટીમ દ્વારા નેત્રયજ્ઞ યોજાશે, જેમાં જરૂરિયાતવાળા દર્દીઓને વીરનગર લઈ જઈ મોતિયાના ઓપરેશન કરી બે દિવસ પછી પરત લવાશે વિશેષ નિદાન કેમ્પોમાં ૧૭મી ઓક્ટોબરે સવારે ૯ થી ૧ દરમિયાન ડો. જયેશભાઈ ડોબરિયા (વિનર્સ હોસ્પિટલ/સૌરાષ્ટ્ર કિડની હોસ્પિટલ, રાજકોટ) દ્વારા પ્રોસ્ટેટ અને હૃદયરોગની તપાસ કરાશે, જેમાં પી.એસ.એ. અને સી.ટી. સ્કેન વિનામૂલ્યે કરી અપાશે અને તેના મનોરથી તરીકે ધીરૂબેન ભીમજીભાઈ વાઘડિયા પરિવાર સેવા આપશે. આ ઉપરાંત ૧૭ સપ્ટેમ્બરે સવારે ૯ થી ૧ દરમિયાન અમદાવાદના સિનિયર એન્ડોક્રાઈનોલોજિસ્ટ ડો. વિવેક આર્ય અને તેમની ટીમ દ્વારા અંતઃસ્રાવી ગ્રંથીના રોગો માટે મફત કેમ્પ યોજાશેઆ તમામ કેમ્પોમાં બ્લડ, યુરિન, ઈ.સી.જી., સોનોગ્રાફી, એક્સ-રે, સી.ટી. સ્કેન જેવી લેબોરેટરી તપાસ અને પાંચ દિવસની દવાઓ વિનામૂલ્યે અપાશે. મુખ્ય મનોરથી તરીકે કાંતાબેન રણછોડદાસ સૂર્યા (ધાર-એ-રામ) પરિવાર સેવા આપશે, જ્યારે સંયોજક તરીકે ડો. સુરેશભાઈ ગાંધી અને ટ્રસ્ટી ડો. ભરતભાઈ ગઢવી કાર્યરત રહેશે. કેમ્પની નોંધણી અને વધુ માહિતી માટે ૯૪૨૬૫ ૩૩૬૬૧ પર સંપર્ક કરી શકાશે.

# કડુકા ગામે સરકારી માધ્યમિક શાળાના નવા બિલ્ડિંગનું મંત્રી કુંવરજી બાવળિયાના હસ્તે લોકાર્પણ

## જસદણ-વીંછિયા પંથકમાં સીમ શાળાથી લઈ આઈઆઈટી સુધીની સુવિધાથી યુવાનોને સ્થાનિક કક્ષાએ કારકિર્દીની તક મળશે : મંત્રી બાવળિયા

**અબતક, રાજકોટ**

રાજકોટ જિલ્લાના જસદણ તાલુકાના કડુકા ગામ ખાતે સમગ્ર શિક્ષા અંતર્ગત રૂ. ૪૪૯ લાખના ખર્ચે નવનિર્મિત સરકારી માધ્યમિક શાળાના નવા બિલ્ડિંગનું શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગના કેબિનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળિયાના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ બાદ મંત્રીએ શાળા પરિસરમાં ઉપલબ્ધ સુવિધાઓનું નિરીક્ષણ કર્યું હતું તેમજ શાળામાં અભ્યાસ કરી વિવિધ ક્ષેત્રોમાં સફળતા મેળવનાર ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું ખાસ સન્માન પણ કર્યું હતું.

આ પ્રસંગે કેબિનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળિયાએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા નાના કેન્દ્રો અને ગ્રામ્ય વિસ્તારોમાં શિક્ષણનું સતત વિસ્તરણ કરવામાં આવી રહ્યું છે. જેના પરિણામે સ્થાનિક વિદ્યાર્થીઓને હવે દૂર જવું પડતું નથી અને ઓછા ખર્ચે પોતાના ગામમાં જ



ગુણવત્તાસભર શિક્ષણ મેળવવાની સરળતા ઊભી થઈ છે. જસદણ અને વિછીયા પંથકમાં સીમ શાળાથી લઈને માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક, વિજ્ઞાન પ્રવાહની કોલેજ તેમજ આઈઆઈટી જેવી શૈક્ષણિક સંસ્થાઓ ઉપલબ્ધ થતાં યુવાનોને પોતાની કારકિર્દી ઘડવાની અને શ્રેષ્ઠ રોજગારી મેળવવાની ઉત્તમ તકો મળી રહી છે.

વધુમાં પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના ૨૫ વર્ષના સેવા અને સુશાસનનો ઉલ્લેખ કરતાં મંત્રીએ ઉમેર્યું હતું કે, છેલ્લા કેટલાક વર્ષોમાં શિક્ષણ, આરોગ્ય અને પીવાના પાણી જેવી પાયાની સુવિધાઓનો કાયમી ઉકેલ આવ્યો છે. 'સૌની યોજના' દ્વારા જસદણ-વિછીયા પંથકમાં પીવાના પાણીની સમસ્યા હંમેશ માટે દૂર થઈ છે. શાળાના આચાર્યએ માહિતી આપતાં જણાવ્યું કે વર્ષ ૨૦૧૫માં સ્થપાયેલી આ શાળાના નવા બિલ્ડિંગમાં ૮ વર્ગખંડો ઉપરાંત ભૌતિક, રસાયણ અને જીવ વિજ્ઞાનની લેબોરેટરી, પુસ્તકાલય અને કોમ્પ્યુટર લેબ જેવી આધુનિક સુવિધાઓ તૈયાર કરવામાં આવી છે.

આ લોકાર્પણ પ્રસંગે જિલ્લા પંચાયત સદસ્ય ચંકીભાઈ રામાણી, વલ્લભભાઈ રાજપરા, દેવાભાઈ, રવિભાઈ સહિતના સ્થાનિક અગ્રણીઓ, શાળાના શિક્ષકો, વિદ્યાર્થીઓ તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

(પહેલા પાનાનું ચાલું)

### લીવ ઈન...

₹૧૦,૦૦૦ સુધીના દંડની જોગવાઈ રાખવામાં આવી છે. સાથે જ સમાજમાં નારી સુરક્ષા અને સમાનતા સુનિશ્ચિત કરવા માટે બહુપત્નીત્વ પર સંપૂર્ણ પ્રતિબંધ મુકાયો છે અને બળજબરી કે છેતરપિંડીથી કરાવેલા લગ્નો સામે ૭ વર્ષ સુધીની જેલની કડક સજા નક્કી કરવામાં આવી છે.વધુમાં, અદાલતી હુકમનામા વિના અદાલત બહાર અપાતા છૂટાછેડા સામે ૩ વર્ષની જેલની જોગવાઈ છે, જ્યારે છૂટાછેડા બાદ કોઈ પણ કુરિવાજ કે શરત વગર પુનઃલગ્નની મંજૂરી અપાઈ છે. જોકે, બંધારણીય સંરક્ષણ હેઠળ આવતા અનુસૂચિત જનજાતિ સમુદાયના પરંપરાગત અધિકારો જાળવી રાખવા માટે તેમને આ કાયદામાંથી મુક્તિ આપવામાં આવી છે.

એક તરફ કાયદાકીય વ્યવસ્થાએ બદલાતા સમય અને યુવા પેઢીની માનસિકતાને સ્વીકારીને લિવ-ઈનને કાનૂની રક્ષણ આપી દીધું છે. પરંતુ બીજી તરફ, સદીઓ જૂની પરંપરાઓ, સંસ્કારો અને કૌટુંબિક મૂલ્યોને વળગી રહેલો આપણો ભારતીય સમાજ આ પલટાને કઈ રીતે અપનાવશે તે એક મોટો પ્રશ્ન છે. શું કાયદાના આ રક્ષણથી યુવાનોના સંબંધોમાં સ્થિરતા આવશે કે પછી લગ્ન સંસ્થાનું મહત્વ વધુ ઘટશે, તે આવનારો સમય જ બતાવશે.

### ગિફ્ટ...

હાલમાં છેલ્લી મેટ્રો દરરોજ સાંજે ૭ થી ૭:૩૦ વાગ્યાની આસપાસ હોય છે અને તે દર કલાકે ઉપલબ્ધ હોવાથી લોકો તેનો ઉપયોગ કરવાનું ટાળે છે. આ સમસ્યાના ઉકેલ રૂપે ૨૫ જેટલી ઈલેક્ટ્રિક બસોનું આયોજન કરવામાં આવ્યું છે, જે આ બિઝનેસ ડિસ્ટ્રિકટને અમદાવાદ અને ગાંધીનગરના વિવિધ મહત્વના સ્થળો સાથે જોડશે. ખાસ કરીને વિદેશી કંપનીઓના ગ્લોબલ ટાઈમ ઝોનમાં મોડી રાત સુધી કામ કરતા કર્મચારીઓને સપોર્ટ કરવા આ બસ સેવાઓ રાત્રે મોડે સુધી ચલાવવામાં આવી શકે છે.

બાહ્ય કનેક્ટિવિટીની સાથે ગિફ્ટ સિટીની અંદરની મુસાફરીને પણ સરળ બનાવવામાં આવશે. મેટ્રો સ્ટેશનને ગિફ્ટ સિટીના અલગ-અલગ લોકેશન સાથે જોડવા માટે બે બસો અંદર પણ ઓપરેટ કરવામાં આવી શકે છે. ગિફ્ટ સિટીના એમડી અને ગ્રુપ સીઈઓ સંજય કૌલના જણાવ્યા અનુસાર, મલ્ટી-મોડલ ટ્રાન્સપોર્ટ એપ્રોચ અપનાવવાનો વિચાર છે, જેમાં સમર્પિત બસો દોડાવવા અને મેટ્રોની ફ્રિકવન્સી વધારવા પર ભાર મુકાશે. નવી પેઈડ પાર્કિંગ સિસ્ટમમાંથી થનારી આવકનો ઉપયોગ આંતરિક શટલ સેવાઓ, લાસ્ટ માઈલ કનેક્ટિવિટી, ઈ-રિક્ષા, શેર્ડ મોબિલિટી અને પદયાત્રીઓ તથા સાયકલિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું કરવા માટે કરવામાં આવશે.

વાહનોની વધતી જતી સંખ્યા અને રસ્તાઓ પર થતા અનધિકૃત પાર્કિંગને અટકાવવા માટે દિવાળી પછી નવી પેઈડ પાર્કિંગ પોલિસી લાગુ થવા જઈ રહી છે. હાલમાં એસઈઝેડ અને ડીટીએ વિસ્તારોમાં કામચલાઉ જગ્યાઓ સહિત કુલ ૭,૯૬૭ પાર્કિંગ સ્પેસ ઉપલબ્ધ છે. આરએફઆઈડી અને ફાસ્ટેગ લિંક્ડ એકાઉન્ટ સાથે ઓટોમેટેડ બિલિંગ સિસ્ટમ લાગુ કરવામાં આવશે. નવી પોલિસી હેઠળ કામચલાઉ પાર્કિંગ કેટેગરીમાં ઈલેક્ટ્રિક વાહનો અને ઓછામાં ઓછા બે મુસાફરો ધરાવતા રજિસ્ટર્ડ કારપુલ વાહનો માટે પ્રેફરેન્શિયલ દરોની પણ દરખાસ્ત કરવામાં આવી છે.

### કો પાયલોટ...

બેકગ્રાઉન્ડ હોવા છતાં, હમામ અલહમામી ફ્લાયદુબઈ એરલાઈનમાં જોડાવામાં સફળ રહ્યો અને તેને માત્ર આઠ મહિનાના ગાળામાં જ તેલ અવીવ જતી મહત્વની ફ્લાઈટમાં બેસાડી દેવાયો. ઓમાન અને ઈઝરાયેલ વચ્ચે કોઈ રાજદ્વારી સંબંધો ન હોવા છતાં આવા કટ્ટરપંથી વ્યકિતને આ ફ્લાઈટની જવાબદારી કેવી રીતે મળી તે અંગે હાલ ઈઝરાયેલી ગુપ્તચર એજન્સીઓ મોસાદ અને શિનબેટ તપાસ કરી રહી છે.

બીજી તરફ, લોહીલુહાણ અને ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હોવા છતાં ભારતીય કેપ્ટન સ્મિત મછારે અદ્ભુત સાહસ દાખવી હુમલાખોર કો-પાયલોટનો સામનો કર્યો અને કોકપિટનો દરવાજો ખોલવામાં સફળ રહ્યા હતા. ત્યારબાદ અન્ય ક્રૂ સભ્યો અને મુસાફરોએ કોકપિટમાં ધસી જઈને હમામને કાબૂમાં લીધો હતો. સદનસીબે ફ્લાઈટમાં મુસાફરી કરી રહેલા અન્ય બે બિન-ડ્યૂટી પાયલોટોએ વિમાનનું કંટ્રોલ સંભાળી લીધું અને સઉદી અરેબિયાના તબુક ખાતે ઈમરજન્સી લેન્ડિંગ કરાવીને તમામ ૧૮૦ મુસાફરોના જીવ બચાવી લીધા હતા. હાલ આ ઉગ્રવાદી કો-પાયલોટને યુએઈને સોંપવામાં આવ્યો છે, જ્યાં તેની સામે આતંકવાદી કાવતરા અંતર્ગત કડક તપાસ ચાલી રહી છે.

(૧૨માં પાનાનું ચાલુ)

### ત્રીજી વન-ડેમાં ભારત ક્લીન સ્વિપ

પર ૮૦૦+ રન બન્યા હતા. પિચની પરિસ્થિતિની ટીકા કરનારાઓમાં ભારતના હેડ કોચ ગૌતમ ગંભીર પણ સામેલ છે જે બેટ અને બોલ વચ્ચે સમાન સ્પર્ધા જોવા માંગે છે.શ્રેણી પહેલેથી જ પોતાના નામે કરી લીધા પછી ભારત તેના નવા બોલના બોલરો પાસેથી શરૂઆતમાં જ વિકેટો ઝડપવાની આશા રાખશે. કેપ્ટન શુભમન ગિલની આગેવાની હેઠળના બેટ્સમેન જોરદાર ફોર્મમાં છે, પરંતુ બોલિંગ એટેક જવાબો શોધવામાં વ્યસ્ત છે, જેણે બંને મેચની પ્રથમ ૧૦ ઓવરમાં માત્ર એક જ વિકેટ ઝડપી છે અને બે પાવરપ્લેમાં ૧૭૭ રન આપ્યા છે.બે દિવસ અગાઉ શુભમન ગિલની બેવડી સદી અને રોહિત શર્માની સદીની મદદથી ભારતે ૪૦૬ રનનો ટારગેટ તો વટાવી દીધો હતો પરંતુ હકીકત એ છે કે ભારતના બોલર્સે હરીફ ટીમને ૪૦૦+ રન કરવા દીધા હતા. કેરેબિયન બોલિંગ સારી હોત તો ભારતને આ ટારગેટ સુધી પહોંચવા દેતી નહીં પરંતુ ભારતે માત્ર અને માત્ર તેની બેટિંગના જોરે જ અગાઉની બે મેચ જીતી હતી.

### કેપ્ટનસી મુદ્દે હૈદ્રાબાદથી નારાજ

સ્થિતિ થોડી જટિલ છે.બીજી બાજુ, હૈદરાબાદના સીઈઓ કે. શન્મુગમે આ તમામ અહેવાલો અને અફવાઓને સંપૂર્ણપણે નકારી કાઢીને તેને ''સાચી નથી'' ગણાવી છે. આઈપીએલ ૨૦૨૬માં શાનદાર પ્રદર્શન કરનાર અભિષેક શર્મા જેવા મુખ્ય ખેલાડીને ગુમાવવો એ એસઆરએચ માટે મોટું નુકસાન સાબિત થઈ શકે છે. હજુ સુધી આ બાબતે કોઈ સત્તાવાર કરાર થયો નથી, પરંતુ રિટન્શનની ડેડલાઈન નજીક આવતા જ આગામી દિવસોમાં આ મામલે મોટો ખુલાસો થવાની પૂરી સંભાવના છે.

(છેલ્લા પાનાનું ચાલુ)

### કૃષિ પેદાશ વેચાણ કેન્દ્રો...

આપવા માટે ખેતી નિયામકની કચેરી અને ઈસરો વચ્ચે કરાર કરવામાં આવ્યું હતું. આ ટેકનોલોજીથી ખેડૂતોને વાવેતરથી લઈને લણણી સુધીની વિવિધ એડવાઈઝરી, પાકવાર વિસ્તારનો અંદાજ, ઉત્પાદન અંદાજ અને પાક નુકસાન મૂલ્યાંકન જેવી મહત્વપૂર્ણ માહિતી સમયસર મળી રહેશે.

આ ઉપરાંત, કૃષિ વિસ્તરણ સેવાઓને વધુ ઝડપી અને અસરકારક બનાવવા માટે મદદનીશ ખેતી નિયામક (વર્ગ-૨) તરીકે પસંદગી પામેલા ૧૪ નવનિયુક્ત અધિકારીઓને નિમણૂક પત્રો પણ એનાયત કરવામાં આવશે.

રાજ્ય કક્ષાના મુખ્ય કાર્યક્રમ ઉપરાંત વિવિધ જિલ્લાઓમાં ૩૪ સ્થળોએ પ્રભારી મંત્રીઓ, સાંસદો અને ધારાસભ્યોની ઉપસ્થિતિમાં જિલ્લા કક્ષાના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં વિધાનસભા અધ્યક્ષ શંકરભાઈ ચૌધરી વાવ-થરાદ ખાતે તથા નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી અને વિધાનસભાના ઉપાધ્યક્ષ પૂર્ણેશભાઈ મોદી સુરત ખાતેના કાર્યક્રમમાં હાજર રહેશે. આ ઉપરાંત, સમગ્ર રાજ્યમાંથી હજારો ખેડૂતો ડિજિટલ માધ્યમથી પણ આ સમારોહમાં જોડાશે.

### મુસાફર સેવા સેતુ...

બદલવા, બારી-દરવાજાનું રિપ્લેસમેન્ટ, આકર્ષક ફ્લોરિંગ, ઈલેક્ટ્રિફિકેશન, મજબૂત ડ્રેનેજ સિસ્ટમ અને કલરકામ જેવી કામગીરી કરવામાં આવશે. આ અપગ્રેડેશન દરમિયાન મહિલા મુસાફરોને ધ્યાનમાં રાખીને સ્થળની સ્થિતિ મુજબ અંદાજિત ૨૫ યુરિનલ્સ, ૨૦ જનરલ ડબલ્યુ.સી. અને ૨૫ જેટલા મહિલા ડબલ્યુ.સી. વધારવાનું આયોજન છે.

આ ઉપરાંત મુસાફરો ઈન્ફ્રાસ્ટ્રક્ચર કે સ્વચ્છતાને લગતી ફરિયાદો રીઅલ-ટાઈમમાં નોંધાવી શકે તે માટે તમામ બસ સ્ટેશનો પર ક્યુઆર કોડ આધારિત ''મુસાફર સેવા સેતુ'' એપ્લિકેશન પણ કાર્યરત કરવામાં આવશે.

આ ડ્રાઈવના સફળ અમલીકરણથી રાજ્યના લાખો દૈનિક મુસાફરોની સુવિધામાં વધારો થશે અને એસ.ટી. બસ સ્ટેશનો વધુ સ્વચ્છ તથા લોકઉપયોગી બનશે.

### ગીરગઢડા...

દિપડાની હાજરી અંગે પણ તપાસ શરૂ કરવામાં આવી હોવાનું જાણવા મળે છે.

સણોસરી સહિત આસપાસના વાડી વિસ્તારોમાં ખેતમજૂરો અને ગ્રામજનોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. વનવિભાગ દ્વારા દિપડાની હિલચાલ અંગે જરૂરી કાર્યવાહી કરવામાં આવે અને વાડી વિસ્તારમાં રહેતા ખેતમજૂરોની સુરક્ષા માટે તકેદારીના પગલાં લેવામાં આવે તેવી માંગ ઉઠી રહી છે. દરમિયાન વન વિભાગ દ્વારા દિપડાને પાંજરે પુરવામાં આવ્યો હોવાનું જાણવા મળી રહ્યું છે.

### સુર્યનારાયણ લાલચોળ...

રાજ્યભરમાં આકરા તડકા પડી રહ્યા છે. બેવડી સિઝનનો અનુભવ થઈ રહ્યો છે.

ગ્લોબલ વોર્મિંગની અસરના કારણે વિશ્વભરમાં ઋતુચક્રમાં આમૂલ પરિવર્તન જોવા મળી રહ્યું છે. શિયાળો, ઉનાળો અને ચોમાસાની સિઝન નિર્ધારિત સમય કરતા મોડી શરૂ થઈ રહી છે. ઋતુચક્રનું બેલેન્સ સંપૂર્ણપણે વિખેરાય ગયું છે.

### કસ્ટોડીયલ ડેથ પ્રકરણ...

કરવાની માંગ કરી હતી.

રાજકોટ પોલીસે આ કેસની તપાસ એકસિડેન્ટલ ડેથ તરીકે કરી હતી અને તારણ કાઢ્યું હતું કે સીબીઆઈ યોગ્ય કાળજી રાખવામાં નિષ્ફળ રહી હતી, જોકે આત્મહત્યા માટે ઉશ્કેરણીનો કોઈ પુરાવો મળ્યો ન હતો. બિશ્નોઈ સીબીઆઈની કસ્ટડીમાં હોવાથી, જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટે સીઆરપીસીની કલમ ૧૭૬ હેઠળ તપાસ કરી હતી અને સીબીઆઈ ટીમને ક્લીન ચિટ આપી હતી.

ત્યારબાદ બિશ્નોઈના પરિવારે પોલીસમાં ફરિયાદ કરી હતી અને રહસ્યમય સંજોગોમાં થયેલા મૃત્યુ માટે જવાબદાર સામે કાર્યવાહી કરવાની માંગ સાથે જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટનો સંપર્ક કર્યો હતો. પરિવારે આત્મહત્યાની થિયરી સ્વીકારવાનો ઈનકાર કર્યો હતો અને કહ્યું હતું કે તેઓ બારીમાંથી કૂદી શકે તેમ નહોતા. પરિવારે હાઈકોર્ટમાં અરજી કરી આક્ષેપ કર્યો હતો કે જવેરીમલને મેજિસ્ટ્રેટ સમક્ષ સમયસર રજૂ કર્યા વિના ગેરકાયદેસર અટકાયત કરવામાં આવી હતી. ધરપકડ અંગેની સુરક્ષા જોગવાઈઓનું પાલન કરવામાં આવ્યું ન હતું. ઘરની ઝડતી દરમિયાન ધમકીઓ આપવામાં આવી હતી અને શરીર પરની ઈજાઓ આત્મહત્યાની વાત સાથે સુસંગત ન હતી. અરજદારે ઘરની ઝડતી દરમિયાન તેમના પુત્રના મોબાઈલ ફોનમાં થયેલા કથિત ઓડિયો રેકોર્ડિંગનો પણ આધાર લીધો હતો.

સીબીઆઈ અને રાજ્ય સરકારે અરજીનો વિરોધ કર્યો હતો પરંતુ જસ્ટિસ એમ. કે. ઠક્કરે અવલોકન કર્યું હતું કે અકસ્માતે થયેલા મૃત્યુ અંગેની તપાસ અપૂરતી હતી. જ્યારે આક્ષેપો 'કોગ્નિઝેબલ ઓફેન્સ' (પોલીસ દ્વારા વોરંટ વિના ધરપકડ કરી શકાય તેવો ગુનો) દર્શાવતા હોય ત્યારે તે સંપૂર્ણ પોલીસ તપાસનું સ્થાન લઈ શકતી નથી. હાઈકોર્ટે અગાઉની તપાસમાં રહેલી ખામીઓ તરફ ધ્યાન દોરી ટાંક્યુ હતું કે, કસ્ટોડિયલ ડેથ અને બંધારણીય અધિકારોના ઉલ્લંઘનના કિસ્સામાં કોર્ટનો અભિગમ અલગ હોવો જોઈએ. જો પોલીસ કસ્ટડી, જેલ કે અન્ય કોઈ સ્થળે કોઈ અધિકારી કે અન્ય વ્યક્તિ દ્વારા આવા બંધારણીય અધિકારોનું ઉલ્લંઘન કરવામાં આવે, તો કોર્ટે પોલીસને એફઆઈઆર નોંધવાનો નિર્દેશ આપીને તેમાં હસ્તક્ષેપ કરવો જરૂરી છે.અગાઉ એસીપીના નેતૃત્વ હેઠળની એસઆઈટી દ્વારા તપાસ કરવામાં આવી હોવાથી હાઈકોર્ટે કહ્યું હતું કે, આ તપાસ સીઆઈડી ક્રાઈમના ડીઆઈજીની દેખરેખ હેઠળ કરવામાં આવશે. જેઓ એ સુનિશ્ચિત કરશે કે તપાસ કાયદા અનુસાર અને યોગ્ય ત્વરા સાથે હાથ ધરવામાં આવી રહી છે. ત્રણ મહિનાના સમયગાળામાં યોગ્ય અહેવાલ તૈયાર કરવામાં આવશે અને તે અહેવાલ અવલોકન માટે કોર્ટની રજિસ્ટ્રીને પણ મોકલવામાં આવશે તેવો આદેશ આપવામાં આવ્યો છે.

# આરપીએફ જવાનની સતર્કતાથી જામનગર સ્ટેશન પર મુસાફરનો જીવ બચ્યો

## ચાલુ ટ્રેન અને પ્લેટફોર્મ વચ્ચે પડેલા મુસાફરને આરપીએફ કોન્સ્ટેબલ અમિત દહિયાએ સાહસ અને કોઠાસૂઝથી સુરક્ષિત બહાર કાઢ્યા

**અબતક, રાજકોટ**

રાજકોટ ડિવિઝનના જામનગર રેલવે સ્ટેશન પર રેલવે સુરક્ષા દળના જવાનની સતર્કતા, તત્પરતા અને સાહસથી એક મુસાફરનો જીવ બચી ગયો. આ ઘટના ૩ ઑક્ટોબર ૨૦૨૬ના રોજ ગાડી નંબર ૫૯૫૫૧ રાજકોટ-ઓખા પેસેન્જરના જામનગર સ્ટેશન પર બની હતી.

રાજકોટ ડિવિઝનના સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર સુનીલ કુમાર મીનાના જણાવ્યા અનુસાર, ૬૧ વર્ષીય મુસાફર બટુક દાસ રાજકોટથી દ્વારકાની મુસાફરી કરી રહ્યા હતા. જામનગર રેલવે સ્ટેશન પર પાણી લેવા માટે તેઓ ટ્રેનમાંથી નીચે ઉતર્યા હતા. પાણી લીધા બાદ જ્યારે તેઓ ફરીથી ચાલુ ટ્રેનમાં ચઢવાનો પ્રયાસ કરી રહ્યા હતા, ત્યારે તેમનું સંતુલન બગડ્યું અને તેઓ ચાલુ ટ્રેન તેમજ પ્લેટફોર્મ વચ્ચે પડી ગયા.



ડ્યુટી પર તહેનાત રેલવે સુરક્ષા દળના કોન્સ્ટેબલ અમિત દહિયાએ સહેજ પણ સમય ગુમાવ્યા વગર તુરંત કાર્યવાહી કરીને મુસાફરને પ્લેટફોર્મ અને ચાલુ ટ્રેન વચ્ચેથી સુરક્ષિત રીતે બહાર કાઢી લીધા. તેમની તત્પરતા, સાહસ અને કોઠાસૂઝના કારણે મુસાફરનો અમૂલ્ય જીવ બચી શક્યો. સદ્ભાગ્યે મુસાફરને કોઈ પ્રકારની ઈજા પહોંચી ન હતી.

ઘટનાની જાણ થતાં જ સહાયક સબ-ઈન્સ્પેક્ટર મુકેશ કુમાર સ્ટાફ સાથે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. મુસાફરની કુશળતાની ખાતરી કર્યા બાદ તેમને સુરક્ષિત રીતે તે જ ટ્રેનમાં બેસાડવામાં આવ્યા અને ટ્રેનને આગળની મુસાફરી માટે રવાના કરવામાં આવી.

રાજકોટ ડિવિઝન ના ડીવીઝનલ રેલવે મેનેજર ગિરિરાજ કુમાર મીના તેમજ સહાયક સુરક્ષા કમિશનર પ્રભારી અશોક કુમાર ત્યાગી દ્વારા આરપીએફ કોન્સ્ટેબલ અમિત દહિયા દ્વારા દર્શાવવામાં આવેલી તત્પરતા, સાહસ અને કોઠાસૂઝની પ્રશંસા કરવામાં આવી છે. સમયસર લેવાયેલા તેમના પગલાંએ માત્ર એક મુસાફરનો જીવ જ નથી બચાવ્યો, પરંતુ રેલવે સ્ટેશનો પર સતર્કતા અને ત્વરિત કાર્યવાહીના મહત્વને પણ રેખાંકિત કર્યું છે.

રેલવે પ્રશાસન મુસાફરોને અપીલ કરે છે કે તેઓ ચાલુ ટ્રેનમાં ચઢવા કે ઉતરવાનો પ્રયાસ ન કરે. ટ્રેન સંપૂર્ણપણે થોભી જાય તે પછી જ સુરક્ષિત રીતે ટ્રેનમાં ચઢવું કે ઉતરવું. સહેજ પણ બેદરકારી ગંભીર અકસ્માતનું કારણ બની શકે છે.

# દુઃખદ અવસાન

## સદ્ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના



**રાજકોટ :** સ્વ. નરેન્દ્રભાઈ (કમલેશભાઈ) નાનજીભાઈ ભરડવા (ઉ.વ.૫૪) તે પ્રદીપભાઈ નાનજીભાઈ ભરડવાના નાનાભાઈ તથા આકાશભાઈ ભરડવા, પૂજનભાઈ ભરડવા તેમજ ભૂમિબેન સંજયકુમાર પાણખાણીયાના પિતા તેમજ ધ્વનીના દાદા તથા રવિભાઈ અને મોહિતભાઈના કાકાનું તા. ૨ ના રોજ શુક્રવારે અવસાન થયેલ છે. તેમનું બેસણું તા. ૫ ના રોજ સોમવારે સાંજે ૪ થી ૬, નિવાસ સ્થાન ગોવિંદનગર-૧ ગાંધીગ્રામ રાજકોટ ખાતે રાખલે છે.

## ધાંગધ્રામાં શેખ સજ્જાદભાઈ બેગવાળાની વફાત: કાલે બપોરે જીયારત

**ધાંગધ્રાઃ** દાઉદી વ્હોરા શેખ સજ્જાદભાઈ મુલ્લા હસનઅલી બેગવાળા (ઉ.વ.૮૦) તે મુર્તઝાભાઈ, મુનિરાબેન, શિરીનબેન, મારિયાબેનના પિતા બતુલબેન રાણપુરવાળા (રાજકોટ)ના બેન શેખ હાતીમભાઈ થાનવાળા (સુરેન્દ્રનગર)ના બનેવી તા.૨ ઓક્ટોબર ૨૦૨૬ને શુક્રવારના રોજ ધાંગધ્રા મુકામે વફાત પામેલ છે. મર્હુમની જીયારત (કુરાનખ્વાની) તા.૪ ઓક્ટોબર ૨૦૨૬ને રવિવારના રોજ બપોરે ૧૨ કલાકે ઝૈની મસ્જિદ ધાંગધ્રા ખાતે રાખવામાં આવેલ છે. ટેલિફોનીક શોક સંદેશો પુત્ર મુર્તઝાભાઈ (મો.૯૯૯૮૧૫૦૬૫૨) ઉપર વ્યક્ત કરવો.

**રાજકોટ :** સ્વ. વિશાલભાઈ દિનેશભાઈ ગોહેલ (ઉ.વ.૪૪) તે દિનેશભાઈ ખીમજીભાઈ ગોહેલના પુત્ર તે હેતલબેન વિશાલભાઈ ગોહેલના પતિ, ક્રિશ અને શ્યામના પિતા, મનીષાબેન કમલેશ કુમાર (જામનગર) અને નયનાબેન દિલીપકુમાર (ધુંવાવ)ના નાનાભાઈ ભરતભાઈ અને મુકેશભાઈના નાનાભાઈ સંજયભાઈ અને વિપુલના મોટાભાઈનું તા. ૨ ને શુક્રવારના રોજ અવસાન થયેલ છે. પિયરપક્ષની સાદડી સાથે રાખેલ છે. વસંતભાઈ હરીભાઈ ધામેચાના જમાઈ વિજયભાઈ વસંતભાઈ ધામેચાના બનેવીનું બેસણું તા. ૩ ને શનિવારે સાંજે ૪ થી ૫ કલાકે રામનાથપરા દરજી જ્ઞાતિની વાડી રાજકોટ ખાતે રાખેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# ભારતને જોડવાના ૧૦ વર્ષની ઉજવણી નિમિતે જિયોભારત પર ફોર-જી અપગ્રેડ કરવા માટે ખાસ ઓફર

## વપરાશકર્તાઓને ડિજિટલ સેવાઓનાં લાભ મળશે

**અબતક, રાજકોટ**

ભારતને જોડવાના ૧૦ વર્ષ પૂર્ણ થવાની ઉજવણી નિમિત્તે જિયોએ જિયોભારત પર ખાસ 'જિયો એનિવર્સરી ઓફર' રજૂ કરી છે. તહેવારોની સીઝનમાં આ ઓફરથી લાખો ફીચર ફોન વપરાશકર્તાઓને ડિજિટલ જીવન તરફ અપગ્રેડ થવું વધુ સરળ અને સસ્તું બનશે.

આ ઓફર હેઠળ પાત્ર જીઓ ભારત ૪જી ફોન માત્ર ૧૪૯૯માં ઉપલબ્ધ થશે. સાથે છ મહિના સુધી રિચાર્જના લાભો પણ વિનામૂલ્યે મળશે, જેમાં દર મહિને ૧૪જીબી ડેટા અને અનલિમિટેડ એચડી વોઈસ કોલિંગનો સમાવેશ થાય છે. આ લાભો લાગુ પડતી શરતો અને નિયમોને આધીન રહેશે.

ઘણા ૨જી વપરાશકર્તાઓને કનેક્ટિવિટી જાળવવા માટે દર મહિને આશરે ૧૯૯નું રિચાર્જ કરવું પડે છે. એટલે છ મહિનામાં માત્ર કનેક્ટિવિટી પાછળ જ અંદાજે ૧૨૦૦નો ખર્ચ થાય છે. જેની સામે 'જિયો એનિવર્સરી ઓફર' હેઠળ ગ્રાહકોને ૧૪૯૯માં ૪જી સક્ષમ જીઓભારત ફોન સાથે છ




મહિના સુધી કનેક્ટિવિટીના લાભો મળશે. આ રીતે ૨જી ફોનથી સુવિધાસભર ૪જી ડિજિટલ ફોનમાં અપગ્રેડ કરવાનો ખર્ચ માત્ર ૨૯૯ રહેશે. પરંપરાગત ૨જી ફીચર ફોનમાં મુખ્યત્વે કોલિંગ અને મેસેજિંગની સુવિધા હોય છે, જ્યારે જીઓભારત વપરાશકર્તાઓને અનેક ડિજિટલ સેવાઓનો લાભ આપે છેઃ જેમ કે, જીયોટીવી ઉપર ૫૦૦થી વધુ ટીવી ચેનલ, જીયો હોટસ્ટાર પર લાઈવ ક્રિકેટ, ફિલ્મો અને મનોરંજન ઉપરાંત લાખો ગીતો અને સંગીત સામગ્રીનો આનંદ.

જીયોપે દ્વારા યુપીઆઈ પેમેન્ટ, પેમેન્ટ એલર્ટ અને સાઉન્ડ બોક્સની સુવિધા.

જીયોસેફટી શિલ્ડ ની સેફ-કોલિંગ સુવિધા તથા પરિવારના સભ્યો સાથે જોડાયેલા રહેવા માટે લોકેશન મોનિટરિંગ સાથે

૨.૪ ઈંચની ડિસ્પ્લે, ૨૦૦૦ એમએએચ બેટરી અને ઝડપી તથા વિશ્વસનીય ૪જી કનેક્ટિવિટી. ગ્રાહકોને ઉપલબ્ધ કરાવવામાં આવે છે.

# ગાંધી જયંતિ પર 'અંત્યોદય'નો સંદેશ જીવંત કરાયો

# મહેસાણામાં સાંસદ મયંક નાયકે આત્મીય મુલાકાત કરી, જરૂરિયાતમંદ મહિલાને મદદનો હાથ લંબાવ્યો

**અબતક, રાજકોટ**

મહેસાણામાં ગાંધી જયંતિના પાવન દિવસે મહેસાણા બજારમાં માનવતા અને સાદગીનું અનોખું દ્રશ્ય જોવા મળ્યું હતું. સાંસદ મયંકભાઈ નાયકે હોદ્દાની ઔપચારિકતા અને પ્રોટોકોલથી દૂર રહી સામાન્ય લોકો તથા મહેનતકશ વર્ગના લોકો સાથે આત્મીય મુલાકાત કરી હતી. ગાંધીજીના 'અંત્યોદય'ના વિચારને જીવનમાં ઉતારવાના પ્રયાસરૂપે તેમણે બજારમાં બૂટ-ચંપલ રીપેર કરી પરિવારનું ગુજરાન ચલાવતા શ્રમિકની સ્થિતિ જાણી હતી.સાંસદ મયંકભાઈ નાયકે શ્રમિક સાથે વાતચીત કરી તેની રોજગારી, પરિવાર અને જીવનનિર્વાહ અંગે જાણકારી મેળવી હતી. આ દરમિયાન તેમની નજર એક જરૂરિયાતમંદ મહિલા પર પડતાં તેમણે મહિલાની સ્થિતિ અંગે પણ પૂછપરછ કરી હતી અને મદદનો હાથ લંબાવ્યો હતો.આ ઉપરાંત રસ્તા પર મળેલી એક વૃદ્ધ મહિલા સાથે પણ સાંસદે આત્મીયતાથી વાતચીત કરી તેમના દુઃખ-દર્દ અને પરિસ્થિતિ અંગે



જાણકારી મેળવી હતી. સામાન્ય લોકો વચ્ચે સહજ રીતે બેસી તેમની વાત સાંભળતા સાંસદને જોઈ આસપાસના લોકોમાં પણ માનવતાભર્યા અભિગમની પ્રશંસા જોવા મળી હતી.

# કણસાગરા કોલેજની એનએસએસ સ્વયંસેવિકાએ પ્રિ.આર.ડી. કેમ્પમાં મેળવ્યું સુનિશ્ચિત સ્થાન

## ટાંક મહેકની રાષ્ટ્રીય સ્તરના કેમ્પમાં પસંદગી થતાં તેમની અભૂતપૂર્વ સિધ્ધિ બદલ કોલેજ દ્વારા અભિનંદન પાઠવાયા

**અબતક, રાજકોટ**

કે.એસ.એન. કણસાગરા મહિલા કોલેજનો ગજ્જ (રાષ્ટ્રીય સેવા યોજના) વિભાગ હંમેશાં વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રભાવના, સેવા અને નેતૃત્વ ગુણો વિકસાવવા માટે સક્રિય રહ્યો છે. આ ગૌરવવંતી પરંપરાને જાળવી રાખતા, કોલેજની તેજસ્વી વિદ્યાર્થીની ટાંક મહેક હસમુખભાઈએ અદ્ભુત સફળતા હાંસલ કરી છે.

પહેલાં કોલેજ કક્ષાએ તેમની ઉત્કૃષ્ટ કામગીરીના આધારે પસંદગી કરવામાં આવી હતી. ત્યારબાદ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા યોજાયેલ પસંદગી પ્રક્રિયામાં સફળ રહ્યા બાદ, અમદાવાદ સ્થિત ગુજરાત વિદ્યાપીઠ ખાતે યોજાયેલ પસંદગી પ્રક્રિયામાં પણ ટાંક મહેક હસમુખભાઈએ ઉત્તરોત્તર પ્રગતિ સાધીને રાષ્ટ્રીય લેવલના મહત્વપૂર્ણ પ્રિ-આર.ડી. કેમ્પ માટે પોતાનું સ્થાન સુનિશ્ચિત કર્યું છે. તેની આ સિદ્ધિ અન્ય વિદ્યાર્થીઓ માટે પણ પ્રેરણારૂપ બનશે અને કોલેજની યુવતીઓમાં ગજ્જ પ્રવૃત્તિઓમાં વધુ ઉત્સાહપૂર્વક જોડાવા માટે પ્રોત્સાહન મળશે.વિદ્યાર્થીનીની આ અભૂતપૂર્વ સિદ્ધિ બદલ કોલેજના આદરણીય પ્રિન્સિપાલ ડો. સ્નેહલ પલાણ તથા એનએસએસ પ્રોગ્રામ ઓફિસર ડો. રેણુકા બી. ચાવડાએ વિદ્યાર્થીની મહેક હસમુખભાઈને વિશેષ અભિનંદન પાઠવ્યા છે. વિદ્યાર્થીનીની આ સિદ્ધિ પર કોલેજનું ટ્રસ્ટી મંડળ, સમગ્ર સ્ટાફગણ અને વિદ્યાર્થીનીઓ દ્વારા ટાંક મહેક હસમુખભાઈને હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા છે તથા આગામી કેમ્પ માટે ઉજ્જ્વળ ભવિષ્યની શુભેચ્છાઓ પાઠવવામાં આવી છે.

# સ્વામિનારાયણ ગુરૂકુળમાં વિદ્યાર્થીઓને મૂલ્યલક્ષી કેળવણી અંગે પન્નાબેન પંડયા દ્વારા માર્ગદર્શન અપાયું

**અબતક,રાજકોટ**

વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે 'મૂલ્યલક્ષી કેળવણી' આજની મહત્ત્વની જરૂરિયાત છે. શિક્ષણ માત્ર ડિગ્રી કે નોકરી મેળવવાનું સાધન નથી, પરંતુ ચરિત્ર નિર્માણ અને માનવીય મૂલ્યોના સિંચનનો પાયો છે. આજના આધુનિક અને ડિજિટલ યુગમાં વિદ્યાર્થીઓમાં નૈતિક મૂલ્યોનું જતન થાય તે



માટે 'મૂલ્યલક્ષી કેળવણી' અનિવાર્ય બની ગઈ છે, તેવું વક્તા પન્નાબેન પંડ્યા એ વિશેષ વ્યાખ્યાન દરમિયાન જણાવ્યું હતું. વકતવ્ય આપતા નિષ્ણાતે ભારપૂર્વક જણાવ્યું હતું કે, વર્તમાન સમયમાં ટેકનોલોજીકલ પ્રગતિની સાથે સાથે માનવીય સંબંધો, કરુણા, પ્રામાણિકતા અને સામાજિક જવાબદારી જેવા મૂલ્યોમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. માત્ર પુસ્તકીય જ્ઞાન મેળવવાથી ભૌતિક સફળતા મળી શકે છે, પરંતુ જીવનમાં સાચી સફળતા અને શાંતિ મેળવવા માટે નૈતિક મૂલ્યો ખૂબ જ જરૂરી છે. તેમણે જણાવ્યું હતું કે સોશિયલ મીડિયા અને ઈન્ટરનેટના પ્રભાવ વચ્ચે યુવા પેઢી યોગ્ય અને અયોગ્ય વચ્ચેનો ભેદ પારખી શકે તે પ્રકારનું માર્ગદર્શન આપવું જરૂરી છે. તેમણે વિદ્યાર્થીઓને સફળતા મેળવવા માટેના સાત સોનેરી સૂત્ર લખાવ્યા હતા. ઉપસ્થિત વિદ્યાર્થીઓને પન્નાબેન પંડ્યા દ્વારા પુસ્તિકાઓ ભેટ આપવામાં આવી હતી. શાળાના આચાર્ય કિશોરભાઈ દવે એ વકતાનો પરિચય આપ્યો હતો. કાર્યક્રમના અંતે નિલેશભાઈ નીમ્બર્ક એ આભાર વિધિ કરી હતી.

# વન્યજીવન સપ્તાહ ઉજવણી અંતર્ગત આજથી લોકવિજ્ઞાન કેન્દ્ર ખાતે વન્યજીવોનું ફોટો પ્રદર્શન

**અબતક,રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા સ્થાપિત તથા સૌરાષ્ટ્ર એજ્યુકેશન ફાઉન્ડેશન સંચાલિત અને ગુજકોસ્ટ માન્ય ઓ. વે. શેઠ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર - રેસકોર્સ, રાજકોટ ખાતે સામાજિક વનીકરણ વિભાગ - રાજકોટના સંયુકત ઉપક્રમે ''વન્યજીવ સપ્તાહ ઉજવણી'' અન્વયે વન્ય જીવો - પ્રાણીઓ, પક્ષીઓ, સરીસૃપ, દરિયાઈ જીવસૃષ્ટિના ફોટોગ્રાફ્સ નું પ્રદર્શન જાહેર જનતા માટે રાખવામાં આવ્યું છે. આ ફોટો પ્રદર્શન તા. ૩ અને ૪ ઓકટોબર - શનિવાર અને રવિવાર બે દિવસ સવારે ૧૦.૩૦ થી સાંજે ૬ સુધી લોક વિજ્ઞાન કેન્દ્ર - રેસકોર્સ, રાજકોટ ખાતે જાહેર જનતા માટે ખુલ્લું રહેશે. આજીવન પ્રકૃતિ પ્રેમી અને છેલ્લા ૨૦ વર્ષથી ગીર ફાઉન્ડેશન - ગાંધીનગરમાં આસિસ્ટન્ટ પ્રોગ્રામ કોઓર્ડીનેટર તરીકેની ફરજ બજાવતા ભાવેશ ત્રિવેદી દ્વારા સંકલિત કરાયેલા વિશેષ ફોટોગ્રાફ્સ નું આ પ્રદર્શન સામાજિક વનીકરણ વિભાગ - રાજકોટના નાયબ વન સંરક્ષક યુવરાજસિંહ ઝાલા ના વરદ હસ્તે શનિવારે સવારે ૧૦.૩૦ કલાકે જાહેર જનતા માટે ખુલ્લું મૂકવામાં આવનાર છે.

આ ઉપરાંત તારીખ ત્રણ ઓક્ટોબર ને શનિવારે સાંજે સાત વાગ્યે ''પતંગિયા અને ફૂદાનું જીવન અને તેની અગત્યતા'' વિષયે પ્રકૃતિ પ્રેમી શિવમભાઈ ભટ્ટ નું લોક ભોગ્ય વ્યાખ્યાન પણ યોજવામાં આવ્યું છે. રાજકોટ શહેરની પ્રકૃતિ પ્રેમી જનતાને આ વિશેષ કાર્યક્રમોનો લાભ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# જનકલ્યાણ સાર્વજનિક ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ભુજમા આઠમો પદયાત્રી સેવા કેમ્પ

**અબતક, રાજકોટ**

જનકલ્યાણ સાર્વજનિક ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ભુજમાં તા.૫-૧૦-૨૬ થી ૦૯-૧૦-૨૬ સુધી પાંચ દિવસ માટે આઠમો પદયાત્રી સેવા કેમ્પનું આયોજન કરેલ છે. આકાશવાણી પરિવાર ભુજ, આદિવાસી પ્રગતિ યુવક મંડળ, ઝવેરી પરિવાર તથા આહયા પરિવાર ના સહયોગ થી આ કેમ્પનું આયોજન કરેલ છે. આ કેમ્પમાં પદયાત્રીઓને નાસ્તો, ફળાહાર, ઠંડુ પાણી, આરામ, મોબાઈલ ચાર્જીંગ વગેરે ની સેવા આપવામાં આવશે. આ કેમ્પમાં મુલાકાત લેવા તથા તન-મન-ધન થી સહકાર આપવા અપીલ કરવામાં આવે છે. રાજકોટ માં થી કોઈ ને ડોનેશન આપવા ની ઈચ્છા હોય તો ગુગલ પે-૯૪૨૮૫૦૬૦૧૧ થી જમાં કરાવી શકો છો અથવા ફોન કરશો તો રુબરુ આવી લય જઈશ. વધુ માહિતી માટે. ટ્રસ્ટ ના ચેરમેન ઉમેશ મહેતા મો. ૯૪૨૮૫૦૬૦૧૧ નો સંપર્ક કરવો.

# સ્વચ્છતા હી સેવા અભિયાનના સમાપનવેળાએ રેલવે કર્મીઓની પ્રભાતફેરી






**અબતક, રાજકોટ**

રાજકોટ ડિવિઝનમાં 'સ્વચ્છતા હી સેવા-૨૦૨૬' અભિયાનનું ગાંધી જયંતીના રોજ સફળ સમાપન થયું. આ વર્ષે અભિયાનની થીમ 'સ્વચ્છતામાં સહભાગીતા; સ્વચ્છ ભારત, વિકસિત ભારત' રહી હતી. ૧૭ સપ્ટેમ્બરથી શરૂ થયેલ અભિયાન અંતર્ગત રાજકોટ ડિવિઝનના ૫૩ નાના-મોટા સ્ટેશનો, જેમાં રાજકોટ, ભક્તિનગર, સુરેન્દ્રનગર, વાંકાનેર, જામનગર, હાપા, ખંભાળિયા, દ્વારકા અને ઓખા સહિતના મુખ્ય સ્ટેશનો સામેલ છે, ત્યાં સ્વચ્છતા, જનજાગૃતિ, કચરા વ્યવસ્થાપન, પર્યાવરણ સંરક્ષણ તેમજ સફાઈ મિત્રોના કલ્યાણ સંબંધિત વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું.અભિયાનના સમાપન પ્રસંગે આજે સવારે ૭ વાગ્યે 'સ્વચ્છ રેલ-સ્વચ્છ ભારત'ના સંદેશ સાથે પ્રભાત ફેરી યોજવામાં આવી હતી. ડિવિઝનલ રેલવે મેનેજર ગિરિરાજ કુમાર મીનાના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ વિવિધ વિભાગોના શાખા અધિકારીઓ, રેલવે કર્મચારીઓ, રેલવે સુરક્ષા બળ, ભારત સ્કાઉટ્સ અને ગાઈડ્સ તેમજ સિવિલ ડિફેન્સના સભ્યોએ સક્રિય ભાગીદારી નોંધાવી હતી.

પ્રભાત ફેરીના માધ્યમથી રેલવે કર્મચારીઓ અને તેમના પરિવારોને સ્વચ્છતા પ્રત્યે જાગૃત કરતાં સ્વચ્છ રેલ પરિસર અને સ્વચ્છ ભારતનો સંદેશ આપવામાં આવ્યો હતો.

# બ્રોન્કોસ્કોપી સર્જરી દ્વારા શ્વાસનળીમાં ૨૨ દિવસથી ફસાયેલો 'પારો' સફળતાપૂર્વક બહાર કઢાયો

## ઈ.એન.ટી.સર્જન ડો. હિમાંશુ ઠક્કરે ૪ વર્ષની ઋષિકાની સફળતાપૂર્વક સર્જરી કરી

**અબતક,રાજકોટ**

વિદ્યા નગર મેઈન રોડ સ્થિત ડો. ઠક્કર એન્ડ ડેન્ટલ સર્જિકલ હોસ્પિટલ ખાતે માત્ર ૪ વર્ષની બાળકીના શ્વાસ માર્ગ માં ફસાયેલા નઝરિયા'નો પારો (મોતી) નો અત્યંત જટિલ અને પડકારજનક કેસ સામે આવ્યો હતો. દીવની ૪ વર્ષની બાળકી ઋષિકા ની શ્વાસનળીમાં જમણા મુખ્ય બ્રોન્કસ માં બ્રેસલેટ માં લગાવેલો આશરે ૧ સેન્ટિમીટર નો ગોળ 'નઝરિયા'નો પારો/(મોતી) લગભગ ૨૨ દિવસથી ચુસ્તપણે ફસાયેલો હતો. બાળકી ના પિતા ના જણાવ્યા મુજબ આ સમય દરમિયાન બાળકી સતત સૂકી ઉધરસ અને શ્વાસ લેવામાં તકલીફથી પરેશાન હતી. સતત ઉધરસ અને શ્વાસ ની તકલીફ રહેતી હતી. સ્થાનિક સારવારથી પણ પૂરતી રાહત મળી ન હતી.



સ્થાનિક સ્તરે કરવામાં આવેલ ચેસ્ટ એકસરે સામાન્ય હોવાનું જણાવાયું હતું, પરંતુ લક્ષણો ચાલુ રહેતાં વધુ તપાસ માટે ચેસ્ટ સીટ સ્કેન કરવામાં આવ્યો હતો. સીટીસ્કેનમાં જમણા બ્રોન્કસ માં કોઈ વસ્તુ ફસાયેલ હોવાનું સ્પષ્ટ થયું હતું.

બાળકીને ડો. હિમાંશુ ઠક્કર પાસે લાવવામાં આવી હતી. ડો. ઠક્કરે જનરલ એનેસ્થેસિયા હેઠળ બ્રોન્કસ માં ફસાયેલા મોતીને બહાર કાઢવાની પ્રક્રિયા હાથ ધરી હતી.

ગોળ, કઠણ અને લપસણા મોતીને પકડવો મોટો પડકાર હતો જો કોઈ બાળકને આવી વસ્તુ શ્વાસના માર્ગે જવાની ઘટના બાદ સતત ઉધરસ, શ્વાસ લેવામાં તકલીફ, સીટી જેવો અવાજ અથવા અન્ય શ્વસન સંબંધિત લક્ષણો રહે, તો તેને સામાન્ય ઉધરસ માનીને અવગણવી નહીં. પ્રારંભિક એકસ-રે સામાન્ય આવે તો પણ એરવેમાં ફોરેઈન હોવાની શકયતા સંપૂર્ણપણે નકારી શકાતી નથી. ઋષિકાનો આ દુર્લભ અને તકનીકી રીતે પડકારજનક કિસ્સો દર્શાવે છે કે નાના બાળકોમાં સમયસર નિદાન, યોગ્ય ઈમેજિંગ, અનુભવી એરવે એન્ડોસ્કોપી અને નિષ્ણાત સારવાર કેટલા મહત્વપૂર્ણ બની શકે છે.

# સુરતમાં દાઉદી બોહરા સમાજના ૮૫ હજારથી વધુ લોકોની ઉપસ્થિતિમાં સૈયદના સૈફુદ્દીન સાહેબનો જન્મદિવસ ઉજવાયો

**અબતક, રાજકોટ**

દાઉદી બોહરા સમાજના ૫૩મા ધર્મગુરુ પરમપાવન સૈયદના મુફદ્દલ સૈફુદ્દીન સાહેબે પોતાના તથા તેમના સ્વર્ગસ્થ પિતાશ્રી અને પૂર્વવર્તી પરમપાવન સૈયદના મોહમ્મદ બુરહાનુદ્દીન સાહેબના જન્મદિવસની સ્મૃતિમાં સુરતની મસ્જિદ-એ-મોઅઝઝમ ખાતે વાઈઝ (ધર્મસભા) ફરમાવી હતી. આ પ્રસંગે ભારત સહિત વિદેશમાંથી અંદાજે ૮૫ હજાર દાઉદી બોહરા સમાજના લોકો સુરતમાં એકત્ર થયા હતા.

ધર્મસભામાં સૈયદના સૈફુદ્દીન સાહેબે સારા અને સંતુલિત જીવન માટે સમાજને માર્ગદર્શન આપ્યું હતું. તેમણે કલાકારના ઉદાહરણ દ્વારા સમજાવ્યું હતું કે કલાકાર સૌપ્રથમ પોતાના મનમાં એક ચિત્રની કલ્પના કરે છે, ત્યારબાદ કાળજીપૂર્વક તેના પર કામ કરી તેને સાકાર કરે છે. આ જ રીતે વ્યક્તિએ પણ સ્પષ્ટ હેતુ અને સમજ સાથે પોતાના જીવનને ઘડવું જોઈએ તેમ તેમણે જણાવ્યું હતું.



## મસ્જિદ-એ-મોઅઝઝમ ખાતે ધર્મસભામાં સૈયદના સાહેબે સંતુલિત જીવનશૈલી, પ્રેમ અને કરૂણાનો સંદેશ આપ્યો

સૈયદના સાહેબે જીવનમાં સંતુલન અને પ્રમાણભાનના મહત્વ પર ભાર મૂક્યો હતો. જેમ કલાની કૃતિમાં સંતુલન અને પ્રમાણભાન તેને સુંદરતા આપે છે, તેમ જીવનના વિવિધ પાસાઓ વચ્ચે યોગ્ય સંતુલન જાળવવાથી જીવન વધુ સુમેળભર્યું બની શકે છે તેમ તેમણે સમજાવ્યું હતું.

આ ઉજવણી દાઉદી બોહરા સમાજ માટે વિશેષ મહત્વ ધરાવે છે, કારણ કે આ પ્રસંગે સૈયદના મુફદ્દલ સૈફુદ્દીન સાહેબ તથા તેમના સ્વર્ગસ્થ પિતા અને પૂર્વવર્તી પરમપાવન સૈયદના મોહમ્મદ બુરહાનુદ્દીન સાહેબ બંનેના જન્મદિવસની સ્મૃતિ કરવામાં આવે છે. વર્ષ ૨૦૧૪માં સૈયદના મોહમ્મદ બુરહાનુદ્દીન સાહેબના વફાત બાદ સૈયદના મુફદ્દલ સૈફુદ્દીન સાહેબે તેમના પિતાની યાદ અને વારસાને જીવંત રાખવા માટે જન્મજયંતિની ઉજવણીને મહત્વ આપ્યું છે.ઉજવણીની પૂર્વસંધ્યાએ વિશ્વના વિવિધ ભાગોમાંથી સુરત આવેલા સમાજના સભ્યોએ થીમ આધારિત જુલૂસમાં ભાગ લીધો હતો. સૈયદના સૈફુદ્દીન સાહેબે દેવડી મુબારક ખાતે ઉભા કરાયેલા મંચ પરથી જુલૂસ નિહાળ્યો હતો. દેવડી મુબારક તેમના પૂર્વજોનું નિવાસસ્થાન તેમજ અલજામિઆ તુસ સૈફિયાહનું ગૃહ છે. આ સંસ્થા અરબી શિક્ષણની પરંપરા સાથે સદીઓથી દાઉદી બોહરા સમાજની મહત્વપૂર્ણ શૈક્ષણિક સંસ્થા તરીકે કાર્યરત છે.જન્મદિવસની ઉજવણી સાથે દાઉદી બોહરા સમાજના વાર્ષિક શિક્ષણ અને અભ્યાસ કાર્યક્રમ 'ઈસ્તિફાદા ઈલ્મિયા'નું સમાપન પણ થયું હતું. લગભગ બે સપ્તાહ સુધી વિવિધ તબક્કામાં યોજાયેલા આ કાર્યક્રમમાં વિશ્વના વિવિધ દેશો અને વિવિધ પૃષ્ઠભૂમિમાંથી હજારો સહભાગીઓ સુરત પહોંચ્યા હતા.

# હાપા-કાનાલુસ વચ્ચે ૩૧ કિમી રેલવે માર્ગનું ડ્રોનથી નિરીક્ષણ

## રાજકોટ ડિવિઝનનું જીવંત વીજ લાઈન સાથેનું ઓવરહેડ સાધનોના નિરીક્ષણનું સફળ પરીક્ષણ; રેલ વ્યવહાર ખોરવ્યા વિના ખામીઓ શોધી શકાશે

**અબતક રાજકોટ**

રાજકોટ ડિવિઝન દ્વારા ૩૧ કિલોમીટર લાંબા હાપા-કાનાલુસ રેલવે વિભાગમાં જીવંત વીજ લાઈન સાથે જોડાયેલા ઓવરહેડ સાધનોના ડ્રોન આધારિત નિરીક્ષણ અને દેખરેખની વ્યવસ્થાનું સફળ પરીક્ષણ કરવામાં આવ્યું છે. આ અત્યાધુનિક પ્રણાલી દ્વારા વીજ લાઈન અને તેના વિવિધ સાધનોની સુરક્ષા, વિશ્વસનીયતા તથા જાળવણી વધુ અસરકારક બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.રાજકોટ ડિવિઝનના વરિષ્ઠ ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર સુનિલ કુમાર મીનાના જણાવ્યા અનુસાર, ડ્રોન આધારિત નિરીક્ષણથી ઓવરહેડ સાધનોમાં ઉદ્ભવતી સંભવિત ખામીઓ અને અસામાન્યતાઓની સમયસર ઓળખ કરી શકાશે. તેના આધારે જરૂરી જાળવણી કામગીરી તાત્કાલિક હાથ ધરી શકાશે અને વીજ પુરવઠા સંબંધિત ખામીઓની ઘટનાઓને રોકવામાં મદદ મળશે. આથી રેલવે સંચાલનની વિશ્વસનીયતા અને સમયપાલનમાં પણ સુધારો થઈ શકશે.

ડિવિઝનલ રેલવે મેનેજર, રાજકોટ ગિરિરાજ કુમાર મીનાના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ હાથ ધરાયેલી આ પહેલ સૌરાષ્ટ્ર વિસ્તારમાં રેલવેની સુરક્ષા અને માળખાકીય સુવિધાઓને વધુ મજબૂત બનાવવાની દિશામાં મહત્વપૂર્ણ પગલું માનવામાં આવે છે.ડ્રોન પ્રણાલી દ્વારા ૩૧ કિલોમીટર લાંબા ઓવરહેડ સાધનોના વિભાગનું વ્યાપક નિરીક્ષણ વીજ અને ટ્રાફિક અવરોધ લીધા વિના કરવામાં આવ્યું હતું. જેના કારણે સામાન્ય રેલવે સંચાલનમાં કોઈ વિક્ષેપ પડ્યો નહોતો. ડ્રોનમાં ઉચ્ચ ગુણવત્તાવાળો દ્રશ્ય કેમેરો લગાવવામાં આવ્યો છે, જે ૨૫ હજાર વોલ્ટની વીજ પ્રવાહવાળી ટ્રેક્શન વ્યવસ્થામાં ઢીલા જોડાણો, ગોઠવણીમાં વિચલન, સ્પ્લિટ પિન ગાયબ હોવી સહિતની સંભવિત તકનીકી ખામીઓ શોધી શકે છે.

રાજકોટ ડિવિઝન દ્વારા સલામત, કાર્યક્ષમ અને આધુનિક રેલવે સંચાલન સુનિશ્ચિત કરવા માટે ટેકનોલોજી આધારિત વિવિધ પ્રયાસો સતત કરવામાં આવી રહ્યા છે.

### ૫૩ કરોડ ''દૂઝણા'' પશુઓ છતાં ફરી પશુધનની ઉપેક્ષા?

# હવે પશુઓની લોન ,સબસિડી અને વીમા પકવવામાં ''લાલિયાવાડી'' નહીં ચાલે

## પશુનું રસીકરણ, માલિકીની વિગત, દૂધ ઉત્પાદન અને વીમાનો રેકોર્ડ એક જ ટેગ નંબર હેઠળ સિંક થવો જોઈએ જેથી લોન આપતી વખતે બેંક એક જ ક્લિકમાં બધી માહિતી જોઈ શકે

### આની ગ્રામીણ અર્થવ્યવસ્થા પર શું અસર થશે?

૧૨-આંકડાના ટેગથી ૩૬ કરોડથી વધુ પશુઓની 'ભારત પશુધન' પર સત્તાવાર નોંધણી થઈ, જેથી માલિકી અને ઓળખનો વિવાદ અટકશે. દૂધના ઉત્પાદન આધારે ચોક્કસ મૂલ્યાંકન નક્કી થયું. અન્ય પશુઓની કિંમત ડોક્ટર કે પંચાયત નક્કી કરે છે. વીમા પ્રીમિયમનો ૮૫% ખર્ચ સરકાર ભરે છે અને પશુપાલકે માત્ર ૧૫% જ ચૂકવવાનો હોવાથી પશુના મૃત્યુ સમયે આર્થિક પાયમાલીથી બચી શકાય છે. ટેગ વાળા ફોટા અને સરકારી ડોક્ટરના સર્ટિફિકેટથી બોગસ ક્લેમ બંધ થશે અને સાચા પશુપાલકને પૈસા ઝડપથી મળશે.




**અબતક, રાજકોટ**

નાનપણમાં આપણે સૌ જ્યારે શાળાએ જવાનું શરૂ કરતા ત્યારે ''એ ફોર એપલ'' અને છેલ્લે ''વાય ફોર યાક'' જેવા શબ્દો ભણતા. પરંતુ ક્યારેય વિચાર્યું છે કે આ જાનવરો, ખાસ કરીને ગાય, ભેંસ, બકરા કે ઊંટ, ભારતીય ગામડાંઓની આખી અર્થવ્યવસ્થાનો પાયો છે? ભારતના ગ્રામીણ વિસ્તારમાં પશુધન માત્ર દૂધ કે ખેતીનું સાધન નથી, પરંતુ પશુપાલકની સૌથી મોટી ચલ સંપત્તિ છે. છતાં પણ, આજ સુધી બેંક કે વીમા કંપનીઓ માટે આ પશુઓનું કોઈ સત્તાવાર નાણાકીય અસ્તિત્વ નહોતું.ભારતના ગ્રામીણ અર્થતંત્રમાં પશુધન સદીઓથી પાયાનું અંગ રહ્યું છે, પરંતુ નાણાકીય અને સરકારી દ્રષ્ટિકોણથી તે અત્યાર સુધી માત્ર એક 'ખેતીનો સહાયક કે પૂરક વ્યવસાય' ગણાતું હતું.

જ્યારે પણ કોઈ બેંક લોન આપે છે અથવા વીમા કંપની ઈન્સ્યોરન્સ આપે છે, ત્યારે તેને મુખ્ય ત્રણ વસ્તુઓની જરૂર હોય છે. ઓળખ -આ ક્યું ચોક્કસ વાહન કે પશુ છે?, મૂલ્ય -આની બજાર કિંમત કેટલી છે?, ઈતિહાસ -આનો જૂનો મેડિકલ કે માલિકીનો રેકોર્ડ શું છે?. ગાડી માટે ચેસિસ નંબર હોય છે અને મકાન માટે દસ્તાવેજ હોય છે, પરંતુ ભારતના ૫૩ કરોડથી વધુ પશુઓ પાસે આમાંથી કંઈ જ નહોતું. પણ હવે ચિત્ર બદલાઈ રહ્યું છે. સરકાર 'પશુ આધાર' અને નવી વીમા નીતિ દ્વારા દેશના પશુધનને આર્થિક સિસ્ટમ સાથે જોડી રહી છે.

### ડિજિટલ ઓળખથી શું ફાયદો થશે?

પશુ સત્તાવાર સંપત્તિ બનવાથી કિસાન ક્રેડિટ કાર્ડ અને પશુપાલન લોન ઝડપથી મળશે.સાચા પશુપાલકને વચેટિયા વગર વીમા વળતર ત્વરિત મળશે અને બોગસ ક્લેમ અટકશે. રસીકરણ, બીજદાન અને સારવારની આખી હિસ્ટ્રી 'ભારત પશુધન' પોર્ટલ પર ઉપલબ્ધ રહેશે. પશુની સાચી ઉંમર, દૂધ ક્ષમતા અને માલિકી સ્પષ્ટ રહેવાથી ખરીદ-વેચાણમાં છેતરપિંડી નહીં થાય. ચેપી રોગ ફેલાય ત્યારે અસરગ્રસ્ત પશુઓને તુરંત ટ્રેક કરી રસીકરણ કરી શકાશે.

### 'પશુ આધાર' અને વીમા યોજનામાં થતી લાલિયાવાડી

પશુચિકિત્સક સાથે સેટિંગ કરીને ઓછું દૂધ આપતી ગાય કે ભેંસનું દૂધ કાગળ પર વધારે બતાવી,ખોટી પશુની બતાવી મોટા ક્લેમનું સેટઅપ કરવું. પ્લાસ્ટિકના ૧૨-આંકડાના ઈયર-ટેગ કાઢીને વીમો ન લીધેલા કે અચાનક મરી ગયેલા બીજા સામાન્ય પશુના કાનમાં લગાવીને બોગસ વીમા ક્લેમ પકાવી લેવો.પશુના સ્વાભાવિક કે બીમારીથી થયેલા મૃત્યુ પછી સરકારી ડોક્ટરને અનુકૂળ રિપોર્ટ બનાવવા માટે 'ઉપરની કમાણી' આપીને ડેથ સર્ટિફિકેટ મેળવી લેવું. વીમા કંપનીઓ સરકાર પાસેથી ૮૫% સબસિડીનો હિસ્સો ઉઘરાવી લે છે, પણ સામાન્ય પશુપાલકના સાચા ક્લેમ વખતે કાગળોના નાના બહાના કાઢીને ક્લેમ ફગાવી દે છે. 'ભારત પશુધન' પોર્ટલમાં ટેકનિકલ ખામીઓ, સર્વર પ્રોબ્લેમ કે ડોક્ટર સમયસર ન આવવાને કારણે મરેલા પશુનું પંચનામું અટકી જાય છે અને વળતર મળવામાં મહિનાઓ નીકળી જાય છે. ડિજિટલ રજિસ્ટ્રેશન થયા પછી પણ બેંકો આ ડેટાને લોન આપવા માટે સીધો ગ્રાહ્ય રાખતી નથી, જેથી પશુપાલકને તાત્કાલિક ધિરાણ મળવામાં હજુ પણ મુશ્કેલી પડે છે.

પશુપાલકો પાસે કિંમતી પશુઓ હોવા છતાં બેંકો તેમને લોન આપવા માટે આ પશુઓને જામીન કે સિક્યોરિટી તરીકે સ્વીકારતી નહોતી, કારણ કે પશુની સત્તાવાર ઓળખ કે કિંમત નક્કી કરવાનો કોઈ સર્વસ્વીકૃત રસ્તો નહોતો. અચાનક પશુનું મૃત્યુ થાય ત્યારે પશુપાલક આર્થિક રીતે ભાંગી પડતો હતો. તેને યોગ્ય અને ઝડપી વીમા વળતર આપવું જરૂરી હતું. રસીકરણ, કૃત્રિમ બીજદાન અને રોગચાળા પર નજર રાખવા માટે દરેક પશુનો એક ડિજિટલ રેકોર્ડ હોવો અનિવાર્ય હતો.હાલમાં કિસાન ક્રેડિટ કાર્ડ અને 'ભારત પશુધન' ડેટાબેઝ અલગ-અલગ કામ કરે છે. બેંકો આ ડેટાબેઝનો સીધો ઉપયોગ કરીને પશુ આધારના આધારે ખેડૂતને ત્વરિત લોન આપવાનું શરૂ કરે તે જરૂરી છે. પશુનું રસીકરણ, માલિકીની વિગત, દૂધ ઉત્પાદન અને વીમાનો રેકોર્ડ એક જ ટેગ નંબર હેઠળ સિંક થવો જોઈએ જેથી લોન આપતી વખતે બેંક એક જ ક્લિકમાં બધી માહિતી જોઈ શકે. હાલમાં આ યોજના મોટા ભાગે સરકારી સબસિડી પર નિર્ભર છે.

ભવિષ્યમાં વીમા કંપનીઓ પશુના વાસ્તવિક ડેથ-રેટ અને ડેટાના આધારે પોતે વ્યાજબી પ્રીમિયમ નક્કી કરતી થાય તેવો કમર્શિયલ માહોલ બનાવવો પડશે. ભારતે 'પહેલાં ઓળખ , પછી કિંમત અને છેલ્લે ક્રેડિટ 'નો જે ક્રમ અપનાવ્યો છે તે યોગ્ય દિશામાં છે. કાગળ પર રહેલા પશુઓને જ્યારે આંકડા, કિંમત અને ડિજિટલ રેકોર્ડ મળે છે, ત્યારે તે માત્ર એક જાનવર નથી રહેતું પરંતુ ગ્રામીણ અર્થવ્યવસ્થાનું એક મજબૂત નાણાકીય સાધન બની જાય છે. જો દેશની બેંકો આ ડેટાનો ઉપયોગ પશુપાલકોને ધિરાણ આપવા માટે કરવાનું શરૂ કરશે, તો આ નાનો ટેગ ભારતના ગ્રામીણ અર્થતંત્રમાં એક મોટો ક્રાંતિકારી બદલાવ લાવી શકશે.

---

### ખેડૂતથી બજાર અને બજારથી ગ્રાહક સુધી કડી મજબૂત કરવા

# રાજ્યભરમાં ૧૦૦ પ્રાકૃતિક કૃષિ પેદાશ વેચાણ કેન્દ્રોનું લોકાર્પણ

## ૯૩ પ્રગતિશીલ ખેડૂતોને શ્રેષ્ઠ આત્મા ફાર્મર્સ એવોર્ડ એનાયત

**અબતક, રાજકોટ**

ગાંધીનગર ખાતે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીની અધ્યક્ષતામાં તથા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં આજે રાજ્ય કક્ષાનો 'બેસ્ટ આત્મા ફાર્મર એવોર્ડ' વિતરણ સમારોહ યોજાયો હતો. આ સમારોહ દરમિયાન રાજ્યના કુલ ૯૩ પ્રગતિશીલ ખેડૂતોને 'બેસ્ટ આત્મા ફાર્મર્સ એવોર્ડ'થી સન્માનિત કરવામાં આવ્યા હતા. જેમાં ૧૦ ખેડૂતોને રાજ્ય કક્ષાના અને ૮૩ ખેડૂતોને જિલ્લા કક્ષાના એવોર્ડ એનાયત કરાયો હતો. આ પુરસ્કારો પૈકી ૧૫ એવોર્ડ પ્રાકૃતિક કૃષિ ક્ષેત્રે, ૪૫ એવોર્ડ ફળ-ફૂલ તથા શાકભાજીની ખેતી ક્ષેત્રે, ૧૫ એવોર્ડ પશુપાલન ક્ષેત્રે અને ૮ એવોર્ડ મૂલ્ય વર્ધિત ઉત્પાદનો, પેકિંગ તથા અન્ય ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ કામગીરી બદલ આપવામાં આવ્યા હતા.

''ખેડૂતથી બજાર અને બજારથી ગ્રાહક'' સુધીની કડીને સુદ્રઢ કરવાના હેતુથી રાજ્યભરમાં આશરે ૧૦૦ જેટલા પ્રાકૃતિક કૃષિ પેદાશોના વેચાણ કેન્દ્રોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. જેમાં નગરપાલિકા/મહાનગરપાલિકા મથકોએ ૨૪, જિલ્લા મથકોએ ૧૮ અને તાલુકા મથકોએ ૫૮ કેન્દ્રોનો સમાવેશ થાય છે. આનાથી પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને યોગ્ય પ્લેટફોર્મ મળશે અને ગ્રાહકોને ગુણવત્તાયુક્ત ઉત્પાદનો સરળતાથી ઉપલબ્ધ બનશે.ખેતીમાં આધુનિક સેટેલાઈટ અને જિયો-સ્પેશિયલ ટેકનોલોજીના ઉપયોગને પ્રોત્સાહન આપવા માટે ખેતી નિયામકની કચેરી અને ઈસરો વચ્ચે કરાર કરવામાં આવ્યું હતું. આ ટેકનોલોજીથી ખેડૂતોને વાવેતરથી લઈને લણણી સુધીની વિવિધ એડવાઈઝરી, પાકવાર વિસ્તારનો અંદાજ, ઉત્પાદન અંદાજ અને પાક નુકસાન મૂલ્યાંકન જેવી મહત્વપૂર્ણ માહિતી સમયસર મળી રહેશે.

આ ઉપરાંત, કૃષિ વિસ્તરણ સેવાઓને વધુ ઝડપી અને અસરકારક બનાવવા માટે મદદનીશ ખેતી નિયામક (વર્ગ-૨) તરીકે પસંદગી પામેલા ૧૪ નવનિયુક્ત અધિકારીઓને નિમણૂક પત્રો પણ એનાયત કરવામાં આવશે. રાજ્ય કક્ષાના મુખ્ય કાર્યક્રમ ઉપરાંત વિવિધ જિલ્લાઓમાં ૩૪ સ્થળોએ પ્રભારી મંત્રીઓ, સાંસદો અને ધારાસભ્યોની ઉપસ્થિતિમાં જિલ્લા કક્ષાના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં વિધાનસભા અધ્યક્ષ શંકરભાઈ ચૌધરી વાવ-થરાદ ખાતે તથા નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી અને વિધાનસભાના ઉપાધ્યક્ષ પૂર્ણેશભાઈ મોદી સુરત ખાતેના કાર્યક્રમમાં હાજર રહેશે. આ ઉપરાંત, સમગ્ર રાજ્યમાંથી હજારો ખેડૂતો ડિજિટલ માધ્યમથી પણ આ સમારોહમાં જોડાશે.

---

### મુસાફરો ફરિયાદ નોંધાવી શકે તે માટે

# બસ સ્ટેશનો પર ક્યુઆર કોડ આધારિત 'મુસાફર સેવા સેતુ' એપ્લિકેશન શરૂ થશે

**અબતક, રાજકોટ**

રાજ્યના એસ.ટી. બસ સ્ટેશનો પર મુસાફરોને વધુ સારી અને આધુનિક સુવિધાઓ પૂરી પાડવા માટે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની સૂચનાથી ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમ દ્વારા એક મહત્વપૂર્ણ ઝુંબેશનો પ્રારંભ કરવામાં આવ્યો છે. મુસાફરી દરમિયાન નાગરિકોને સ્વચ્છતા અને પાયાની સગવડો બાબતે કોઈપણ પ્રકારની અગવડ ન પડે તે માટે નિગમ દ્વારા રાજ્યના ૫૬ બસ સ્ટેશનોના ટોયલેટ બ્લોક રીન્યુએશન અને રિપેરીંગ ઝુંબેશનું આયોજન કરવામાં આવ્યું છે.

એસ.ટી. નિગમ દ્વારા સમગ્ર રાજ્યમાં કુલ ૫૬ બસ સ્ટેશનો પર રીપેરીંગ અને ટોયલેટ બ્લોક અપગ્રેડેશનની કામગીરી હાથ ધરવામાં આવી છે. જેમાંથી અત્યાર સુધીમાં ૬ બસ સ્ટેશનો પર રીપેરીંગની કામગીરી પૂર્ણ કરાઈ છે. જેમાં સાવરકુંડલા, વાંસદા, ધંધુકા, ઉમરાળા, પાલિતાણા અને ઢસા બસ સ્ટેશનનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ૧૭ બસ સ્ટેશનો પર કામ હાલ પ્રગતિ હેઠળ છે. બાકીના ૩૩ બસ સ્ટેશનો પર રીપેરીંગની કામગીરી આગામી ૮ થી ૧૨ મહિનાની અંદર પૂર્ણ કરી દેવાનું આયોજન છે. આ વિશેષ ડ્રાઈવ પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય મુસાફરોને સ્વચ્છ, આરોગ્યપ્રદ અને આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાનો છે. અગાઉ કરવામાં આવેલા સર્વેના આધારે એસ.ટી. નિગમે 'બસ સ્ટેશન બેઝીક ફેસીલીટી અપગ્રેડેશન પ્લાન' તૈયાર કર્યો હતો. લાંબા અંતરની મુસાફરી કરતા મુસાફરો, મહિલાઓ અને વડીલો માટે બસ સ્ટેશન પર પૂરતી સ્વચ્છતા અને સુવિધાઓ હોવી અનિવાર્ય છે. આ જરૂરિયાતને ધ્યાનમાં રાખીને જ્યાં જરૂર જણાઈ છે તેવા ટોયલેટ બ્લોકસનું આધુનિકીકરણ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

આ ઝુંબેશ હેઠળ ટોયલેટ બ્લોકસમાં પ્લમ્બિંગ, નવા યુરિનલ્સ અને ડબલ્યુ.સી. પાન બદલવા, બારી-દરવાજાનું રિપ્લેસમેન્ટ, આકર્ષક ફ્લોરિંગ, ઈલેક્ટ્રિફિકેશન, મજબૂત ડ્રેનેજ સિસ્ટમ અને કલરકામ જેવી કામગીરી કરવામાં આવશે. આ અપગ્રેડેશન દરમિયાન મહિલા મુસાફરોને ધ્યાનમાં રાખીને સ્થળની સ્થિતિ મુજબ અંદાજિત ૨૫ યુરિનલ્સ, ૨૦ જનરલ ડબલ્યુ.સી. અને ૨૫ જેટલા મહિલા ડબલ્યુ.સી. વધારવાનું આયોજન છે.

આ ઉપરાંત મુસાફરો ઈન્ફ્રાસ્ટ્રક્ચર કે સ્વચ્છતાને લગતી ફરિયાદો રીઅલ-ટાઈમમાં નોંધાવી શકે તે માટે તમામ બસ સ્ટેશનો પર ક્યુઆર કોડ આધારિત ''મુસાફર સેવા સેતુ'' એપ્લિકેશન પણ કાર્યરત કરવામાં આવશે.

આ ડ્રાઈવના સફળ અમલીકરણથી રાજ્યના લાખો દૈનિક મુસાફરોની સુવિધામાં વધારો થશે અને એસ.ટી. બસ સ્ટેશનો વધુ સ્વચ્છ તથા લોકઉપયોગી બનશે.

---

# મહેસૂલી કર્મચારીઓ સોમવારે માસ સીએલ રાખશે તો સર્વિસ બ્રેકની કાર્યવાહી

## કર્મીઓ ફરજ પર હાજર રહે તે માટે કલેક્ટરોને મહેસુલ વિભાગની તાકીદ

**અબતક, રાજકોટ**

મહેસૂલી કર્મચારી મહામંડળ દ્વારા બઢતી-બદલી, જોબ ચાર્ટ સહિત ૧૪ જેટલા મુદ્દાઓ સંબંધે ૫ ઓકટોબરે માસ સીએલ ઉપર જવાની જાહેરાત કરવામાં આવી છે તેને ગંભીરતાથી લઈને મહેસૂલ વિભાગે કલેક્ટરોને તાકીદ કરી છે કે મહેસૂલી કર્મચારીઓ સોમવારે નિયમિત ફરજ પર હાજર રહે તે સુનિશ્ચિત કરવામાં આવે. અન્યથા રજા ઉપર રહેનારા કર્મચારી સામે સર્વિસ બ્રેક સહિતની કાર્યવાહી કરાશે તેવી ચીમકી પણ આપી છે. મહેસૂલ કર્મચારી મહામંડળ દ્વારા લાંબા સમયથી વિવિધ પડતર પ્રશ્નો અંગે આંદોલન ચાલી રહ્યું છે. રજૂઆતો છતાં પ્રશ્નો નહીં ઉકેલાતા આંદોલન હવે ઉગ્રતા પકડી રહ્યું છે અને ૫ ઓકટોબરે માસ સીએલ બાદ ૭ ઓકટોબરથી અચોક્કસ મુદતની હડતાળ શરૂ કરાશે તેવી જાહેરાત કરાઈ છે. જેના કારણે મહેસૂલ વિભાગની અનેક કામગીરી ખોરવાઈ જાય તેવી સ્થિતિ ઉભી થઈ છે. જેને ધ્યાનમાં રાખીને મહેસૂલ વિભાગે કલેક્ટરોને જણાવ્યું છે કે તેમના હસ્તકના તમામ મહેસૂલી કર્મચારીઓ ૫ ઓકટોબરે નિયમિત ફરજ પર હાજર રહે અને માસ સીએલથી અળગા રહે તે માટે લેખિતમાં સૂચના આપવી. તે સાથે અનિવાર્ય સંજોગો સિવાય કોઈપણ કર્મચારીની ૫મીએ સીએલ મંજૂર નહીં કરવા પણ તાકીદ કરી છે. વિભાગે એમપણ જણાવ્યું છે કે માસ સીએલના કાર્યક્રમના ભાગરૂપે સરકારી કામગીરીથી અળગા રહીને સરકારી કામગીરી ન કરનારા કર્મચારી સામે સેવાતૂટ સહિતની અન્ય નિયમાનુસાર કાર્યવાહી કરવામાં આવશે તેની જાણ પણ કર્મચારીઓને કરી દેવી. બીજી તરફ મહેસૂલી કર્મચારી મહામંડળના પ્રમુખ જામસંગ પરમારે ૫મીનો કાર્યક્રમ યથાવત હોવાનું જણાવ્યું છે. સરકાર જ્યાં સુધી ગ્રેડ પે, પગાર ધોરણમાં રહેલી વિસંગતતાઓ અને મહેસૂલી તલાટીઓનો નવો જોબચાર્ટ તૈયાર કરાયો છે

---

# નવ માસમાં કોમર્શિયલ ગેસ સિલિન્ડર થયો રૂ.૧૧૨૨ મોંઘો

## ભડકે બળતા જીવન જરૂરીયાતની ચીજ વસ્તુઓના ભાવઃ જનતા લાચાર

**અબતક, રાજકોટ**

રોજિંદી જરૂરી વસ્તુઓની સાથોસાથ ઘરેલુ સીલીન્ડર, વાણીજ્ય ગેસના સીલીન્ડરના ભાવ સતત આસમાન આંબી રહ્યા છે. મધ્યમ વર્ગ અને ગરીબ પરિવારોનું રસોડાનું બજેટ તૂટી ગયું છે.

નવરાત્રી અને દશેરા જેવા મહત્વના તહેવારોની શરૂઆત વચ્ચે ૧૯ કિલો કોમર્શિયલ ગેસ સિલિન્ડરના ભાવમાં ૧ ઓક્ટોબર, ૨૦૨૬થી ફરી વધારોકરવામાં આવ્યો છે. દેશના અલગ-અલગ શહેરોમાં આ વધારો આશરે રૂ. ૬૨.૫૦થી રૂ. ૭૧.૫૦ પ્રતિ સિલિન્ડર સુધીનો છે. તેની સીધી અસર હોટલ, રેસ્ટોરાં, ઢાબા, કેટરિંગ, મીઠાઈ, ફરસાણ, બેકરી તથા અન્ય નાના ખાદ્ય વ્યવસાયોના ખર્ચ પર પડશે. અમદાવાદમાં ૧૯ કિલો કોમર્શિયલ સિલિન્ડરનો નવો ભાવ રૂ. ૨,૮૩૧.૫૦ થયો છે. અમદાવાદમાં જાન્યુઆરી ૨૦૨૬માં ૧૯ કિલો કોમર્શિયલ સિલિન્ડરનો ભાવ રૂ. ૧,૭૦૯ હતો. ૧ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ તે વધીને રૂ. ૨,૮૩૧.૫૦ થયો છે.

અર્થાત જાન્યુઆરીથી ઓક્ટોબર દરમિયાન રૂ. ૨,૮૩૧.૫૦ રૂ. ૧,૭૦૯ = રૂ. ૧,૧૨૨.૫૦નો વધારો એટલે કે માત્ર નવ મહિનામાં ૧૯ કિલો કોમર્શિયલ સિલિન્ડર રૂ. ૧,૧૨૨.૫૦ મોંઘો થયો છે. ૨૦૨૬ દરમિયાન મે મહિનામાં મોટો વધારો થયો હતો. ત્યારબાદ સપ્ટેમ્બર તથા ઓક્ટોબરમાં ફરી ભાવ વધ્યા છે. અમદાવાદમાં ૧૪.૨ કિલોના ઘરેલુ એલપીજી સિલિન્ડરનો ભાવ રૂ. ૯૪૯ છે. આ રીતે ઘરેલુ એલપીજી પણ વર્ષની શરૂઆતની સરખામણીએ રૂ. ૮૯ મોંઘો છે. મોંઘવારીની સીધી અસર નાના વ્યવસાય પર અને અંતે નાના-માધ્યમ વર્ગના પરિવારો પર જ પડે છે. તહેવારોની સિઝનમાં હોટલ, રેસ્ટોરાં, ઢાબા, ફરસાણ-મીઠાઈની દુકાનો અને કેટરિંગ વ્યવસાયોમાં એલપીજીનો વપરાશ વધે છે. આવા સમયે પ્રતિ સિલિન્ડર રૂ. ૬૦થી વધુનો વધારાનો ખર્ચ સીધો વ્યવસાયના સંચાલન ખર્ચમાં ઉમેરાય છે. સરકાર દ્વારા કોમર્શિયલ એલપીજીના વારંવાર વધતા ભાવનો બોજ નાના વ્યવસાયકારો પર પડી રહ્યો છે. નાના હોટલ માલિકો, ઢાબા સંચાલકો, ફરસાણ-મીઠાઈના વેપારીઓ અને કેટરર્સ કોઈ મોટી કોર્પોરેટ કંપની નથી. તેઓ હજારો પરિવારોની રોજીરોટી સાથે જોડાયેલા નાના ઉદ્યોગકારો છે. અહંકારી અને સંવેદનહીન ભાજપ સરકારે ગુજરાતના પ્રત્યેક ઘરના ચૂલા પર તાળું મારવાનું કાવતરું ઘડ્યું છે. જે સરકાર વિકાસ ના પોકળ નારા લગાવે છે. તે જ સરકારના રાજમાં જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ સાથે ગેસ સિલિન્ડર જેવી પાયાની ચીજો ગરીબ-સામાન્ય અને મધ્યમવર્ગની પહોંચની બહાર ધકેલાઈ ગઈ છે.

સતત વધતી જતી મોંઘવારીના લીધે સામાન્ય-માધ્યમ વર્ગના પરિવારોનો જીવન નિર્વાહ મુશ્કેલીમાં ચાલી ગયો છે ત્યારે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા કન્વીનર અને પ્રવક્તા ડો. મનીષ દોશીએ માંગ કરી છે કે પેટ્રોલ-ડીઝલ-સીએનજી-પીએનજી સહિતના ઈંધણમાં સતત વધારો ઝીંકવામાં આવ્યો છે. છેલ્લા ૧૨ વર્ષમાં કેન્દ્રની મોદી સરકારે દેશના ૧૪૦ કરોડ નાગરિકોના ખિસ્સામાંથી ૪૦ લાખ કરોડ રૂપિયા સેરવી લીધા છે. લોકોની આવક ઘટતી જાય છે અને સતત ભાવ વધારા, મોંઘવારીના લીધે ખર્ચમાં સતત ઉમેરો થઈ રહ્યો છે. ખેડૂતો હોય કે ગરીબ - સામાન્ય વર્ગના પરિવારો આર્થિક પાયમાલીમાં ધકેલાઈ રહ્યાં છે, જે ચિંતાનો વિષય છે. ઈંધણ મોંઘુ રહેવાથી માલવહન પણ મોંઘું થયું, જેનો બોજ ખાદ્ય પદાર્થો પર પડ્યો. થોક મોંઘવારી ઊંચી રહેવાનો અર્થ એ છે કે આગળ છૂટક ભાવ પર વધુ દબાણ રહેશે. પહેલેથી જ લોન લઈને ઘર ચલાવતા પરિવારો પર આ બેવડો બોજ છે. પ્રધાનમંત્રી અને કેન્દ્ર સરકાર મોંઘવારી પર શા માટે મૌન છે? અચ્છે દિન રસોડા સુધી શા માટે નથી પહોંચ્યા? કોમર્શિયલ એલપીજીના ભાવમાં તાત્કાલિક રાહત આપવામાં આવે. નાના હોટલ, ઢાબા, ફરસાણ-મીઠાઈની દુકાનો અને કેટરર્સ માટે વિશેષ રાહત/સબસિડી પેકેજ જાહેર કરવામાં આવે.

વર્ષ ૨૦૨૬ દરમિયાન કોમર્શિયલ એલપીજીના ભાવમાં થયેલા તમામ વધારા-ઘટાડાનો શહેરવાર અને મહિનાવાર સંપૂર્ણ હિસાબ જાહેર કરવામાં આવે. તહેવારો દરમિયાન નાના ખાદ્ય વ્યવસાયોના વધતા ખર્ચને ધ્યાનમાં રાખીને સરકાર દ્વારા વિશેષ આર્થિક રાહતના પગલાં લેવામાં આવે. તહેવારો સામાન્ય લોકો અને નાના વેપારીઓ માટે ખુશીનો અવસર છે ત્યારે મોંઘવારીનો વધારાનો બોજ તાત્કાલિક પરત ખેંચવામાં આવે. તેવી માંગ કોંગ્રેસના પ્રવક્તા ડો.મનિષ દોશી દ્વારા કરવામાં આવી છે.

---

### માણિભદ્રદાદાના પ્રાગટ્ય દિવસે

# જયાનંદધામ નવગ્રહ જિનાલય ખાતે હવન-પૂજન અને સાધર્મિક ભક્તિ કાર્યક્રમ

**અબતક, રાજકોટ**

આચાર્ય દેવ જયશેખરસૂરીશ્વરજી મ.સા. આદિ ઠાણાંની પ્રેરણાથી કાલાવડ રોડ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન તપગચ્છ સંઘ સંચાલિત જયધર્મ કલ્યાણનિધિ ટ્રસ્ટના જયાનંદ ધામ નવગ્રહ જિનાલય, ખાતે માણિભદ્રદાદાના પ્રાગટ્ય દિવસ નિમિત્તે હવન અને પૂજન અને કાર્યક્રમ પૂર્ણ થયા બાદ સાધર્મિક ભક્તિનું પણ આયોજન કરવામાં આવ્યું છે.પૂજનમાં જોડાનારા ભાવિકોએ પૂજનના સમયથી ૩૦ મિનિટ અગાઉ સ્થળ પર પહોંચી જવાનું રહેશે. પૂજન માટેનો વાક્ષેપ શ્રી સંઘ દ્વારા આપવામાં આવશે. પૂજાના કપડાં સાથે પધારેલા ભાવિકોને હવન અને પૂજનનો લાભ આપવામાં આવશે.આ પ્રસંગે માણિભદ્ર યંત્રનું પૂજન પણ રાખવામાં આવ્યું છે. જે ભાવિકોને માણિભદ્ર યંત્રનું પૂજન કરવાની ભાવના હોય તેમને યંત્ર શ્રી સંઘ દ્વારા આપવામાં આવશે. યંત્રનો નકરો રૂ.૨૫૦ રાખવામાં આવ્યો છે. પૂજન કર્યા બાદ ભાવિકો યંત્ર ઘરે લઈ જઈ શકશે. યંત્ર લેવાની ભાવના ધરાવતા ભાવિકોને પૂજનના સમય પહેલાં જયાનંદ ધામ ખાતેથી યંત્ર આપવામાં આવશે.કાર્યક્રમમાં બાળવિધિકાર પ્રિયાંશુભાઈ જામનગરવાળા તથા સંગીતકાર યોગેશભાઈ શાહ ઉપસ્થિત રહી ધાર્મિક કાર્યક્રમમાં સેવા આપશે. સંપૂર્ણ પૂજન, હવન અને સાધર્મિક ભક્તિના લાભાર્થી પરિવારો તરીકે પ્રભાવતીબેન નવીનચંદ્ર શાહ પરિવાર, ચોટીલાવાળા તથા આશાબેન અશ્વિનભાઈ જસાણી પરિવાર, નેહલ-કપિલ, હિના-ગૌરવ, નાયશા અને નિશ્રા પરિવારનો સહયોગ રહેશે.

---

# એચસીજી હોસ્પિટલની પહેલ: ૮૫ સેશનમાં ૮,૦૦૦થી વધુ વિદ્યાર્થીઓને સીપીઆર તાલીમ અપાઈ

## રાજકોટ, ભાવનગર અને અમદાવાદની ૫૦થી વધુ શાળા-કોલેજોમાં સેશન યોજાયા; કટોકટી સમયે તાત્કાલિક પ્રતિસાદ અને હૃદય પુનઃસંચાલન અંગે પ્રાયોગિક માર્ગદર્શન અપાયું

**અબતક, રાજકોટ**

વિશ્વ હૃદય દિવસ નિમિત્તે એચસીજી હોસ્પિટલ્સ દ્વારા ઈથિયોઝ ફાઉન્ડેશનની પહેલ શિલ્પના સહયોગથી સમગ્ર ગુજરાતમાં હૃદય પુનઃસંચાલન અને મૂળભૂત જીવનરક્ષક તાલીમની વિશેષ પહેલ હાથ ધરવામાં આવી હતી. સમગ્ર સપ્ટેમ્બર દરમિયાન રાજકોટ, ભાવનગર અને અમદાવાદમાં કુલ ૮૫ તાલીમ સેશન યોજવામાં આવ્યા હતા. જેમાં ૫૦થી વધુ શાળા-કોલેજોના ૮,૦૦૦થી વધુ વિદ્યાર્થીઓને કટોકટી સમયે તાત્કાલિક અને યોગ્ય



પ્રતિસાદ આપવા અંગે તાલીમ આપવામાં આવી હતી.શહેરવાર કાર્યક્રમ અંતર્ગત રાજકોટમાં ૫૬, ભાવનગરમાં ૧૬ અને અમદાવાદમાં ૧૩ તાલીમ સેશન યોજાયા હતા. હોસ્પિટલની બહાર અચાનક સર્જાતી તબીબી કટોકટીમાં કેવી રીતે તાત્કાલિક મદદ કરવી, હૃદય પુનઃસંચાલનની મૂળભૂત પ્રક્રિયા કેવી રીતે કરવી અને સમયસર તબીબી મદદ મેળવવાના મહત્વ અંગે વિદ્યાર્થીઓને સમજ આપવામાં આવી હતી.એચસીજી હોસ્પિટલ્સના તબીબો અને તબીબી ટીમ દ્વારા વિદ્યાર્થીઓ માટે પ્રાયોગિક તાલીમ સેશન યોજાયા હતા. હૃદયનું ધબકતું બંધ થઈ જાય અથવા વ્યકિત સામાન્ય રીતે શ્વાસ ન લઈ રહી હોય ત્યારે આપવામાં આવતી તાત્કાલિક મદદ અંગે માર્ગદર્શન અપાયું હતું. કોઈ વ્યકિતને તાત્કાલિક તબીબી સહાયની જરૂર છે તે કેવી રીતે ઓળખવી અને વિલંબ કર્યા વિના મદદ મેળવવી તે અંગે પણ વિદ્યાર્થીઓને સમજાવવામાં આવ્યું હતું.

રાજકોટ, ભાવનગર અને અમદાવાદના આરોગ્ય નિષ્ણાતો તથા શૈક્ષણિક સંસ્થાઓને જોડીને કટોકટી સમયે તાત્કાલિક પ્રતિસાદ અને મૂળભૂત જીવનરક્ષક કૌશલ્યો અંગે જાગૃતિ ફેલાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

૮૫ તાલીમ સેશનના માધ્યમથી ૮,૦૦૦થી વધુ વિદ્યાર્થીઓ સુધી પહોંચીને તેમને ગંભીર પરિસ્થિતિમાં સમયસર અને યોગ્ય પગલાં લેવાના મહત્વ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

# નાયરાએ પેટ્રોલમાં રૂ.પાંચ અને ડીઝલમાં રૂ. ત્રણનો વધારો કર્યો

**અબતક, રાજકોટ**

આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલની કિંમતોમાં સતત થઈ રહેલા વધારા વચ્ચે દેશની સૌથી મોટી ખાનગી ફ્યુઅલ રિટેલ કંપની નાયરા એનર્જીએ ગ્રાહકોને મોટો આંચકો આપ્યો છે. કંપનીએ આજ સવારથી જ પોતાના તમામ આઉટલેટ્સ પર પેટ્રોલની કિંમતમાં પ્રતિ લિટર ₹૫ અને ડીઝલની કિંમતમાં પ્રતિ લીટર ₹૩ નો સીધો વધારો અમલી બનાવી દીધો છે.

રિપોર્ટ અનુસાર, નવી કિંમતો સવારથી દેશભરમાં આવેલા નાયરાના તમામ ૭,૧૦૮ ફ્યુઅલ સ્ટેશનો પર લાગુ થઈ ગઈ છે. ઉલ્લેખનીય છે કે, આ પહેલા ઈરાન અને વેસ્ટ એશિયામાં ચાલી રહેલા રાજકીય તણાવના કારણે માર્ચ મહિનામાં કંપનીએ ભાવ વધાર્યા હતા. પરંતુ ત્યારબાદ સ્થિતિ થાળે પડતા અને ક્રૂડના ભાવ ઘટતા ૧ જુલાઈના રોજ કંપનીએ વધારેલો ભાવ પાછો ખેંચી લીધો હતો. પરંતુ હવે ફરી એકવાર બેરલ દીઠ ક્રૂડ ઓઈલના ભાવ ૧૦૦ની ઉપર પહોંચી જતાં કંપનીએ પોતાની પડતર કિંમત સરભર કરવા માટે ફરી ભાવવધારો ઝીંક્યો છે.

નાયરા એનર્જી દ્વારા કરાયેલો આ ભાવવધારો માત્ર તેના પોતાના પંપ પૂરતો જ સીમિત છે. દેશના ૯૦ ટકા થી વધુ ઈંધણ બજાર પર કંટ્રોલ ધરાવતી સરકારી તેલ કંપનીઓ - ઈન્ડિયન ઓઈલ, ભારત પેટ્રોલીયમ અને હિન્દુસ્તાન પેટ્રોલીયમે પેટ્રોલ-ડીઝલના ભાવમાં કોઈ જ વધારો કર્યો નથી, જેથી સામાન્ય જનતાને સરકારી પંપો પરથી જૂના ભાવે જ ઈંધણ મળી રહેશે.

## મહિલા તબીબને ડિજિટલ અરેસ્ટ કરી નાણાં ખંખેરવાના ગુનામાં બે કારખાનેદારોની ધરપકડ

### અમદાવાદમાં કારખાનું ચલાવતા શખ્સોએ છ ટકા કમિશનની લાલચે બેંક એકાઉન્ટ ભાડે આપ્યું'તું : પેઢીના ખાતામાં રૂ. ૨.૫૦ કરોડ જમા થયાંનો ખુલાસો

**અબતક, રાજકોટ**

શહેરના નિવૃત સરકારી મહિલા તબીબને ચાર દિવસ સુધી ડિજિટલ અરેસ્ટ કરી રૂ. ૫૮.૫૦ લાખની રકમ સાયબર ચાંચિયાઓ દ્વારા પડાવી લેવામાં આવી હતી. જે ગુનાની તપાસમાં સાયબર ક્રાઈમ પોલીસે છ ટકા કમિશનની લાલચે એકાઉન્ટ ભાડે આપનાર અમદાવાદ અને બોટાદના શખ્સોની ધરપકડ કરી છે. પોલિસની તપાસમાં બંને શખ્સો કારખાનેદાર હોવાનું અને તેમણે પોતાની પેઢીના એકાઉન્ટમાં ફ્રોડના રૂ.૨.૫૦ કરોડ મેળવ્યાનો ખુલાસો થયો છે.

યાજ્ઞિક રોડ પર જુના જાગન્નાથ શેરી નં. ૦૧ માં રહેતાં દમયંતીબેન વિઠલભાઈ ગણાત્રા (ઉ.વ.૮૨) એ નોંધાવેલ ફરીયાદમાં જણાવ્યું હતું કે, તેઓ અગાઉ શહેરની જનાના સરકારી હોસ્પીટલમાં ડોક્ટર તરીકે ફરજ બજાવતા અને હાલ નિવૃત જીવન વ્યતીત કરે છે. તેમને ગત તા.૨૧ ના રોજ ફોન કરી મુંબઈના કોલબા પોલીસ મથકના પીઆઈની ઓળખ આપી મની લોન્ડરીંગના ગુનામાં શામેલ હોવાનું જણાવી ચાર દિવસ સુધી ડિજિટલ અરેસ્ટ કરી સાયબર માફિયાઓએ રૂ. ૫૮.૫૦ લાખની રકમ પડાવી લીધી હતી. જે મામલે મહિલા તબીબની ફરિયાદ પરથી સાયબર ક્રાઈમ પોલીસે ગુનો નોંધી તપાસ આદરી હતી.

જે ગુનાની ગંભીરતા પારખી શહેર પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા, એડી. સીપી ચૈતન્ય મંડલીક, ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવા અને એસીપી ક્રાઈમ ભરત બસીયા દ્વારા નાગરીકો સાથે થયેલ સાયબર ફ્રોડના કીસ્સામા આરોપીઓને



પકડી પાડવાની આપેલ સૂચનાથી સાયબર ક્રાઈમ પીઆઈ પી.આર.ડોબરીયાની રાહબરીમાં અલગ અલગ ટીમોએ તપાસનો ધમધમાટ આદરી ટેકનિકલ એનાલીસીસ તથા બેંકની માહિતીના આધારે આરોપી દર્શન રમેશ મકવાણા (ઉ.વ.૩૪, રહે.ઈસનપુર, અમદાવાદ, મુળ ગામ- ભાણગઢ ધોલેરા) અને શુભમ દીલીપ પરમાર (ઉ.વ.૨૯, રહે.ભાવનગર, મુળ-બોટાદ) ને અમદાવાદ ખાતેથી ગણતરીની કલાકોમા પકડી પાડી આરોપી પાસેથી ચાર મોબાઈલ અને એક લેપટોપ કબ્જે કરી ધોરણસરની કાર્યવાહિ કરવા તજવીજ હાથ ધરેલ છે.

વધુમાં પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, આરોપીઓએ પોતાની કંપનીના બેંક એકાઉન્ટમા ૬ ટકા કમીશન મેળવાની લાલચે ૫૮.૫૦ લાખ જેટલી રકમ સાયબર ફ્રોડ આચરનાર મુખ્ય સૂત્રધારો સુધી પહોંચાડી ગુનો આચર્યા હતો. જે બાદ પોલીસે વધું તપાસ કરતાં બંને શખ્સો અમદાવાદમાં કારખાનું ચલાવી પેઢીનું કરંટ એકાઉન્ટ ધરાવે છે. જેમાં કુલ હાલ સુધીમાં ૨.૫૦ કરોડ જેટલી સાયબર ફ્રોડની રકમ જમા થયાનો પણ ઘટસ્ફોટ થયો છે. હાલ પોલીસે મુખ્ય સૂત્રધાર સુધી પહોંચવા તજવીજ આદરી હતી.

## વિરપુર નજીક કાગવડના પાટીયા પાસે બાઈક સ્લીપ થતા યુવકનું મોત

### પાર્સલ લઈને પરત ફરતી વેળાએ સર્જાયો અકસ્માત : અપરણિત યુવકના મોતથી પરિવારમાં આક્રંદ છવાયો

**અબતક રાજકોટ**

જુનાગઢ હાઈવે પર કાગવડ ગામ ના પાટીયા પાસે સીએનજી પમ્પ થી આગળ ૨૮ વર્ષીય યુવકનું કોઈ કારણોસર બાઈક સ્લીપ થઈ જતા માથાના ભાગે ગભીર ઈજા થતા થઈ હતી જેથી તાત્કાલિક પ્રથમ વિરપુર બાદ વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો જ્યાં ટૂંકી સારવાર દરમિયાન ગત રાત્રે તેમનું મોત નીપજ્યું હતું ઘટનાની જાણ થતા વિરપુર પોલીસ સ્ટેશન નો સ્ટાફ દોડી ગયો હતો અને મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો મૃતક પોતે વીરપુરનો રહેવાસી અને પાર્સલ લઈને આવતો હતો ત્યારે દુર્ઘટના સર્જાય હતી આ અંગે મળતી માહિતી મુજબ



જૂનાગઢના વીરપુર શહેરમાં ભૂલેશ્વરનગરમાં રહેતા રોહિતભાઈ ધીરુભાઈ જમોડ ઉંમર વર્ષ ૨૮ વર્ષીય યુવક ગત તા ૧ ના રોજ બપોરે ૧ વાગે બાઈક લઈને કાગવડ ગામના પાટીયા પાસે સીએનજી પેટ્રોલ પંપ ની આગળ કોઈ કારણોસર યુવકનું બાઈક સ્લીપ થઈ જતા માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી જેથી તાત્કાલિક તેમને સારવાર અર્થે પ્રથમ વીરપુર બાદ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જ્યાં ટૂંકી સારવાર દરમિયાન યુવકે દમ તોડ્યો હતો ઘટનાની જાણ થતા વીરપુર પોલીસ સ્ટેશનનો સ્ટાફ દોડી ગયો હતો અને મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો આ અંગે મૃતક પોતે બાઈક લઈને પાર્સલ લઈ ને પરત ફરતી વેળાએ બાઈક સ્લીપની દુર્ઘટના સર્જાય હતી મૃતક પોતે શ્રમિક કામ કરતો અને બે ભાઈ માં મોટો અને અપરણિત યુવકના મોતથી પરિવારમાં હૈયાફાટ રુદનના દ્રશ્યો સર્જાયા હતા આ અંગ વીરપુર પોલીસે વધુ તપાસ હાથ ધરી છે

## છેતરપિંડીના ગુનામાં ફરાર આરોપી ચિંતન પાટડીયા લીંબડીથી ઝડપાયો

### એ ડિવિઝન પોલીસ મથકમાં ગુનો નોંધાતા મેહુલનગરનો શખ્સ લાંબા સમયથી ભૂગર્ભમાં ઉતરી ગયો'તો : પેરોલ ફર્લો સ્કોડની કામગીરી

**અબતક, રાજકોટ**

શહેરના એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા છેતરપિંડીના ગુનામાં ફરાર આરોપીને પેરોલ ફર્લો સ્કોવડની ટીમે લીંબડીથી ઝડપી લીધો હતો. આરોપીને એ ડિવીઝન પોલીસના હવાલે કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી.

ઉચ્ચ પોલીસ અધિકારીઓ દ્વારા નાસતા ફરતા આરોપીઓને ઝડપી લેવા માટે સૂચના આપવામાં આવી હોય જેને લઈ પેરોલ ફર્લો સ્કોવડના પીઆઈ પી.એન. પઢિયારની રાહબરીમાં પીએસઆઈ એસ.બી.ધાસુરા તથા ટીમ તપાસમાં હતી. દરમિયાન એવી હકીકત મળી હતી કે, રાજકોટના એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા છેતરપિંડીના ગુનામાં ફરાર આરોપી હાલ સુરેન્દ્રનગરના લીંબડીમાં છે. આ માહિતીના આધારે પોલીસની ટીમે અહીં પહોંચી આરોપી ચિંતન પ્રમોદકુમાર પાટડીયા (ઉ.વ. ૪૨ રહે. મેહુલનગર, રાજકોટ) ને ઝડપી લઈ રાજકોટ એ ડિવિઝન પોલીસના હવાલે કર્યો હતો.આ કામગીરીમાં એએસઆઈ ઝહીરભાઈ ખફીફ, ધર્મેન્દ્રસિંહ ઝાલા, રાજદિપસિંહ ગોહિલ, હેડ કોન્સ્ટેબલ રાજદિપસિંહ ચૌહાણ, સિરાજભાઈ ચાનીયા, રોહિતભાઈ કછોટ, જયેશભાઈ ચોસલા, કોન્સ્ટેબલ અમિનભાઈ ભલુર, કુલદીપસિંહ જાડેજા, શાંતુબેન મૂળિયા, યોગેશભાઈ આદરોજા અને દોલતસિંહ રાઠોડ સાથે રહ્યા હતા.

## જેતપુર સિવિલ હોસ્પિટલમાં ચોરીને અંજામ આપનાર મહિલા સષહતની ટોળકી ઝડપાઈ

### સરકારી હોસ્પિટલના ઓક્સિજન પ્લાન્ટમાંથી વાલ્વ અને પાઈપ ચોરી જનાર ઉના અને વિસાવદરના શખ્સોને દબોચી લેવાયા

### પિતળના વાલ્વ, કોપરના પાઈપ, પાના-પક્કડ સહિત રૂ. ૩૪ હજારનો મુદ્દામાલ કબ્જે: રૂરલ એલસીબી ટીમને સફળતા

**અબતક, રાજકોટ**

જેતપુર સિવિલ હોસ્પિટલમાં ત્રાટકી ઓક્સિજન પ્લાન્ટમાંથી કોપરના વાલ્વ, પાઈપ સહીત અડધા લાખની મતા ઉઠાવી જનાર મહિલા સહીતની ત્રિપુટીને રૂરલ એલસીબી ટીમે દબોચી લીધા છે. પોલીસે ઉના-વિસાવદરની ટોળકીને પકડી પાડી વાલ્વ, ૩ કિલો કોપરની પાઈપના કટકા, ચોરીમા ઉપયોગ કરેલ પક્કડ/પાનુ/તણી સહિતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

બનાવ અંગે જેતપુરમાં જૂનાગઢ રોડ પર આવેલ રાજેશ્વરી સોસાયટીમાં રહેતાં જિતેન્દ્રભાઈ ભીખુભાઈ ગોહેલ (ઉ.વ.૩૫) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે અજાણ્યા શખ્સનું નામ આપી જણાવ્યું હતું કે, તેઓ જેતપુર સરકારી હોસ્પીટલમાં છેલ્લા આઠ વર્ષથી ઓક્સીજન પ્લાન્ટના ઓપરેટર તરીકે ફરજ બજાવે છે.

ગઈ તા.૧૫ ના રોજ આ ઓક્સીજન પ્લાન્ટ ચેક કરેલ અને બધુ બરાબર હતુ. બાદ આ પ્લાન્ટના ચેકીંગ માટે ગઈ તા.૧૭ ના રોજ બપોરે બે અઢી વાગ્યા વચ્ચ હોસ્પીટલના ઓક્સીજન પ્લાન્ટને રેગ્યુલર ચેકીંગ માટે ગયેલ હતો. તે દરમ્યાન માલુમ પડેલ કે, ઓક્સીજન પ્લાન્ટની બહાર ખુલ્લામાં આવેલ મેન્યુફોલ્ટમાં અલગ અલગ કનેકશન લાગેલ હોય છે. જે કનેકશન કોપરની પાઈપના હોય છે. બાદ પાઈપમાં પીતળના વાલ્વ આવતા હોય છે. જે વાલ્વ ગેસ સીલીન્ડરમાં ફીટ થતા હોય છે. જે કોપર પાઈપ કુલ-૧૦ તથા તેની સાથે લાગેલ પીતળ ના વાલ્વ નંગ-૧૦ જે કોપર પાઈપથી કાપેલ અને તેની જગ્યાએ જોવામાં આવેલ નહી.

જેથી નોડલ ઓફીસર અને હોસ્પીટલના મેટ્રનને જાણ કરેલ જેથી તેઓ આ પ્લાન્ટમાં જોવા આવેલ હતા. બાદમાં હોસ્પીટલના સ્ટાફને પુછપરછ કરેલ પરંતુ આ પાઈપ અને વાલ્વ બાબતે કોઈ ને કંઈ જાણ હતી નહી. જેથી રૂ.૫૦ હજારની કિંમતના પાઈપ તથા



વાલ્વની કોઈ ચોરી કરી નાસી છૂટતાં ફરીયાદ નોંધાવી હતી.

જે બનાવની ફરિયાદના આધારે રાજકોટ એસપી વીજયસિંહ ગુર્જર દ્વારા જીલ્લામાં બનતા મિલકત સંબંધી અનડીટેક્ટ ગુનાઓનો ભેદ ઉકેલી આરોપીઓને મુદ્દામાલ સાથે પકડી પાડવાની આપેલ સુચનાથી એલસીબી પીઆઈ જે.પી.રાવની રાહબરીમાં ટીમ પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન હેડ કોન્સ્ટેબલ મનીષ વરૂ, મનદીપસિંહ જાડેજા અને કોન્સ્ટેબલ ભરતભાઈ ગમારાને મળેલ ચોક્કસ બાતમીના આધારે સિવિલ હોસ્પિટલમાં ચોરી કરનાર કાળુ ઉર્ફે કાળીયો જોરૂ સોલંકી (ઉ.વ.૩૬, રહે. ઉના, દુધેશ્વરપરા, નદીના સામાકાઠે), રોહન ઉર્ફે રોનક જીવરાજ ડાભી (ઉ.વ.૨૩, રહે. વિસાવદર, હનુમાનપરા) અને પ્રભાબેન સુરેશ સોલંકી (ઉ.વ.૩૭, રહે. ઉના, દુધેશ્વરપરા, નદીના સામાકાઠે) ને પકડી પાડી સ્ટીલ ક્રોમ પીતળના વાલ્વ નંગ-૧૦, ૩ કિલો કોપરની પાઈપના કટકા, ચોરીમા ઉપયોગ કરેલ પક્કડ/પાનુ/તણી, મોબાઈલ ફોન અને રોકડ રકમ રૂ.૩,૪૦૦ મળી કુલ રૂ.૩૪૫૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી વધું તપાસ આદરી હતી. ઉલ્લેખનીય છે કે, પકડાયેલ આરોપી કાળુ ઉર્ફે કાળીયો વિરુદ્ધ અગાઉ દારૂ અને મારામારી, જુગાર સહિતના ગુના નોંધાયેલ છે.

## "પોસ્ટમેનની દસ્તકથી ડિજિટલ સંદેશા સુધી" બદલાતા સંદેશા વ્યવહારનું સાક્ષી રહ્યું પોસ્ટકાર્ડઃ કૃષ્ણકુમાર યાદવ

**અબતક,રાજકોટ**

અનેક રાજનેતાઓથી લઈને સાહિત્યકારો અને આંદોલનકારીઓ સુધી, સૌએ પોસ્ટકાર્ડનો વ્યાપક ઉપયોગ કર્યો છે. આ જ પોસ્ટકાર્ડે ૧ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ વૈશ્વિક સ્તરે ૧૫૭ વર્ષની સફર પૂર્ણ કરી છે. ઉત્તર ગુજરાત પરિક્ષેત્રના પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે, વિશ્વમાં પ્રથમ પોસ્ટકાર્ડ ૧ ઓક્ટોબર, ૧૮૬૯ના રોજ ઓસ્ટ્રિયામાં જારી કરવામાં આવ્યું હતું.

આ પાછળની વાર્તા વિશે, પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવ જણાવે છે કે, પોસ્ટકાર્ડનો વિચાર સૌપ્રથમ ઑસ્ટ્રિયાના પ્રતિનિધિ કોલ્બેનસ્ટાઈનરના મનમાં આવ્યો હતો. તેમણે આ વિચાર વિશે વિયેનર નોયસ્ટાટ્ટ ની સૈન્ય અકાદમીમાં અર્થશાસ્ત્રના પ્રોફેસર ડૉ. એમેન્યુઅલ હર્મનને જણાવ્યું હતું. તેમને આ વિચાર ખૂબ જ આકર્ષક લાગ્યો અને તેમણે ૨૬ જાન્યુઆરી, ૧૮૬૯ના રોજ એક અખબારમાં આ અંગે લેખ લખ્યો હતો. ઑસ્ટ્રિયાના પોસ્ટ મંત્રાલયે આ વિચાર પર ખૂબ જ ઝડપથી કામ કર્યું અને ૧ ઓક્ટોબર, ૧૮૬૯ના રોજ પોસ્ટકાર્ડની પ્રથમ નકલ જારી કરવામાં આવી. અહીંથી પોસ્ટકાર્ડની ઐતિહાસિક સફરની શરૂઆત થઈ. વિશ્વનું પ્રથમ પોસ્ટકાર્ડ પીળા રંગનું હતું. તેનું કદ ૧૨૨ મિલીમીટર લાંબું અને ૮૫ મિલીમીટર પહોળું હતું. તેની એક બાજુ સરનામું લખવા માટે જગ્યા



રાખવામાં આવી હતી, જ્યારે બીજી બાજુ સંદેશ લખવા માટે ખાલી જગ્યા રાખવામાં આવી હતી.

ભારતમાં પોસ્ટલ સેવાઓ અંગે સતત અભ્યાસ કરી રહેલા અને 'ઈન્ડિયા પોસ્ટઃ ૧૫૦ ગ્લોરિયસ યર્સ' પુસ્તકના લેખક પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે, ભારતમાં પ્રથમ પોસ્ટકાર્ડ વર્ષ ૧૮૭૯માં જારી કરવામાં આવ્યું હતું. હળવા ભૂરા રંગમાં છપાયેલા આ પ્રથમ પોસ્ટકાર્ડની કિંમત ૩ પૈસા હતી અને તેના પર 'ઈસ્ટ ઈન્ડિયા પોસ્ટકાર્ડ' લખેલું હતું. પોસ્ટકાર્ડની મધ્યમાં ગ્રેટ બ્રિટનનું રાજચિહ્ન મુદ્રિત હતું, જ્યારે ઉપરની જમણી બાજુએ લાલ-ભૂરા રંગમાં તાજ પહેરેલી રાણી વિક્ટોરિયાનું મુખાકૃતિ ચિત્ર છપાયેલું હતું. પોતાની વાત રજૂ કરવાનું આ માધ્યમ લોકોને એટલું પસંદ પડ્યું કે, વર્ષના પ્રથમ ત્રણ ત્રિમાસિક ગાળામાં જ આશરે ૭.૫ લાખ રૂપિયાના પોસ્ટકાર્ડનું વેચાણ થયું હતું.

પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે, ગુજરાતના કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકારિતા વિભાગના નેજા હેઠળ તથા પોસ્ટ વિભાગના સહયોગથી ગત વર્ષે ઓક્ટોબર, ૨૦૨૫માં અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ ખાતે અનોખા 'ધન્યવાદ પોસ્ટકાર્ડ અભિયાન'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ અભિયાન દ્વારા વૈશ્વિક સ્તરે નવો ગિનિસ વર્લ્ડ રેકોર્ડ સ્થાપિત કરવામાં આવ્યો હતો. આ અભિયાન અંતર્ગત ગુજરાતના નાગરિકોએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પ્રત્યે આભાર અને કૃતજ્ઞતા વ્યક્ત કરતાં ૧.૧૧ કરોડથી વધુ પોસ્ટકાર્ડ લખ્યા હતા. આ અભિયાન પોસ્ટકાર્ડની સામૂહિક અભિવ્યકિતની ક્ષમતા અને જનભાગીદારીનું એક નોંધપાત્ર ઉદાહરણ બન્યું હતું.

## જસદણના કનેસરા ગામે પ્રૌઢએ ઝેરી દવા પી કર્યો આપઘાત

### સારવારમાં સિવિલ હોસ્પિટલમાં દમ તોડ્યોઃ ભાડલા પોલીસે વધુ તપાસ આદરી

**અબતક ,રાજકોટ**

જસદણ તાલુકાના કનેસરા ગામે વાડી વિસ્તારમાં રહેતા ૪૫ વર્ષીય પ્રૌઢે ગત તા ૨૬ ના રોજ પોતે વાડી હતા ત્યારે ઝેરી દવા પી જતા તાત્કાલિક સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જ્યાં ગઈ કાલે પ્રૌઢે સારવારમાં દમ તોડ્યો હતો આ અંગે મૃતકને કેફી પ્રદાર્થ વ્યશન છોડવાનું કહેતા મનમાં લાગી આવતા આપઘાત કર્યો હોવાની માહિતી મળી રહી છે

### પરિવારે કેફી પદાર્થોનું વ્યસન છોડવાનું કહેતા પગલું ભર્યાનું પ્રાથમિક તારણ

આ અંગ મળતી માહિતી મુજબ જસદણના કનેસરા ગામે વાડી વિસ્તારમાં રહેતા ગોરધનભાઈ ગાંડુભાઈ રાઠોડ ઉંમર વર્ષ ૪૫ વર્ષીય પ્રૌઢએ ગઈ તા ૨૬ ના રોજ ઝેરી દવા પી જતા તાત્કાલિક સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જ્યાં ગઈકાલે તબીબે પ્રૌઢને મૃત જાહેર કર્યા હતા ઘટનાની જાણ થતા ભાડલા પોલીસ સ્ટેશનનો સ્ટાફ દોડી ગયો હતો અને મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો આ અંગે મૃતકને પરિવારે કેફી પદાર્થોનું વ્યસન છોડવાનું કહેતા મનમાં લાગી આવતા આપઘાત કર્યો હોવાનું પ્રાથમિક તારણ જાણવા મળ્યું છે તેમજ મૃતક પોતે શ્રમિક કામ કરતા અને અગાઉ પણ આપઘાત નો પ્રયાસ કર્યો હતો સંતાનમાં બે પુત્ર એક પુત્રીએ પિતાની છત્ર છાયા ગુમાવતા પરિવારમાં હૈયાફાટ રુદનના દ્રશ્યો સર્જાયા હતા આ અંગે ભાડલા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ મહિપતસિંહ જાંબુડીયા એ વધુ તપાસ હાથ ધરી છે

## ઉપલેટાની વેણુ નદીમાંથી ખનીજ ચોરી કરતા છ શખ્સો ઝડપાયા

### નાગવદર ગામ નજીક રાજકોટ રેન્જની ટીમનો દરોડો : જેસીબી, લોડર, ટ્રેકટર મળી રૂ.૩૫ લાખનો મુદ્દામાલ કબ્જે

**અબતક, રાજકોટ**

ઉપલેટાના નાગવદર ગામ નજીક વેણુ નદીમાંથી બેરોકટોક ચાલતા ગેરકાયદેસર ખનીજ ચોરી પર રાજકોટ રેન્જ આઈજીની ટીમે દરોડો પાડી છ શખ્સોની ધરપકડ કરી જેસીબી, લોડર, ટ્રેકટર મળી કુલ રૂ.૩૫ લાખનો મુદ્દામાલ કબ્જે કરી કાર્યવાહી કરી હતી.

રાજકોટ રેન્જ આઈજી નિર્લિપ્ત રાય દ્વારા રેન્જ હસ્તકના જિલ્લાઓમાં ગેરકાયદેસર પ્રવૃતિ આચરનારા શખ્સો ઉપર અંકુશ લાવવા તથા સરકારની સંપતીને તેમજ કુદરતી સંપતીને નુકશાન કરતા ઈસમો શખ્સો કડક કાર્યવાહી કરવાની આપેલ સૂચનાથી રેન્જ પીઆઈ અપૂર્વ પટેલની રાહબરીમાં



પીએસઆઈ પી.એન.મોરી, બી.સી.મીયાત્રા, સી.એમ.કાંટેલીયા અને એ.વાય.ઉધાસ તથા સ્ટાફ પેટ્રોલીંગમાં હતાં ત્યારે સ્ટાફના કુલદિપસિંહ ચુડાસમા, રવીરાજસિંહ વાળા, દિવ્યેશ સુવા, નિકુલ પંપાણીયાને ઉપલેટાના નાગવદર ગામ ગધેથડ રોડ વેણુ નદીમાંથી ગેરકાયદેસર ખનીજની ચોરી થયાની ચોક્કસ બાતમી મળી હતી.

જે બાતમીના આધારે દરોડો પાડી ૪ વાહનો પકડી પાડી જેસીબી ડ્રાઈવર સાગર દાસાભાઈ ખાંભલા (રહે મહિકી તા.જામજોધપુર), જેસીબી માલિક હિતેશ કારા ભીંટ (રહે, નાગવદર ગામ, ઉપલેટા), ટ્રેક્ટર ડ્રાઈવર રણછોડ દેવા ભીંટ (રહે, નાગવદર), લોડર ડ્રાઈવર દર્શન કનુ મકવાણા (રહે, નાગવદર), લોડર માલિક મયુર ગોવા ભીંટ (રહે, નાગવદર) અને આઈસર ટ્રેક્ટર ડ્રાઈવર રાણા મસરી ભીંટ (રહે.નાગવદર) ની ધરપકડ કરી જેસીબી-૧, લોડર-૧, ટ્રેક્ટર-૨ મળી કુલ રૂ.૩૫ લાખનો મુદ્દામાલ સીઝ કરી ઉપલેટા પોલીસ સ્ટેશનના સ્ટાફને બોલાવી ખાણખનીજના અધિકારીને જાણ કરી આગળની કાયદેસરના દંડની કાર્યવાહી કરવા આરોપી અને મુદ્દામાલને સોંપી આપવામાં આવેલ છે.

## એફિલ ટાવર તપાસના તારણો પર બીએપીએસનું નિવેદન

**અબતક, રાજકોટ**

એફિલ ટાવર ખાતે પ્રતિનિધિ મંડળની મુલાકાત સંબંધિત સત્તાવાર તપાસના તારણો બહાર આવ્યા બાદ, બીએપીએસ સૌથી પહેલાં આ મુલાકાત સાથે જોડાયેલી ઘટનાઓથી પ્રભાવિત થયેલા કર્મચારીઓ પ્રત્યે પોતાની સંવેદના પુનઃ વ્યક્ત કરવા માંગે છે.

શરૂઆતથી જ બીએપીએસએ સતત સ્પષ્ટ કર્યું છે કે તેણે ક્યારેય મહિલા કર્મચારીઓને છુપાવવા, હટાવવા કે બાકાત રાખવા માટે જણાવ્યું નહોતું. તપાસથી આ હકીકત સ્થાપિત થાય છે કે મુલાકાતના માર્ગ પર મહિલાઓને બાકાત રાખવા માટે બીએપીએસએ આવી કોઈ વિનંતી કરી નહોતી.





# એશિયન ગેમ્સ ક્રિકેટ ફાઈનલમાં ભારતે પાકિસ્તાનને ૧૯ રને હરાવી સતત બીજીવાર ગોલ્ડ જીત્યો

**અબતક, રાજકોટ**
ભારતે ફાઈનલ મુકાબલામાં પાકિસ્તાનને ૧૯ રનથી હરાવીને સતત બીજી વાર એશિયન ગેમ્સમાં મેન્સ ક્રિકેટનો ગોલ્ડ મેડલ જીતી લીધો છે. ટોસ જીતીને પહેલા બેટિંગ કરતા ભારતે ૨૦ ઓવરમાં ૬ વિકેટ ગુમાવીને ૨૧૧ રન બનાવ્યા. જવાબમાં પાકિસ્તાનની ટીમ ૨૦ ઓવરમાં ૬ વિકેટ ગુમાવીને ૧૯૨ રન જ બનાવી શકી.

પાકિસ્તાન માટે હસન નવાઝે સૌથી વધુ ૯૬ રન બનાવ્યા. સૈમ અયુબે ૨૯ રનની ઈનિંગ્સ રમી. ભારત તરફથી અક્ષર પટેલ અને વોશિંગ્ટન સુંદરે ૨-૨ વિકેટ લીધી.

૨૦૨૬ એશિયન ગેમ્સના ફાઈનલમાં ભારતે પહેલા બેટિંગ કરતા ૨૧૧ રન બનાવ્યા હતા. છેલ્લી ૩ ઓવરોમાં શિવમ દુબે અને તિલક વર્માએ એવો ધમાકો મચાવ્યો કે ૫૯ રન ફટકારી દીધા. આ ટી૨૦ ઈન્ટરનેશનલ ક્રિકેટમાં ભારતનો પાકિસ્તાન સામે સૌથી મોટો સ્કોર હતો. ઈનિંગ્સની શરૂઆતમાં અભિષેક શર્માએ કોહરામ મચાવ્યો. તેણે ૭ સિક્સર સાથે પોતાની ઈનિંગ્સમાં ૬૧ રન બનાવ્યા.

વૈભવ સૂર્યવંશી ૯ બોલમાં ૧૫ રન બનાવીને જલદી આઉટ થઈ ગયો હતો, પરંતુ અભિષેક શર્માએ ભારે તબાદી મચાવી અને વર્ષ ૨૦૨૬માં ૧૦૦ સિક્સર પણ પૂરી કરી લીધી. થોડીવાર શ્રેયસ અય્યર અને ઈશાન કિશને મિડલ ઓવરોમાં ઈનિંગ્સ સંભાળી, પરંતુ અંતમાં આવીને શિવમ દુબે અને તિલક વર્માએ પણ ધમાલ મચાવી દીધી.ભારતીય ઈનિંગ્સમાં સૌથી પહેલા અભિષેક શર્માએ કોહરામ મચાવ્યો હતો. તેણે ૨૮ બોલમાં ૬૧ રન બનાવ્યા, આ દરમિયાન તેના બેટમાંથી ૭ સિક્સર અને ૩ ફોર આવી. તો તિલક વર્માએ ૨૨ બોલમાં ૫૧ રન બનાવ્યા હતા જ્યારે શિવમ દુબેએ ૧૫ બોલમાં ૨૭ રનનું યોગદાન આપ્યું હતું.

## પાકિસ્તાન સામે ભારતનો સૌથી મોટો સ્કોર

ભારતે ટી૨૦ ઈન્ટરનેશનલમાં પાકિસ્તાન સામે પોતાનો સૌથી મોટો સ્કોર બનાવ્યો. અગાઉનો રેકોર્ડ ૧૯૨/૫નો હતો, જે ભારતે ૨૦૧૨માં અમદાવાદમાં બનાવ્યો હતો. ભારત તરફથી ઓપનર અભિષેક શર્માએ ૨૮ બોલ પર ૭ સિક્સરની મદદથી ૬૧ રન બનાવ્યા. તિલક વર્માએ ૨૨ બોલ પર ૪ સિક્સરની મદદથી નોટઆઉટ ૫૧ રન બનાવ્યા.

**ભારતે પ્રથમ બેટીંગ કરતા ૬ વિકેટ ગુમાવીને ૨૧૧ રન બનાવ્યા, જવાબમાં પાકિસ્તાનની ટીમ ૨૦ ઓવરમાં ૬ વિકેટ ગુમાવીને ૧૯૨ રન જ બનાવી શકી, નવાઝના ૯૬ રન એળે ગયા: અભિષેક શર્મા અને તિલક વર્માની શાનદાર ફિફટી, અક્ષર-સુંદરને બે -બે વિકેટ મળી**



## ગોલ્ફમાં પ્રણવી ઉર્સે રચ્યો ઈતિહાસ, ગોલ્ડ જીતનાર પ્રથમ ભારતીય ખેલાડી

એશિયન ગેમ્સ ૨૦૨૬ માં ભારતીય મહિલા ગોલ્ફર પ્રણવી ઉર્સે વિશિષ્ટ સિદ્ધિ હાંસલ કરીને ઈતિહાસ રચ્યો છે. તેણીએ મહિલાઓની વ્યક્તિગત ગોલ્ફ સ્પર્ધામાં ભારત માટે ગોલ્ડ મેડલ (સુવર્ણ ચંદ્રક) જીતીને દેશનું નામ રોશન કર્યું છે. આ ગોલ્ડન જીત સાથે પ્રણવી એશિયન ગેમ્સમાં ગોલ્ફની વ્યક્તિગત સ્પર્ધામાં સ્વર્ણ પદક જીતનારી સર્વપ્રથમ ભારતીય મહિલા ગોલ્ફર બની ગઈ છે. ભારતે અત્યાર સુધી ૧૮ ગોલ્ડ, ૨૫ સિલ્વર અને ૩૫ બ્રોન્ઝ મેડલ જીત્યા છે.

ફાઈનલ રાઉન્ડની રમત શરૂ થાય તે પહેલાં જ પ્રણવી ઉર્સ ૧૫-અંડર ૧૯૫ ના સ્કોર સાથે પોતાના હરીફો કરતાં ત્રણ શોટ આગળ ચાલી રહી હતી. આ મજબૂત સરસાઈ જાળવી રાખીને તેણીએ આખરી રાઉન્ડમાં પણ ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું અને ભારત માટે સુવર્ણ ચંદ્રક પાકો કર્યો હતો. તેણે અંતિમ રાઉન્ડમાં એક સ્ટ્રોકની પાતળી લીડ જાળવી રાખીને ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી જેનાથી દેશને ટીમ સિલ્વર મેડલ મેળવવામાં પણ મદદ મળી.

## કુમકુમ મોહોડે રિકર્વ તીરંદાજી ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ જીતીને ઈતિહાસ રચ્યો



ભારતની ૧૭ વર્ષની યુવા મહિલા તીરંદાજ કુમકુમ મોહોડે એશિયન ગેમ્સ ૨૦૨૬ માં વ્યક્તિગત રિકર્વ તીરંદાજી ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ જીતીને ઈતિહાસ રચ્યો. કુમકુમ રિકર્વ ઈવેન્ટમાં મેડલ જીતનાર પ્રથમ ભારતીય મહિલા ખેલાડી છે, જેમાં તેણીએ ગોલ્ડ મેડલ મેચમાં દક્ષિણ કોરિયન ખેલાડીને હરાવીને મેડલ જીત્યો હતો. કુમકુમ ગોલ્ડ મેડલ અને ઓહ યેજિન વચ્ચેનો મેચ, જે પાંચ સેટ સુધી ચાલ્યો હતો, ખૂબ જ રોમાંચક રહ્યો. મેચ ડ્રોમાં સમાપ્ત થયા પછી, તે શૂટ-ઓફમાં નક્કી થયો, જ્યાં કુમકુમે પોતાની પ્રતિભા બતાવી અને સચોટ શોટ સાથે ગોલ્ડ મેડલ જીત્યો.

કુમકુમ મોહોદે સુવર્ણ ચંદ્રકની મેચમાં દક્ષિણ કોરિયાની ઓહ યેજિન સામે મુકાબલો કર્યો હતો. બંને ખેલાડીઓ વચ્ચેની આ મેચ શરૂઆતથી જ રોમાંચક રહી હતી. બંને તીરંદાજોએ શાનદાર પ્રદર્શન કરતા એકબીજાને જોરદાર ટક્કર આપી હતી. પાંચ સેટ સુધી ચાલેલી આ મેચમાં કોઈપણ ખેલાડી સરળતાથી હાર માનવા તૈયાર નહોતી.

મેચના અંતે બંને ખેલાડીઓના સ્કોર બરાબર રહ્યા હતા. પરિણામ નક્કી કરવા માટે શૂટ-ઓફનો સહારો લેવાયો હતો. આવી સ્થિતિમાં ખેલાડી પર દબાણ ઘણું વધી જાય છે, કારણ કે માત્ર એક સચોટ નિશાન સમગ્ર મેચનું પરિણામ બદલી શકે છે.શૂટ-ઓફમાં કુમકુમ મોહોદે પોતાની એકાગ્રતા અને આત્મવિશ્વાસ જાળવી રાખ્યો હતો. તેણે નિશાન પર સચોટ તીર છોડીને દક્ષિણ કોરિયાની ખેલાડીને પાછળ છોડી દીધી હતી. આ સાથે જ કુમકુમના નામે એશિયન ગેમ્સનું સુવર્ણ ચંદ્રક નોંધાયું હતું.

# ૪૪ વર્ષ બાદ ભારતની મહિલા હોકી ટીમે ચીનને હરાવી ગોલ્ડ જીત્યો

**ભારતની અનુભવી ગોલકીપર સવિતા પુનિયાએ શાનદાર બચાવ કરીને ચીનને ગોલ કરતા અટકાવ્યું હતું: ભારતની ૧-૦થી ઐતહાસિક જીત**



## લાલરેમસિયામીએ મેચની ૧૦મી મિનિટે ગોલ કર્યો

ભારતીય મહિલા હોકી ટીમે મેચની શરૂઆતથી જ ચીન પર પોતાનું વર્ચસ્વ જાળવી રાખ્યું હતું. જોકે બલજીત કૌરને રમતની છઠ્ઠી મિનિટમાં ગ્રીન કાર્ડ મળ્યું, પરંતુ ટીમે પોતાનું આક્રમણ ચાલુ રાખ્યું. મેચની ૧૦મી મિનિટે લાલરેમસિયામીએ શાનદાર ફિલ્ડ ગોલ કરીને ભારતને ૧-૦ ની લીડ અપાવી. આ લાલરેમસિયામીનો ૨૦૦મો આંતરરાષ્ટ્રીય મેચ હતો. ત્યારબાદ ભારતને ગોલ કરવાની બીજી તક મળી (પેનલ્ટી કોર્નર), પરંતુ તેને ગોલમાં રૂપાંતરિત કરવામાં નિષ્ફળ ગઈ. આમ છતાં, ભારતીય ટીમે પ્રથમ ક્વાર્ટરના અંત સુધી ૧-૦ ની લીડ જાળવી રાખી હતી.

## મહિલા હોકી ટીમે ૨૦૨૮ ઓલિમ્પિક માટે ક્વોલિફાય કર્યું

ભારતની મહિલા હોકી ટીમે ગોલ્ડ મેડલ જીતી લીધો છે. ફાઈનલમાં ભારતે ચીનને ૧-૦ થી હરાવ્યું. એશિયન ગેમ્સમાં ભારતીય મહિલા હોકીનો ૪૪ વર્ષ પછી આ પહેલો ગોલ્ડ મેડલ છે. ભારતે આ પહેલાં ૧૯૮૨માં ગોલ્ડ મેડલ જીત્યો હતો.

આ જીત સાથે ભારતે લોસ એન્જિલસ ૨૦૨૮ ઓલિમ્પિક માટે સીધું ક્વોલિફાય પણ કરી લીધું છે. ૨૦૨૪ પેરિસ ઓલિમ્પિક માટે ભારતીય ટીમ ક્વોલિફાય કરી શકી નહોતી. આ પહેલાં ટોકિયો ઓલિમ્પિક ૨૦૨૦માં ટીમે ચોથું સ્થાન મેળવ્યું હતું.

**અબતક, રાજકોટ**
એશિયન ગેમ્સ ૨૦૨૬માં ભારતની મહિલા હોકી ટીમે શાનદાર પ્રદર્શન કરતા ફાઈનલમાં ચીનને ૧-૦થી હરાવીને ગોલ્ડ મેડલ પોતાના નામે કર્યો છે. ભારતીય ટીમની આ જીતથી દેશના રમતપ્રેમીઓમાં ખુશીની લહેર ફેલાઈ છે. ટીમે સમગ્ર ટૂર્નામેન્ટમાં મજબૂત રમતનું પ્રદર્શન કરીને અંતે સુવર્ણ સફળતા મેળવી છે.આ સાથે એશિયન ગેમ્સમાં ભારતે કુલ ૧૮ ગોલ્ડ મેડલ જીત્યા છે.મહિલા હોકી ટીમના ગોલ્ડ સાથે એશિયન ગેમ્સ ૨૦૨૬માં ભારતના મેડલ ખાતામાં વધુ એક સુવર્ણનો ઉમેરો થયો છે. ફાઈનલમાં ભારતીય ખેલાડીઓએ ચીન સામે સંયમ અને આક્રમકતા વચ્ચે સંતુલન જાળવીને ૧-૦ની મહત્વપૂર્ણ જીત નોંધાવી હતી.ચીને મેચના બીજા ક્વાર્ટરમાં ખૂબ જ આક્રમક રમત રમી અને ભારતીય ટીમ પર સતત દબાણ જાળવી રાખ્યું હતું. ચીનને બરાબરી કરવાની સૌથી મોટી તક ત્યારે મળી જ્યારે તેમને પેનલ્ટી સ્ટ્રોક આપવામાં આવ્યો. જોકે, ભારતની અનુભવી ગોલકીપર સવિતા પુનિયાએ શાનદાર બચાવ કરીને ચીનને ગોલ કરતા અટકાવ્યું હતું. આ પછી પણ ચીને આક્રમક રમત રમવાનું ચાલુ રાખ્યું, પરંતુ ભારતીય ડિફેન્ડર્સે દરેક પ્રયાસને નિષ્ફળ બનાવતા ઉત્તમ રમત દર્શાવી હતી. આ સમયગાળા દરમિયાન, ભારતીય ટીમ મોટાભાગે બચાવ કરવામાં રહી અને હાફટાઈમ સુધી ૧-૦ ની લીડ જાળવી રાખી. રમતની ૨૮મી મિનિટમાં ચીની ખેલાડી વેન ડેનને ફાઉલ માટે ગ્રીન કાર્ડ આપવામાં આવ્યું હતું.

# ત્રીજી વન-ડેમાં ભારત ક્લીન સ્વિપના ઈરાદે મેદાને ઉતરી

**ટોસ જીતીને પ્રથમ બેટીંગ કરવા ઉતરેલી ભારતીય ટીમની ખરાબ શરૂઆત, ૧૦ રનમાં જ બે વિકેટ ગુમાવી: કમ્બોઝ અને સિરાઝને પ્લેઈંગ ૧૧માં સ્થાન મળ્યું**



**અબતક, રાજકોટ**
પ્રવાસી વેસ્ટ ઈન્ડિઝ સામે આજે ત્રીજી અને અંતિમ વન-ડે ક્રિકેટ મેચમાં યજમાન ભારત આ સિરીઝમાં ક્લીન સ્વિપના ઈરાદા સાથે મેદાને ઉતરી છે. ટોસ જીતીને પ્રથમ બેટીંગ કરવા ઉતરેલી ભારતીય ટીમની શરૂઆત સારી રહી હતી. આજે ભારતે અંશુલ કમ્બોઝ અને સિરાઝને પ્લેઈંગ ૧૧માં સ્થાન આપ્યું છે. ટીકાઓનો સામનો કરી રહેલી બોલિંગ લાઈન અપ વધુ સારા પ્રદર્શન પર નજર રાખશે જેમાં ખાસ કરીને અનુભવી રવીન્દ્ર જાડેજા પર દબાણ વધી રહ્યું છે. ભારતે શ્રેણીમાં પ્રભુત્વ મેળવ્યું છે પરંતુ તેના પ્રદર્શન કરતાં વધુ ચર્ચા બેટિંગને સાનુકૂળ પિચ વિશે રહી છે, જેમાં અગાઉની વન-ડેની પિચ

અનું.આઠમાં પાને

# કેપ્ટન્સી મુદ્દે હૈદરાબાદથી નારાજ અભિષેક શર્મા? મુંબઈ, દિલ્હી કે ગુજરાતમાં જોડાય તેવી સંભાવના



**અબતક, રાજકોટ**
આઈપીએલ ૨૦૨૭ની રિટેન્સન પ્રક્રિયા પહેલાં ક્રિકેટ જગતમાં એક મોટો વિવાદ સામે આવ્યો છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, સનરાઈઝર્સ હૈદરાબાદના સ્ટાર ઓપનર અભિષેક શર્મા ફ્રેન્ચાઈઝીથી નારાજ છે અને ટીમ છોડવા માંગે છે.નારાજગીનું મુખ્ય કારણ કેપ્ટનસી છે. ૨૦૧૯થી એસઆરએચ સાથે જોડાયેલા અભિષેક શર્માની પોતાની ટીમમાં નેતૃત્વ સંભાળવાની મહત્વાકાંક્ષા હતી. આઈપીએલ ૨૦૨૬માં પેટ કમિન્સની ગેરહાજરીમાં ઈશાન કિશનને કેપ્ટન બનાવવામાં આવ્યા હતા, જ્યારે અભિષેકને વાઈસ-કેપ્ટન બનાવાયા હતા. આગામી ૨૦૨૭ સીઝનમાં પણ કમિન્સના ઓછા ઉપલબ્ધ રહેવાની શક્યતાને કારણે ફ્રેન્ચાઈઝી ઈશાન કિશનને જ પૂર્ણ-સમયના કેપ્ટન તરીકે ચાલુ રાખવા માંગે છે. આ નિર્ણયથી અભિષેક અસંતુષ્ટ છે અને હૈદરાબાદ છોડવા તૈયાર છે.જો અભિષેક ટીમ છોડે છે, તો તેમના સંભવિત મુંબઈ ઈન્ડિયન્સ, ગુજરાત ટાઈટન્સ, પંજાબ કિંગ્સ અને દિલ્હી કેપિટલ્સ જેવી ટીમોમાં જોડાય તેવી ચર્ચામાં છે. દિલ્હી કેપિટલ્સ સાથે જોડાવાની શક્યતા વધુ છે કારણ કે અભિષેકના મેન્ટર યુવરાજ સિંહ તે સેટઅપનો ભાગ છે. જોકે, મોટાભાગની ટીમો પાસે પહેલેથી જ કેપ્ટન હાજર હોવાથી

અનું.આઠમાં પાને

# ભારત-બ્રાઝિલ વચ્ચે આજે ઐતિહાસિક ફૂટબોલ મેચ: સાંજે ૭:૩૦થી પ્રારંભ

## ફિફા રેન્કિંગ વ્યવસ્થા શરૂ થયા બાદ ભારત સામે રમનારી બ્રાઝિલ અત્યાર સુધીની સૌથી ઊંચી રેન્કિંગ ધરાવતી ટીમ

**અબતક, રાજકોટ**
ભારતીય ફૂટબોલ માટે આજે ઐતિહાસિક દિવસ છે. ભારતની સિનિયર પુરુષ ટીમ પાંચ વખતની ફિફા વર્લ્ડ કપ ચેમ્પિયન બ્રાઝિલ સામે આંતરરાષ્ટ્રીય મૈત્રીપૂર્ણ મેચ રમશે. મુકાબલો કોલકાતાના વિવેકાનંદ યુવા ભારતી ક્રીરાંગણમાં રમાશે અને ભારતીય સમય મુજબ સાંજે ૭:૩૦ વાગ્યે શરૂ થશે. મેચનું સીધું પ્રસારણ સોની સ્પોર્ટ્સ પર થશે.ભારત અને બ્રાઝિલની સિનિયર પુરુષ ટીમો વચ્ચેની પ્રથમ સામસામેની મેચ છે. એઆઈએફએફ મુજબ, બ્રાઝિલ હાલમાં ફિફા પુરુષ રેન્કિંગમાં પાંચમા સ્થાને છે, જ્યારે ભારત ૧૩૮મા સ્થાને છે. ફિફા રેન્કિંગ વ્યવસ્થા શરૂ થયા બાદ ભારત સામે રમનારી બ્રાઝિલ અત્યાર સુધીની સૌથી ઊંચી રેન્કિંગ ધરાવતી ટીમ છે. અગાઉ ભારતે ૧૯૯૫માં નવમા ક્રમે રહેલા રશિયા અને ૧૯૯૮માં જાપાન જેવી ટીમોનો સામનો કર્યો હતો.

કોચ ખાલિદ જમીલની ટીમમાં મોટા ઈજાગ્રસ્ત ખેલાડીઓની સમસ્યા નથી. ઉપલબ્ધ અનુમાન મુજબ, ભારત માટે ગુરપ્રીત સિંહ સંધુ ગોલકીપર તરીકે શરૂઆત કરી શકે છે. રક્ષણમાં અભિષેક ટેકચમ, બિજોય વર્ગીઝ, અનવર અલી અને આકાશ મિશ્રા દેખાઈ શકે છે. મધ્યમેદાનમાં લાલેન્ગમાવિયા રાલ્ટે અને રિકી શાબોંગ, જ્યારે આગળ એડમન્ડ લાલરિન્દિકા, રેયાન વિલિયમ્સ, આશિક કુરુનિયાન અને મનવીર સિંહને તક મળવાની શક્યતા છે.



બ્રાઝિલના કોચ કાર્લો એન્સેલોટ્ટીની ટીમમાં વિનિસિયસ જુનિયર અને એન્ડ્રિક જેવા જાણીતા ખેલાડીઓ પર ખાસ નજર રહેશે. સ્પોર્ટિંગ ન્યૂઝના અનુમાન મુજબ, ઓટાવિયો ગોલમાં, મેથ્યુઝિન્હો, વિટર રેઈસ, ગેબ્રિયલ મેગાલ્હાંસ અને ડગ્લાસ સાન્ટોસ રક્ષણમાં, જ્યારે એન્ડ્રે સાન્ટોસ, ગેબ્રિયલ માર્ટિનેલ્લી, બ્રેનો બિડોન, એસ્ટેવાઓ વિલિયન, વિનિસિયસ જુનિયર અને એન્ડ્રિક શરૂઆત કરી શકે છે. રાફિન્હા ઈજાને કારણે બ્રાઝિલ પરત ફર્યો હોવાનો અહેવાલ છે, તેથી તેની ઉપલબ્ધતા અંગે અંતિમ નિર્ણય ટીમ મેનેજમેન્ટ લેશે.બ્રાઝિલે ભારત સામેની મેચ પહેલાં ઓસ્ટ્રેલિયા સામે ૨૫ અને ૨૯ સપ્ટેમ્બરે બે મૈત્રીપૂર્ણ મેચ રમવાની હતી. ભારતે આ આંતરરાષ્ટ્રીય વિન્ડોમાં ૨૬ સપ્ટેમ્બરે બેંગલુરુમાં પનામા સામે અને ત્યારબાદ ૩ ઓક્ટોબરે બ્રાઝિલ સામે રમવાનું નક્કી કર્યું હતું. આ વિન્ડોમાં ભારતની આગામી મોટીમેચ ૬ ઓક્ટોબરે કોલકાતામાં ઉરુગ્વે સામે છે.

### રેન્ટ એક્ટ બિલ ૨૦૨૬ સામે રાજકોટ સહિત રાજ્યભરના વકીલોનો વિરોધ

# સૂચિત ભાડા વિધેયક પાછું ખેંચવા માંગની સાથે બારની એક દિવસીય પ્રતીક હડતાળ

## વિવિધ વકીલ મંડળોના સિનિયર-જુનિયર વકીલો કોર્ટ પરિસરમાં એકઠા થયા, સૂત્રોચ્ચાર સાથે દેખાવો યોજી બિલ પાછું ખેંચવા ઉગ્ર માંગ




**અબતક, રાજકોટ**

ગુજરાત સરકાર દ્વારા લાવવામાં આવેલા સૂચિત રેન્ટ એક્ટ બિલ ૨૦૨૬ના વિરોધમાં રાજકોટ બાર એસોસિએશન દ્વારા આજે એક દિવસની પ્રતીક હડતાળ પાડવામાં આવી હતી. આ આંદોલનમાં રાજકોટ બાર એસોસિએશન તેમજ વિવિધ વકીલ મંડળોના હોદ્દેદારો સહિત મોટી સંખ્યામાં સિનિયર અને જુનિયર વકીલો જોડાયા હતા. વકીલોએ કોર્ટ પરિસરમાં એકઠા થઈને ભાડા વિધેયકના વિરોધમાં જોરદાર સૂત્રોચ્ચાર કર્યા હતા અને દેખાવો કરીને આ બિલ પાછું ખેંચવાની ઉગ્ર માંગ કરી હતી. વકીલો અદાલતી કામગીરીથી સંપૂર્ણપણે અલિપ્ત રહેતા રાજકોટ સહિત સમગ્ર રાજ્યની જિલ્લા અને તાલુકા કક્ષાની અદાલતોમાં અરજન્ટ મેટર્સ સિવાયની તમામ કાર્યવાહી ઠપ્પ થઈ જવા પામી હતી. ગુજરાત ભાડા વિધેયક ૨૦૨૬માં કરવામાં આવેલી એક જોગવાઈ છે. આ બિલ અંતર્ગત ભાડા કરાર અને વિવાદો અંગેની કોર્ટની સત્તાઓ મ્યુનિસિપલ કમિશનર, કલેક્ટર તેમજ ડેપ્યુટી કલેક્ટર જેવા વહીવટી અધિકારીઓને સુપ્રત કરવાની દરખાસ્ત કરવામાં આવી છે. ધારાશાસ્ત્રીઓના જણાવ્યા અનુસાર, કોર્ટની ન્યાયિક સત્તા વહીવટી તંત્રને સોંપવાથી પક્ષકારો અને વકીલોને ખુબ જ તકલીફો અને મુશ્કેલીઓનો સામનો કરવો પડે તેવી પરિસ્થિતિ નિર્માણ પામશે. કાયદામાંથી આ જોગવાઈઓને તાત્કાલિક ધોરણે દૂર કરવી અથવા સુધારા કરવા અત્યંત જરૂરી હોવાથી સમગ્ર રાજ્યના વકીલ આલમમાં સરકાર સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે. હડતાળના કારણે સામાન્ય નાગરિકો અને પક્ષકારોના કાનૂની હિતોને કોઈ નુકસાન ન પહોંચે તે માટે રાજકોટ બાર એસોસિએશન દ્વારા વિશેષ કાળજી લેવામાં આવી હતી. બાર એસોસિએશનના પ્રમુખ સુમિત વોરા અને સેક્રેટરી નીલેશ પટેલની સંયુક્ત યાદી અનુસાર, આ સંદર્ભે એક સર્વાનુમતે ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો. આ ઠરાવની નકલો રાજકોટ શહેરની તમામ અદાલતોના ન્યાયાધીશોને સુપ્રત કરવામાં આવી હતી. વકીલોએ ન્યાયાધીશોને વિનંતી કરી હતી કે વકીલો કે પક્ષકારોની ગેરહાજરીના કારણે કેસોમાં પક્ષકારોને નુકસાન થાય તેવા કોઈ હુકમો ના ફરમાવવામાં આવે અને તમામ કેસોમાં યથાવત સ્થિતિ જાળવી રાખવામાં આવે. રાજકોટ સહિત સમગ્ર ગુજરાતની અદાલતોમાં યોજાયેલી આ સફળ પ્રતીક હડતાળ બાદ વકીલ મંડળોએ આગળની વ્યૂહરચના અંગે સ્પષ્ટ સંકેત આપ્યા છે. જો સરકાર દ્વારા આ સૂચિત ભાડા વિધેયક બિલ તાત્કાલિક પાછું ખેંચવામાં નહીં આવે અથવા વકીલોની માંગણીઓ અંગે યોગ્ય નિર્ણય લેવામાં નહીં આવે, તો આગામી દિવસોમાં રાજ્યના તમામ વકીલ મંડળોની એક મહત્ત્વપૂર્ણ બેઠક બોલાવવામાં આવશે. વકીલ વર્તુળોના જણાવ્યા મુજબ, સરકારના વલણ સામે આગામી સમયમાં વિરોધના વિવિધ આક્રમક કાર્યક્રમો ઘડીને આ આંદોલનને વધુ તીવ્ર બનાવવામાં આવશે.

# ચેક રિટર્ન કેસમાં હાર્દિક મહેતાને ૬ માસની જેલ

## મિત્રને હાથ ઉછીની આપેલી રકમ ચૂકવવા આપેલો ચેક બાઉન્સ, મહિલાને રૂ.૩.૪૦ લાખ વળતર ચૂકવવા હુકમ

**અબતક સમીર વિરાની બગસરા**

બગસરા ખાતે રહેતી મહિલાએ મિત્રતાને પારિવારિક સંબંધના દાવે મિત્રને હાથ ઉછીની આપેલી રકમ રૂપિયા ૩.૪૦ લાખ પરત કરવા આપેલો ચેક બેંકમાંથી વગર વસૂલાતે પરત ફરવાના ગુનાનો કેસ ચાલી જતા અદાલતે રાજકોટના હાર્દિક મહેતા ને છ માસની સાદી કેદની સજા અને ચેક મુજબનું પડતર ચૂકવવા હુકમ કર્યો છે.

વધુ વિગત મુજબ બગસરા ખાતે રહેતા રાજેશ્રીબેન ઉમેદકુમાર મહેતાએ પારિવારિક અને મિત્રતાના સંબંધના દાવે રાજકોટ ખાતે રહેતા હાર્દિક કૌશિકભાઈ મહેતાને ધંધા માટે ₹૩.૪૦ લાખ હાથ ઉછીના આપ્યા હતા જે રકમ ચૂકવવા આપેલો ચેક બેંકમાંથી વગર વસુલાતે પરત કરતા કાયદાકીય જોગવાઈ મુજબ હાર્દિક મહેતાને નોટિસ પાઠવવા છતાં સમય મર્યાદામાં રકમ ન ચૂકવતા અંતે બગસરા કોર્ટમાં ફોજદારી ફરિયાદ દાખલ કરવામાં આવી હતી જે કેસની સુનાવણી ચાલવા પર આવતા જેમાં બંને પક્ષોની રજૂઆત બાદ ફરિયાદ પક્ષના એડવોકેટ અશોક પંડ્યા દ્વારા કરવામાં આવેલી લેખિત મૌખિક દલીલો તેમજ દસ્તાવેજી પુરાવા અને હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટના પ્રસ્થાપિત થયેલા ચુકાદાઓને ધ્યાને લઈ ન્યાયધીશ એન એમ ચૌહાણ એ આરોપી હાર્દિક મહેતા ને છ માસની સાદી કેદની સજા અને ચેક મુજબની રકમ ૩.૪૦ લાખ વળતર પેટે ચૂકવવા હુકમ કર્યો છે

# રૂ.૫૦ હજારની લાંચ લેતા ઝડપાયેલા મત્સ્ય ઉદ્યોગના ઈન્ચાર્જ અધિક્ષકના જામીન નામંજૂર

## મંજૂર કામના વર્ક ઓર્ડર અને રિજેક્ટના ડીડી પરત કરવા મોરબી-બોટાદના ઈન્ચાર્જ અધિક્ષક ખોડા રામાણીએ ૧ લાખની માંગણી કરી, રકઝક બાદ ૫૦ હજાર નક્કી થયા

### લાંચ માંગણીનું મોબાઈલ રેકોર્ડિંગ અને સ્થળ પર હાજરીનો મુદ્દો રજૂ: સરકારી વકીલ એસ.કે. વોરા

**અબતક, રાજકોટ**

શહેરના સિવિલ હોસ્પિટલ ચોક નજીક મત્સ્યઉદ્યોગના ટેન્ડરના વર્ક ઓર્ડર આપવા અને રિજેક્ટ થયેલા ટેન્ડરના ડિમાન્ડ ડ્રાફ્ટ પરત કરવાના બહાને ૫૦,૦૦૦ની લાંચ લેતા ઝડપાયેલા બોટાદ મત્સ્ય ઉદ્યોગના ઈન્ચાર્જ અધિક્ષક ખોડા રામાણીની જામીન અરજી નામંજુર કરતો હુકમ કર્યો છે.વધુ વિગત મુજબ ફરિયાદી અલ્તાફભાઈ ડૈૈયાએ મત્સ્યઉદ્યોગ ખાતામાં કુલ ૭ ટેન્ડર ભર્યા હતા. ૪ ટેન્ડર રિજેક્ટ થયા હતા. મંજૂર થયેલા ટેન્ડરના વર્ક ઓર્ડર અને રિજેક્ટ થયેલા ટેન્ડરના ડિમાન્ડ ડ્રાફ્ટ પરત આપવાની અવેજીમાં મોરબી ખાતે મત્સ્યઉદ્યોગના અધિક્ષક અને બોટાદ કચેરીના ઈન્ચાર્જ અધિક્ષક ખોડાભાઈ વલ્લભભાઈ રામાણી દ્વારા ૧ લાખની લાંચની માંગણી કરવામાં આવી અને ફરિયાદી સાથે રકઝકના અંતે ૫૦,૦૦૦ આપવાનું નક્કી થયું હતું. ફરિયાદી લાંચની રકમ આપવા માંગતા ન હોવાથી તુરંત ભાવનગર એસીબીનો સંપર્ક કરી એસીબીની ટીમે રાજકોટ શહેરના સિવિલ હોસ્પિટલ ચોક નજીક લાંચનું છટકું ગોઠવ્યું હતું. આરોપી ખોડા રામાણી ફરિયાદી સાથે ૫૦,૦૦૦ સ્વીકારતા સીબીની ટીમે તેને રંગે હાથ ઝડપી લીધા હતા. પોલીસ તપાસના અંતે ચાર્જશીટ રજુ કરવામાં આવેલ હતું. રેગ્યુલર જામીન અરજીની સુનવણી સમયે સરકાર તરફે જિલ્લા સરકારી વકિલ એસ. કે. વોરાએ રજુઆત કરતા જણાવેલ હતુ કે, લાંચની માંગણીનો વાર્તાલાપ મોબાઈલમાં રેકોર્ડ થયેલ છે. આરોપી લાંચ સ્વીકારવા માટે જ રાજકોટ સિવીલ હોસ્પિટલ ખાતે આવેલા હતા તે અનિવાર્યપણે માનવાનુ રહે , આરોપી ફરીયાદી સાથે ક્યાં વ્યવહાર અંગે વાતચીત કરતા હતા તે જણાવતા નથી. આ તમામ કારણસર આરોપી પાસે લાંચ સ્વીકાર્યાના આક્ષેપ સામે કોઈ જ બચાવ નથી તેથી આરોપીની ચાર્જશીટ બાદની જામીન અરજી રદ કરવી જોઈએ. સરકાર તરફેની આ રજુઆતના અંતે ખાસ અદાલતે આરોપી ખોડાભાઈ રામાણીની રેગ્યુલર જામીન અરજી રદ કરેલ છે.આ કામમાં સરકાર તરફે જિલ્લા સરકારી વકિલ સંજયભાઈ કે. વોરા રોકાયેલા હતા.

# ભાવનગર નાગરિક સહકારી બેંકના કર્મચારી બરતરફી કેસમાં લેબર કોર્ટનો મહત્વનો હુકમ

## ખાતાકીય તપાસની કાયદેસરતા પહેલા નક્કી કરો: નાગરિક બેંક દ્વારા કર્મચારીને છૂટા કરવાના કેસમાં લેબર કોર્ટનો આદેશ

**અબતક, રાજકોટ**

નાગરિક બેંક દ્વારા કર્મચારીને કથિત ખાતાકીય તપાસ બાદ છુટા કરી દેવાના પગલાં સામેની ફરીયાદમાં લેબર કોર્ટે ખાતાકીય તપાસની કાયદેસરતા અને યોગ્યતા પ્રથમ નક્કી કરી આપવા હુકમ કર્યો છે.

આ કેસની હકીકત મુજબ, ભાવનગર નાગરિક સહકારી બેંકમા નોકરી કરતા હિતેશભાઈ દવે સામે બેંક દ્વારા કથિત ખાતાકીય તપાસ બાદ નોકરીમાંથી બરતરફ કરી દેવા સામે તેમણે સિનિયર એડવોકેટ જી.આર. ઠાકર મારફત લેબર કોર્ટ, ભાવનગર સમક્ષ કેસ દાખલ કરવામાં આવ્યો હતો, આ કેસની સુનાવણી થતાં લેબર કોર્ટને અરજદારની વિરૂધ્ધ કરવામાં આવેલ ખાતાકીય તપાસની કાયદેસરતા પ્રથમ નક્કી કરી આપવા અરજી આપી હતી એટલે કે અરજદારની સામે હાથ ધરેલ ખાતાકીય તપાસ તે કુદરતી ન્યાયના સિધ્ધાંત વિરૂધ્ધની, કેમ ? તે અંગે પ્રથમ પ્રાથમિક મુદો નક્કી કરી આપવા માટે અરજ ગુજારવામાં આવી હતી. તે સામે બેંકના એડવોકેટે વાંધા લીધેલ હતા. તેમાં અરજદાર વતી એડવોકેટ જી. આર. ઠાકર દ્વારા લંબાણપુર્વકની દલીલો અને વડી અદાલત તેમજ સર્વોચ્ચ અદાલતના ચુકાદાઓ રજુ કરેલ હતાં અને તેના આધારે લેબર કોર્ટ, ભાવનગર દ્વારા અરજદારની અરજી મંજુર કરી ખાતાકીય તપાસની યોગ્યતા અને કાયદેસરતા નક્કી કરવાનો મહત્વનો ચુકાદો આપેલ છે. અરજદાર વતી એડવોકેટ જી. આર. ઠાકર, ગાર્ગીબેન જી.ઠાકર તથા અક્ષિત જી. ઠાકર રોકાયા હતા.

# રાજવી વૈભવમાં શોભતા સંકલ્પસિદ્ધ હનુમાનજી મહારાજના મનમોહક દર્શન



**અબતક, રાજકોટ**

કાલાવડ રોડ ઉપર બિરાજમાન સંકલ્પસિદ્ધ હનુમાનજી મહારાજનો શણગાર મનોહર અને અલૌકિક છે. મસ્તકે આકર્ષક લીલાછમ-મોરપીંછ રંગની ભવ્ય પાઘ શોભી રહી છે. ગુલાબી રંગના કલાત્મક વાઘા પર રંગબેરંગી જરી-ઝરદોજશીની અદભુત કારીગરી આભા પાથરી રહ્યું છે. કમરે અને અંગ પર વિવિધ રત્નજડિત અલંકારો તથા સુવર્ણ આભૂષણો શોભી રહ્યાં છે. ગળામાં મોતી, સુવર્ણ અને રત્નોથી જડિત અનેક હાર દાદાના દિવ્ય સ્વરૂપને વધુ મનોહર બનાવે છે. ડાર્ક રંગની વિશાળ પીછવાઈ દાદાના શણગારને ભવ્યતા અને સૌંદર્ય અર્પે છે. હાથમાં સુવર્ણમય ગદા અને કરકમળમાં પુષ્પ ધારણ કરેલું સ્વરૂપ ભક્તિભાવ જગાવે છે. ચરણકમળ પાસે સજાવેલા ગુલાબી પુષ્પો જાણે દાદાના ચરણોમાં પ્રેમ અને શ્રદ્ધા અર્પી રહ્યાં છે. સુવર્ણ સિંહાસનની દિવ્ય ઝાંખીમાં દાદાનું આ મનોહર સ્વરૂપ ભક્તોના હૃદયને ભક્તિરસથી ભરી દે છે.

# ગુજસીટોકના ગુનામાં જાહીર સંઘવાણી જામીન મુક્ત

## પ્ર.નગર પોલીસ મથકે નોંધાયેલા ગુનાના આરોપીને હાઈકોર્ટે રાહત આપી

**અબતક, રાજકોટ**

શહેરના પ્રધ્યુમનનગર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુજસીટોકના ગુનામાં જેલ હવાલે રહેલા જાહીર સંઘવાણીની રેગ્યુલર જામીન અરજી હાઈકોર્ટ દ્વારા મંજુર કરવામાં આવી છે. શહેર સંગઠિત ગુનાહિત સિન્ડિકેટ રચીને પ્રજામાં સતત ભયનું વાતાવરણ ઉભુ કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો હતો. આ ગુનાહિત ટોળીના સાગરીતો એકબીજા સાથે નેટવર્ક ઉભુ કરીને ખૂનની કોશિશ, લૂંટ, મારામારી, ધાક-ધમકી, જમીન અને મકાન પચાવી પાડવા, બોગસ દસ્તાવેજો બનાવવા, છેતરપિંડી, રાયોટીંગ, મિલકતોને નુકસાન પહોંચાડવું તેમજ ઘરેલું હિંસા જેવા અનેક ગંભીર ગુનાઓ આચરતા હોવાની પ્ર. નગર પોલીસ ઈન્સ્પેક્ટર દ્વારા ગુજસીટોકની ફરિયાદ નોંધાવવામાં આવી હતી. જે ગુનામાં જેલ હવાલે રહેલા આરોપી જાહીર સંઘવાણી જામીન મુક્ત થવા હાઈકોર્ટમાં રેગ્યુલર જામીન અરજી દાખલ કરી હતી. જેની સુનાવણી દરમિયાન બચાવપક્ષના વકીલો દ્વારા હાઈકોર્ટ સમક્ષ ધારદાર અને કાયદાકીય દલીલો રજૂ કરવામાં આવી હતી. બચાવપક્ષ તરફથી વિવિધ વરિષ્ઠ અદાલતોના મહત્વના ચુકાદાઓ અને કાયદાકીય પાસાઓને ધ્યાન પર મૂકવામાં આવ્યા હતા. હાઈકોર્ટના જસ્ટિસ દ્વારા બચાવ પક્ષની દલીલો, કેસના રેકોર્ડ તથા વિવિધ અદાલતી ચુકાદાઓને ધ્યાને લઈને આરોપી જાહીર સંઘવાણીને રેગ્યુલર જામીન પર મુક્ત કરવા હુકમ કર્યો છે. આરોપી જાહીર સંઘવાણી વતી એડવોકેટ ઝાકીર આગરીયા,અંકિત ચૌહાણ અને હાઈકોર્ટના એડવોકેટ વીરાટ પોપટ રોકાયા હતા.

# વેપારી ડિજિટલ પેમેન્ટ સ્વીકારે છે તો તેને સજા કેમ?: યુપીઆઈ ચાર્જ મુદ્દે મયુર શાહનો સવાલ

## યુપીઆઈ વ્યવહારોમાં વસૂલાતા ચાર્જનું સ્પષ્ટ કારણ એસએમએસ કે સ્ટેટમેન્ટમાં દર્શાવવા કોંગ્રેસની માંગ

**અબતક, રાજકોટ**

ડિજિટલ ઈન્ડિયા અને કેશલેસ અર્થતંત્રને પ્રોત્સાહન આપવાના ભાગરૂપે નાના-મોટા તમામ વેપારીઓ યુપીઆઈ પેમેન્ટ સ્વીકારી રહ્યા છે. જોકે, સરળ અને સસ્તું કહેવાતું આ ડિજિટલ માધ્યમ હવે વેપારીઓ માટે આર્થિક બોજ બની રહ્યું હોવાની ફરિયાદો ઉઠી રહી છે. રાજકોટ શહેર કોંગ્રેસ મંત્રી મયુર શાહે આ મુદ્દે ગંભીર સવાલો ઉઠાવીને વેપારીઓના ખાતામાંથી વસૂલાતા વિવિધ ચાર્જ અંગે સ્પષ્ટતા માંગવામાં આવી છે.



મયુર શાહે જણાવ્યું હતું કે, નાના દુકાનદારો માટે દરેક નાની કપાત સીધી તેમની રોજિંદી આવકને અસર કરે છે. એનપીસીઆઈના નિયમો મુજબ રૂ. ૨,૦૦૦ સુધીના નાના ઓફલાઈન વ્યવહારો પર નો એમાડીઆર ની જોગવાઈ હોવા છતાં, વેપારીઓ પાસેથી કયા નિયમ હેઠળ ચાર્જ વસૂલવામાં આવે છે તેની પારદર્શક વિગતો મળતી નથી. વેપારીઓ ગ્રાહકોને ડિજિટલ સુવિધા આપે છે, ત્યારે તેમની મહેનતની કમાણીમાંથી બિનજરૂરી કપાત કરવી અયોગ્ય છે.વેપારીઓના હિતમાં તેમણે માંગ કરી છે કે, યુપીઆઈ વ્યવહારો પર લેવાતા તમામ ચાર્જની વિગતવાર માહિતી જાહેર કરવામાં આવે અને ખાતામાંથી કપાતી રકમનું સ્પષ્ટ કારણ એસએમએસ કે સ્ટેટમેન્ટમાં દર્શાવાય. આ સાથે જ નાના અને મધ્યમ વેપારીઓને બિનજરૂરી કપાતમાંથી મુક્તિ આપવા, બેંકો દ્વારા સરળ ભાષામાં માર્ગદર્શન પૂરું પાડવા તેમજ ગેરકાયદેસર ચાર્જ વસૂલાત સામે ઝડપી ફરિયાદ નિવારણ વ્યવસ્થા ઉભી કરવા માંગ કરાઈ છે.

# કોર્પોરેશનના કર્મચારીઓને સીપીઆર તાલીમ અપાઈ



**અબતક, રાજકોટ**

કોઈ વ્યકિતને અચાનક કાર્ડિઆક અરેસ્ટ થાય તેવી ઈમરજન્સી પરિસ્થિતિ ઊભી થાય ત્યારે સમયસર સીપીઆર તથા બેઝીક લાઈફ સપોર્ટ આપવામાં આવે તો અમૂલ્ય માનવજીવન બચાવી શકાય છે. આ બાબતને ધ્યાને લઈ, રાજકોટ મહાનગરપાલિકાના અધિકારીઓ તથા કર્મચારીઓને કાર્યસ્થળે તેમજ સામાન્ય જનજીવનમાં આવી ઈમરજન્સી પરિસ્થિતિ દરમિયાન યોગ્ય રીતે સીપીઆર/બીએલએસ આપી શકે તેવા ઉમદા હેતુથી તાલીમ આપવામાં આવી છે.

આ કાર્યક્રમમાં આરોગ્ય સમિતિના ચેરમેન ડો.રીંકલભાઈ મેઘાણી તથા ડો.શૈલેશભાઈ વસાણી ઉપસ્થિત રહેલ તથા પ્રાસંગિક ઉદબોધન કરી હાજર તમામને જીવનમાં આરોગ્યની જાળવણી કરવા અને આરોગ્યપ્રદ જીવન શૈલી અપનાવવા અપીલ કરેલ.

# ભાજપે વિધાનસભાની ચૂંટણીની તૈયારીઓ આદરી દીધી : મહત્વપૂર્ણ બેઠક યોજાઈ

## પ્રદેશ સંગઠન મહામંત્રી રત્નાકર અને સહમંત્રી અરૂણ બિન્નાડીની ઉપસ્થિતિમાં ચૂંટણીલક્ષી વ્યુહરચના અને માળખું મજબૂત કરવા માર્ગદર્શન અપાયું



**અબતક, રાજકોટ**

આગામી ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણીની પૂર્વતૈયારીઓ અને સંગઠનાત્મક મજબૂતીના ભાગરૂપે શહેર ભાજપ કાર્યાલય 'કમલમ' ખાતે એક મહત્વપૂર્ણ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં પ્રદેશ સંગઠન મહામંત્રી રત્નાકરજી તેમજ પ્રદેશ સહસંગઠન મહામંત્રી અરુણ બિનાડી ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

આ બેઠકમાં આગામી કાર્યક્રમો, ચૂંટણીલક્ષી વ્યુહરચના અને ત્રિસ્તરીય સંગઠન માળખાને વધુ મજબૂત કરવા અંગે ગહન ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. પ્રદેશ નેતૃત્વ દ્વારા ઉપસ્થિત હોદ્દેદારો અને લોકપ્રતિનિધિઓને સંગઠનાત્મક કાર્યોને વેગ આપવા તેમજ સરકારના પ્રજાલક્ષી કાર્યોને છેવાડાના માનવી સુધી પહોંચાડવા માટે જરૂરી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. આ સંગઠનલક્ષી બેઠકમાં પ્રદેશ વિશેષ આમંત્રિત અને પૂર્વ ધારાસભ્ય ગોવિંદભાઈ પટેલ, પ્રદેશ કારોબારી સભ્ય ધનસુખભાઈ ભંડેરી, કશ્યપભાઈ શુકલ, કમલેશભાઈ મીરાણી, રાજુભાઈ ધ્રુવ, ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ, ડો. દર્શિતાબેન શાહ, ભાનુબેન બાબરીયા, મેયર ડો. નેહલ શુક્લ, શહેર ભાજપ પ્રમુખ માધવ દવે, મહામંત્રી વલ્લભભાઈ દુધાત્રા, લલીતભાઈ વાડોલીયા, યોગેન્દ્રસિંહ જાડેજા સહિત શહેર ભાજપના હોદ્દેદારો, વિવિધ મોરચાના પ્રમુખો અને કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# સ્વામિનારાયણ ગુરૂકુળમાં વાર્તાકથન સ્પર્ધામાં વિદ્યાર્થીઓ ભાષાકોશવ્યો પરિચય આપ્યો

**અબતક, રાજકોટ**

સ્વામિનારાયણ ગુરુકુલ પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓમાં વાર્તાકથનની કુળા, આત્મવિશ્વાસ, અભિવ્યક્તિ અને સર્જનાત્મકતાનો વિકાસ થાય તે હેતુથી Story Telling Competition (વાર્તાકથન સ્પર્ધા)નું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં ધોરણ ૦૩ ના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ પોતાની મનપસંદ વાર્તાઓને પાત્રો,




વૈશભૂષા તથા અભિનય સાથે સુંદર રીતે રજૂ કરી સૌનું મન મોહી લીધું હતું. વિદ્યાર્થીઓની રજૂઆતમાં તેમની કલ્પનાશકિત, આત્મવિશ્વાસ અને ભાષાકૌશલ્યનો સુંદર પરિચય જોવા મળ્યો હતો.

આ સમગ્ર આયોજન પૂજ્ય જન્મમંગલદાસજી સ્વામીના માર્ગદર્શન હેઠળ, તેમજ લાલૂજીસર, મહેશ સર, ડિમ્પલ મેડમ તથા સમગ્ર સ્ટાફના સહયોગ અને મદદથી સફળતાપૂર્વક પૂર્ણ થયું હતું. વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા બદલ શાળા પરિવાર વાલીઓનો પણ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરે છે. વિદ્યાર્થીઓના ઉત્સાહ અને સુંદર રજૂઆતે સમગ્ર સ્પર્ધાને યાદગાર બનાવી હતી. વાર્તા માત્ર મનોરંજન નથી, પરંતુ જ્ઞાન, સંસ્કાર અને કલ્પનાશક્તિનું સુંદર માધ્યમ છે.

### શહેરમાં વધુ એક લોથ ઢળી

# જંગલેશ્વરના ખ્વાજા ચોકમાં સામે જોવા બાબતે ઈકબાલ જૂનાગઢીની હત્યા

## ત્રણ શખ્સોની ટોળકીએ ઘસી આવી પાનની દુકાને બેઠેલા ૫૬ વર્ષીય રીક્ષાચાલક પર પાઈપ વડે તૂટી પડ્યા : છાતી સહિતના ભાગે ઘા ઝીંકી દીધા, પ્રૌઢ જમીન પર પડી જતાં ઢીકાપાટુનો માર મારી મોતને ઘાટ ઉતારી દીધા

**અબતક, રાજકોટ**

શહેરમાં એક બાદ એક હત્યાના બનાવો બની રહ્યા છે. ભકિતનગર સર્કલ ખાતે સાળા આણી ટોળકીએ બનેવીને છરીના આડેધડ ઘા ઝીંકી મોતને ઘાટ ઉતારી દીધાની ઘટનામાં મુખ્ય આરોપી કમલેશ ઉર્ફે કાનો રબારી હજુ પકડાયો નથી ત્યાં વધુ એક હત્યાનો બનાવ બન્યો છે. જંગલેશ્વરના ખ્વાજા ચોકમાં ગત મોડી રાત્રે ફકત સામે જોવા જેવી બાબતમાં ૫૬ વર્ષીય પ્રૌઢ રીક્ષાચાલકને પાઈપના ઘા ઝીંકી મોતને ઘાટ ઉતારી ત્રિપુટી ફરાર થઈ ગઈ હતી. બનાવને પગલે ક્રાઈમ બ્રાન્ચ, એલસીબી અને ભકિતનગર પોલિસની ટીમોએ દોડી જઈ તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા.

જંગલેશ્વરની ન્યુ સાગર સોસાયટી શેરી નં.-૪ માં રહેતા ૩૨ વર્ષીય રીક્ષા ચાલક યુવાન સોહિલભાઈ ઈકબાલભાઈ લોધીએ આરોપી તરીકે દાનિશ અમીનભાઈ, સુફિયાન હનીફભાઈ આરબ આબેડકર રિયાઝનું નામ આપતાં ભકિતનગર પોલીસે બીએનએસની કલમ ૧૦૩(૧), ૧૧૫(૨), ૩(૫), ૨૨૩ હેઠળ ગુનો નોંધી આરોપીઓની શોધખોળ આદરી હતી.

યુવાને ફરીયાદમાં જણાવ્યું હતું કે, અમે ચાર ભાઈઓ છીએ. જેમાં સૌથી મોટો હું છું. હું બે વર્ષથી ન્યુ સાગર સોસાયટીમાં રહું છું. અગાઉ મારા પિતા ઈકબાલભાઈ ઈબ્રાહીમભાઈ(ઉ.વ ૫૬)નું પીરવાડી પાસે આવેલ જુના ગણેશનગર શેરી નં.-૩ માં આવેલ મકાનમાં ઉપરના માળે રહેતો હતો. મારા પિતા ઈકબાલભાઈનું હુલામણું નામ જૂનાગઢી છે જેનું કારણ અમે મૂળ જૂનાગઢના વતની છીએ. મારા પિતા રીક્ષા ડ્રાઈવિંગ કરે છે. મારા માતા જિંદગીબેનની તબિયત બરાબર ન હોય જેથી તેઓ ઊના ઊંઝા દાતાર બાપુની જગ્યાએ રહે છે.

યુવકે વધુમાં જણાવ્યું હતું કે, ગઈ તા. ૦૨/૧૦/૨૦૨૬ ના રોજ રાત્રિના સમયે હું મારા ઘરે હતો. ત્યારે સવા દસ વાગ્યે મારા પિતા ઈકબાલભાઈડ મને ફોન કરી કહેલ કે, જંગલેશ્વરમાં રહેતો દાનિશ અમીનભાઈ સાથે મારે ઝઘડો થયેલ છે, તું જો તો તપાસ કર તો દાનીશએ કેસ કરેલ છે તેમ કહીને ફોન કાપી નાખેલ હતો. બાદ મોડી રાત્રિના સવા એક વાગ્યે મારા મિત્ર સોહીલ મહમદભાઈ વીશળના મોબાઈલ નંબર ઉપરથીને ફોન આવેલ હતો. ત્યારે સોહિલના ફોનમાંથી મારો બીજો મિત્ર સાહિલ ઉર્ફે ગુંદી કરીમભાઈ પરમાર બોલતો હતો. તેણે મને વાત કરેલ કે તું જલ્દી ખ્વાજા એપાર્ટમેન્ટ પાસે આવ, અહીં ખ્વાજા એપાર્ટમેન્ટ નીચે નિસ્બત પાન પાસે તારા પપ્પાને દાનીશ સાથે માથાકૂટ થયેલ છે, તારા પપ્પા અહીં બેભાન જેવા થઈને પડેલ છે. જેથી હું તુરંત જ મારા ઘરેથી ખ્વાજા એપાર્ટમેન્ટ પાસે નિસબત પાને પહોંચેલ હતો. જયા ઘણા બધા માણસો ભેગા થયેલ હતા. તેમાં મારો મિત્ર સાહિલ ઉર્ફે ગુંદી તથા અબ્દુલભાઈ પાયક પણ હતા. મારા પિતા કંઈ બોલતા ન હતા. મને સાહિલ ઉર્ફે ગુંદીએ જણાવેલ કે રાત્રિના એક વાગ્યે તારા પપ્પા ઈકબાલભાઈ અહીં નિસબત પાનએ બેઠા હતા. ત્યારે દાનિશ અમીનભાઈ તથા તેની સાથે સુફિયાન હનીફભાઈ આરબ અને રિયાઝ ધસી આવેલ હતા. અહીં આવીને દાનિશ સીધો જ ગાળો બોલવા લાગેલ હતો. બાદ તેના હાથમાં રહેલ લોખંડના પાઈપનો એક ઘા તારા પિતાને છાતીમાં ડાબી બાજુ મારી દીધેલ હતો. દરમિયાન રિયાઝ અને સુફિયાનએ પણ વારાફરતી તારા પિતાને માર મારતા તેઓ જમીન પર પડી ગયેલ હતા. ત્યારબાદ ત્રણેય શખ્સોએ ભેગા મળી તારા પિતાને પગેથી પાટા તથા ઢીકા મારવા લાગેલ હતા. જેથી તારા પિતા બેભાન થઈ ગયેલ હતા.


મૃતક

બનાવને પગલે યુવાન તાત્કાલિક તેના પિતાને રિક્ષામાં સારવાર અર્થે પ્રથમ મધુરમ હોસ્પિટલ અને ત્યાંથી સિવિલ હોસ્પિટલ ખાતે લઈ ગયો હતો પરંતુ તબીબે યુવાનના પિતાને તપાસી મૃત જાહેર કરી દેતા બનાવ હત્યામાં પલટાયો હતો. વધુમાં યુવાને ફરિયાદમાં જણાવ્યું હતું કે, મે તપાસ કરતા જાણવા મળ્યું હતું કે, રાત્રિના એક વાગ્યે મારા પિતા તથા દાનિશ બંનેને ખ્વાજા ચોકમાં સામો જવાબ બાબતે બોલાચારીનો ઝઘડો થયેલ હતો જેનો ખાર રાખી હુમલો કરી પિતાને મોતને ઘાટ ઉતારી દીધા હતા.

સમગ્ર ઘટનાને પગલે મોડી રાત્રિના ક્રાઈમ બ્રાન્ચ ભકિતનગર અને એલસીબી સહિતનો કાફલો દોડી ગયો હતો અને ગુનો નોંધી આરોપીઓની શોધખોળ આદરી હતી.

### ધારાસભ્ય ટપુભાઈ લીંબાસીયાના વિજય સરઘસમાં ભાજપ કાર્યકરની હત્યામાં મૃતકની સંડોવણી

જંગલેશ્વરના ખ્વાજા ચોકમાં થયેલી ૫૬ વર્ષીય રીક્ષાચાલકની હત્યામાં એક નવો ખુલાસો થયો છે. ફક્ત સામે જોવા જેવી બાબતમાં ઈકબાલભાઈ ઉર્ફે જૂનાગઢીની લોખંડના પાઈપ ઝીંકી હત્યા નીપજાવી દેવામાં આવી છે.પ્રાપ્ત વિગત અનુસાર મૃતક વિરુદ્ધ પણ અગાઉ હત્યાનો ગુનો નોંધાઈ ચુક્યો છે. પોલીસ સૂત્રોમાંથી જાણવા મળેલી વિગતો મુજબ, મૃતક ઈકબાલ પણ હત્યા કેસનો આરોપી હતો. ૧૪ ડિસેમ્બર ૨૦૦૨ ને રવિવારના રોજ ભાજપના ધારાસભ્ય ટપુભાઈ લીંબાસીયાની જીત બાદ વિજય સરઘસ કાઢવામાં આવ્યું હતું. દરમિયાન મોડી સાંજે જંગલેશ્વર વિસ્તારમાં ભાજપના કાર્યકર રમેશ રૈયાણી પર ટોળાં સ્વરૂપે હુમલો કરવામાં આવ્યો હતો અને છરીના ઘા ઝીંકી નિર્મમ હત્યા કરવામાં આવી હતી. આ બનાવ બાદ કોમી તંગદિલીનો માહોલ થઈ ગયો હતો. કાયદો-વ્યવસ્થા જાળવવા માટે પોલીસનો મોટો કાફલો ખડકી દેવામાં આવ્યો હતો. આ ચકચારી હત્યા કેસમાં આરોપીઓમાં ઈકબાલ જુનાગઢી પણ શામેલ હતો. જયારે જયારે સામાપક્ષે હત્યા નીપજાવનાર ત્રણેય શખ્સો પણ ગુનાહિત ઈતિહાસ ધરાવતા હોવાનું પોલીસ સુત્રો જણાવી રહ્યા છે.

### ગુજસીટોકના ગુનામાં જામીનમુક્ત થયેલો શખ્સ પણ હત્યામાં સામેલ?: તપાસના ચક્રો ગતિમાન

જંગલેશ્વરમાં થયેલી હત્યાના ગુનામાં નામજોગ ગુનો નોંધી દાનિશ, સુફિયાન અને રિયાઝની શોધખોળ શરૂ કરી દેવામાં આવી છે. હવે સમગ્ર મામલે પોલીસ સુત્રોમાંથી પ્રાપ્ત વિગત અનુસાર હત્યામાં ત્રણ શખ્સો ઉપરાંત અન્ય આરોપીઓની સંડોવણી હોવાની પોલીસને શંકા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર વિદ્યાનગર મેઈન રોડ પર સરાજાહેર ફાયરિંગ કરનાર મુરઘા ગેંગના સાગરીતો સામે ગુજસીટોક એક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો. જે ગુનામાં સંડોવાયેલ અને તાજેતરમાં જ જામીનમુક્ત થયેલ શખ્સની સંડોવણીની આશંકાને પગલે પોલીસે આ શખ્સને ઉઠાવી પૂછપરછ શરૂ કરી છે.

## ઘટનાને પગલે ક્રાઈમ બ્રાન્ચ, એલસીબી, ભક્તિનગર પોલીસનો કાફલો દોડ્યો : ગુનો નોંધી ત્રિપુટીની શોધખોળ

# ગીરગઢડાના સણોસરી ગામે માતા-પિતા વચ્ચે સુતેલા બે વર્ષના બાળકને દિપડો ઉઠાવી ગયો

### વાડીમાંથી બાળકનો મૃતદેહ મળતા ભારે અરેરાટી

**અબતક, મનુ કવાડ, ગીરગઢડા**

ગીર ગઢડા તાલુકાના સણોસરી ગામે શુક્રવારની રાત્રે દિપડાના હુમલાની ગંભીર ઘટના સામે આવી છે. બાલુભાઈ ભગુભાઈની વાડી ખાતે ખેતમજૂરી માટે રોકાયેલા પરપ્રાંતીય પરિવારનું આશરે બે વર્ષનું બાળક રાત્રિના સમયે ધાબા પર માતા-પિતા વચ્ચે સૂતું હતું. દરમિયાન આશરે રાત્રે ૯ વાગ્યાના અરસામાં દિપડો ધાબા પર આવી બાળકને ઉઠાવી ગયો હોવાની ઘટના બની હતી.

ઘટનાની જાણ થતાં પરિવારજનો તેમજ આસપાસના લોકોમાં ભારે દોડધામ મચી ગઈ હતી. ઘટનાની જાણ તાત્કાલિક તંત્રને કરવામાં આવતા ૧૧૨, ૧૦૮ની ટીમ તેમજ વનવિભાગના કર્મચારીઓ ઘટનાસ્થળે દોડી ગયા હતા. ગામલોકો અને વનવિભાગની ટીમે આસપાસના વિસ્તારમાં શોધખોળ શરૂ કરી હતી.

લાંબી શોધખોળ અને ભારે જહેમત બાદ બાળકનો મૃતદેહ નજીકની એક વાડીમાં જુવારના પાકમાંથી મળી આવ્યો હતો. બાળકનો મૃતદેહ મળી આવતા પરિવારજનો પર આભ તૂટી પડ્યું હતું.

મળતી માહિતી મુજબ, મૃતક બાળકના માતા-પિતા સહિત પરિવાર આશરે બે મહિનાથી સણોસરી વિસ્તારમાં ખેતમજૂરી માટે આવ્યો હતો અને પોતાના સંતાનો સાથે વાડી વિસ્તારમાં રહેતો હતો. રોજીરોટી માટે આવેલા પરિવાર પર અચાનક આવી પડેલી આ દુર્ઘટનાથી સમગ્ર વિસ્તાર શોકમાં ગરકાવ થયો છે.

બાળકના માતાના કરુણ આક્રંદના દ્રશ્યથી ઘટનાસ્થળે હાજર ગ્રામજનો પણ બે ઘડી સ્તબ્ધ બની ગયા હતા. નાનકડા બાળકને ગુમાવવાના આ દુઃખદ બનાવથી સણોસરી ગામ સહિત સમગ્ર ગીર ગઢડા પંથકમાં અરેરાટી ફેલાઈ છે.

હાલ બાળકનો મૃતદેહ ગીર ગઢડા સરકારી હોસ્પિટલ ખાતે પોસ્ટમોર્ટમ માટે ખસેડવામાં આવ્યો છે. વનવિભાગ દ્વારા ઘટનાની તપાસ હાથ ધરવામાં આવી છે તેમજ વિસ્તારમાં

(અનુ. આઠમા પાને)

# ભાદરવામાં સુર્યનારાયણ લાલચોળ પારો ૩૮.૬ ડિગ્રીએ આંબ્યો

### ભુજ, ડિસા, અમદાવાદ, વડોદરા, રાજકોટ અને સુરેન્દ્રનગરમાં તાપમાન ૩૭ ડિગ્રીથી વધુ

**અબતક, રાજકોટ**

ભાદરવા માસમાં ઉનાળા જેવા આકરા તડકા પડી રહ્યા છે. સવારના સમયે ગુલાબી ઠંડીનો અહેસાસ થઈ રહ્યો છે. જ્યારે બપોરના સમયે ઉંચા તાપમાનના કારણે બેવડી સિઝનનો અનુભવ થઈ રહ્યો છે. બેવડી સિઝનના કારણે રોગચાળો પણ વકર્યો છે. દવાખાનાઓ દર્દીઓથી ઉભરાય રહ્યા છે. ઘરે-ઘરે માંદગીના ખાટલા પડ્યા છે. રાજ્યના છ શહેરોમાં તાપમાન ૩૭ ડિગ્રીથી પણ વધુ નોંધાયું હતું. આગામી ૨૪ થી ૪૮ કલાકમાં ચોમાસાની સિઝન સત્તાવાર વિદાય લઈ લેશે તેવું પણ માનવામાં આવી રહ્યું છે. હજી એકાદ મહિના સુધી બેવડી સિઝનનો અનુભવ થશે ત્યારબાદ શિયાળાની સિઝનનો આરંભ થશે. ભુજ અને ડિસા ૩૮.૬ ડિગ્રી સાથે રાજ્યના સૌથી ગરમ શહેર રહ્યા હતા.

હવામાન વિભાગના સુત્રોના જણાવ્યાનુસાર ગઈકાલે શુક્રવારે અમદાવાદનું તાપમાન ૩૭ ડિગ્રી, ડિસાનું તાપમાન ૩૮.૬ ડિગ્રી, ગાંધીનગરનું તાપમાન ૩૬.૫ ડિગ્રી, વડોદરાનું તાપમાન ૩૭.૨ ડિગ્રી, સુરતનું તાપમાન ૩૬.૮ ડિગ્રી, દમણનું તાપમાન ૩૫.૮ ડિગ્રી, કચ્છના ભુજનું તાપમાન ૩૮.૬ ડિગ્રી, નલીયાનું તાપમાન ૩૭.૫ ડિગ્રી, કંડલા પોર્ટ પરનું તાપમાન ૩૭.૫ ડિગ્રી, કંડલા એરપોર્ટ પરનું તાપમાન ૩૭.૪ ડિગ્રી, અમરેલીનું તાપમાન ૩૬.૧ ડિગ્રી, ભાવનગરનું તાપમાન ૩૬.૨ ડિગ્રી, દ્વારકાનું તાપમાન ૩૧.૩ ડિગ્રી, ઓખાનું તાપમાન ૩૨.૧ ડિગ્રી, પોરબંદરનું તાપમાન ૩૬.૬ ડિગ્રી, વેરાવળનું તાપમાન ૩૬.૨ ડિગ્રી, દિવનું તાપમાન ૩૫.૮ ડિગ્રી, સુરેન્દ્રનગરનું તાપમાન ૩૭.૮ ડિગ્રી અને કેશોદનું તાપમાન ૩૬.૫ ડિગ્રી નોંધાયું છે. ભાદરવા માસમાં

(અનુ. આઠમા પાને)

# લીંબડી નજીક કાર-બાઈક વચ્ચે ગંભીર અકસ્માતમાં બે યુવાનના મોત

## વડોદના પરેશ વાઘરોડીયા અને અનિલ વાઘરોડીયા બાઈક પર જતા હતા ત્યારે કાર સાથે ટક્કર, ગંભીર ઈજાથી સ્થળ પર જ મોત

**અબતક, રાજકોટ**

લીંબડી-રાજકોટ હાઈવે પર વડોદ ગામ નજીક કાર અને બાઈક વચ્ચે ગંભીર અકસ્માત સર્જાયો જેમા વડોદ ગામના બાઈક સવાર પરેશ રણછોડભાઈ વાઘરોડીયા અને અનિલ રાજુભાઈ વાઘરોડીયાના ઘટના સ્થળે જ મોત થયા. ઘટનાને પગલે લોકોના ટોળા ઉમટ્યા અને ટ્રાફિક જામ થયો હતો. પોલીસે સ્થળ પર પહોંચી ટ્રાફિક હળવો કરી મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખસેડવાની કાર્યવાહી હાથ ધરી હતી. લીંબડી-રાજકોટ હાઈવે પર વડોદ ગામ નજીક કાર અને બાઈક વચ્ચે ગંભીર અકસ્માત સર્જાયો. કાર અને બાઈક વચ્ચે થયેલા અકસ્માતમાં બાઈક પર સવાર બે યુવકોને ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માતમાં બાઈક સવાર પરેશ રણછોડભાઈ વાઘરોડીયા અને અનિલ રાજુભાઈ વાઘરોડીયાના ઘટના સ્થળે જ મોત થયા. ઘટનાને પગલે લોકોના ટોળા ઉમટ્યા અને ટ્રાફિક જામ થયો હતો. પોલીસે સ્થળ પર પહોંચી ટ્રાફિક હળવો કરી મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખસેડવાની કાર્યવાહી હાથ ધરી હતી.ઘટનાને પગલે લોકોના ટોળા ઉમટ્યા અને ટ્રાફિક જામ થયો હતો. અકસ્મતમાં જીવ ગુમાવનારા બંને યુવકો વડોદ ગામના રહેવાસી હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે. મૃતકોની ઓળખ પરેશ રણછોડભાઈ વાઘરોડિયા અને અનિલ રાજુભાઈ વાઘરોડિયાછે. આ ઘટનાને પગલે બંને પરિવારોમાં શોકનો માહોલ છવાયો છે.પોલીસે જરૂરી કાર્યવાહી હાથ ધરી ટ્રાફિકને હળવો કરવાની કામગીરી કરી હતી. સાથે જ બંને મૃતદેહનો કબજો મેળવી પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખસેડવાની તજવીજ હાથ ધરવામાં આવી હતી. અકસ્માત કેવી રીતે સર્જાયો અને તેમાં કારચાલકની ભૂમિકા અંગે પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે.



### જવેરીમલ બિશ્નોઈના આપઘાત પ્રકરણમાં નવાજૂનીના એંધાણ

# રાજકોટમાં ડીજીએફટીના જોઈન્ટ ડિરેક્ટરના કસ્ટોડીયલ ડેથ પ્રકરણમાં ગુનો નોંધાશે

## વર્ષ ૨૦૨૩ માં સીબીઆઈએ દરોડો પાડી જવેરીમલને પાંચ લાખની લાંચ લેતા રંગે હાથ ઝડપી લીધા'તાઃ કેન્દ્રીય એજન્સીની કસ્ટડીમાં જ અધિકારીએ ચોથા માળેથી મોતની છલાંગ લગાવી'તી

**અબતક, રાજકોટ**

રાજકોટના જોઈન્ટ ડાયરેક્ટર જનરલ ઓફ ફોરેન ટ્રેડ (ડીજીએફટી) જવરીમલ બિશ્નોઈના કસ્ટોડિયલ ડેથ પ્રકરણમાં હાઈકોર્ટ દ્વારા તાત્કાલિક ગુનો નોંધવા આદેશના ઘોડા છૂટ્યા છે. સીબીઆઈના દરોડા દરમિયાન જોઈન્ટ ડાયરેક્ટરે ડીજીએફટી કચેરીના ચોથા માળેથી કથિત રીતે મોતની છલાંગ લગાવી હતી. જે મામલે કસ્ટોડીયલ ડેથ પ્રકરણમાં હાઈકોર્ટએ ગુનો નોંધવાના આદેશ સાથે સીઆઈડી ક્રાઈમના વડાને તપાસ સોંપી છે.



સમગ્ર બનાવની વિગતો પર નજર કરવામાં આવે તો તા.૨૪ માર્ચ, ૨૦૨૩ ના રોજ સીબીઆઈની ટીમે રાજકોટની ડીજીએફટી કચેરીમાં લાંચનું છટકુ ગોઠવ્યું હતું અને જવેરીમલને રૂ. ૫ લાખની લાંચ લેતા રંગે હાથ ઝડપી લેવામાં આવ્યા હતા. સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (સીબીઆઈ) દ્વારા જવેરીમલ બિશ્નોઈને એક નિકાસકાર પાસેથી રૂ.૫૦ લાખની બેંક ગેરંટી રિલીઝ કરવા માટે એનઓસી આપવાના બદલામાં પાંચ લાખની લાંચ લેતા ઝડપી પાડવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે, જવેરીમલ દ્વારા કુલ નવ લાખની લાંચ મંગાવામાં આવી હોવાનો આક્ષેપ હતો.

૨૪ માર્ચ, ૨૦૨૩ના રોજ સીબીઆઈની ટીમે છટકું ગોઠવી બિશ્નોઈને પકડી પાડવામાં આવ્યા હતા. ત્યારબાદ 'પ્રિવેન્શન ઓફ કરપ્શન એક્ટ' હેઠળ એફઆઈઆર નોંધવામાં આવી હતી. સીબીઆઈની અન્ય એક ટીમે તેમના નિવાસસ્થાન પર દરોડો પાડ્યો હતો અને છટકા બાદની કાર્યવાહી બીજા દિવસની સવાર સુધી ચાલી હતી.

દરમિયાન સીબીઆઈની કસ્ટડીમાં રહેલા જવેરીમલએ કથિત રીતે ડીજીએફટી કચેરીના ચોથા માળેથી કૂદીને આપઘાત કરી લીધો હતો. જેના લીધે ૨૫ માર્ચ, ૨૦૨૩ના રોજ જવેરીમલનું મૃત્યુ થયું હતું. તેમનાં પત્નીએ આક્ષેપ કર્યો હતો કે, સીબીઆઈના અધિકારીઓએ ૧૯ કલાક સુધી તેમને હેરાન કરી ત્રાસ આપ્યો હતો. તેમણે રેડ કરનારી ટીમ સામે હત્યાનો ગુનો દાખલ

(અનુ. આઠમા પાને)

## રાજકોટ પોલીસની તપાસના આધારે મેજિસ્ટ્રેટ દ્વારા સીબીઆઈને ક્લિનચિટ આપી દેવાઈ'તીઃ ૧૯ કલાકની ગેરકાયદે કસ્ટડીમાં બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન દ્વારા અસહ્ય ત્રાસ અપાયાની દલીલના આધારે હાઈકોર્ટનો ગુનો નોંધવા આદેશ


